અનંગ મોહિની.

બંગાળી કાદંબરીનું ગુજરાતી ભાષાંતર.

લેખક-વિશ્વનાથ દામોદર ઠક્કર-અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

બુકસેલર-દલાલ જેઠાલાલ વાડીલાલ.

ઠે. સારંગપુર તળીઆની પોળ-અમદાવાદ.

દોહરો.

કાદંબરી ઉત્તમ અતી, ખુબ ગુણનો દેનાર;
અત્યુત્તમ રસ ઉપજે, પ્રેમે વાંચો નરનાર.

આવૃત્તી ૧ લી   સંવત ૧૯૬૨   પ્રત ૧૦૦૦

અમદાવાદ-પીરમશાના રોજા પાસે શ્રી સત્યસાગર
પ્રિન્ટીંગ પ્રેસમાં પોપટભાઈ ચકુભાઈએ છાપી.

મુલ્ય બાર આના.

અનંગ મોહિની.

બંગાળી કાદંબરીનું ગુજરાતી ભાષાંતર.

લેખક-વિશ્વનાથ દેઉસ્કર.

પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર-જેઠાલાલ વાડીલાલ દલાલ.

ઠે. સારંગપુર તળીયાની પોળ-અમદાવાદ.

દોહરો.

કાદંબરી ઉત્તમ અતી, શુભ ગુણને દેનાર;
અત્યુત્તમ રસ ઉપજે, પ્રિતે ગ્રહો નરનાર.

આવૃતી ૧ લી   સને ૧૯૧૧   પ્રત ૧૦૦૦

અમદાવાદમાં-પીરમશાના રોજા પાસે શ્રી સત્ય સાગર
પ્રિન્ટીંગ પ્રેસમાં પોચાભાઈ ચકુભાઈએ છાપી.

—મુલ્ય બાર આના



બુકસેલર જેઠાલાલ વાડીલાલ દલાલ.

પ્રસ્તાવના

મરાઠી ભાષામાં મ્હારા રસિક મીત્ર વર્ય શ્રીયુત 'કૃષ્ણાનુજ કાલેકર ' એમણે અનંગ મોહિની નામની કાદંબરી એક બંગાળી પુસ્તકના આધારથી લખી છે તે કાદંબરીમાંનો રમણીય કથા ભાગ, નાના પ્રકારના મનુષ્ય સ્વભાવનાં વર્ણન અને તેમાંના હૃદયદ્રાયક પ્રસંગ વાંચી મ્હારૂં મન તે તરફ વેધાઈ ગયુ અને મને આ પુસ્તકના વાચનથી થયેલા આનંદનો ભાગ આપણા ગુર્જર દેશસ્થ બાંધવ ગણને કરી આપવાથી તે મ્હારા બંધુઓને પસંત પડશે એમ મ્હારા મનને લાગ્યુ. મહા કવી કાળીદાસે કહ્યું છે કે

मानवे मानसं गूढं दाहन्ति शरिरैर्नितं
यदर्थे प्रगटीकृत्वा हरन्तीदग्ध मानसे ॥ १ ॥

એજ ન્યાયથી મરાઠી ભાષાની અનંગ મોહિનીની પ્રતિકૃતિ યથાશકિત ગુજરાતી ભાષામાં ઉતારવાનો આ પ્રયત્ન કર્યો છે.

ગુજરાતી ભાષામાં પુસ્તક લખવાનો આ મ્હારો પ્રથમ પ્રયત્ન હોવાથી તેમાં કવચિત દોષ સ્થળ હશે પરંતુ તે તરફ લક્ષ ન દેતાં રસિક વાચકે એમાંના ગુણ તરફ લક્ષ આંપવા સવિનય વિનંતિ છે કારણ

हंस क्षीर विवेके, हंसालस्यं त्वमेव तनुषेच्चेत्
विश्वस्मिन्य बुधान्यां कुलव्रतं पाळ यिष्यति कः ॥ २ ॥

દુધ અને પાણી જુદાં જુદાં કરી તેમાંનું દુધ તેટલું ગ્રહણ કરવાનો હંસનો જે ધર્મ તેની અંદર તેણે આળસ કરેથી તેનું કુળવૃત બીજું કોણ પાળશે ?

આ મ્હારા પ્રયત્નને રસિક વાચક વૃંદ તરફથી સારૂં ઉત્તેજન તથા આશ્રય મળેથી આગલા વર્ષે ગુર્જર ભાષાની આ કરતાં અધિક સેવા કરવાને ઉત્સાહ થશે.

कविः करोति पद्याणि लालत्युत्तमो जनः
तरु प्रसूते पुष्पाणि मरु द्वहति सौरभम् ॥ १ ॥

સજ્જનનો નમ્ર સેવક વિ૰ દા૰ દે ઉસ્કર

અનુક્રમણિકા.

પ્રકરણ—૧ લુ વિયોગ

પ્રકરણ ૨ જુ ગમન

પ્રકરણ—૩ જુ યોગીવર ગોવર્ધન ઘોષાલ

પ્રકરણ ૪ થુ ગોગીશ્વરનું સત્ય સ્વરૂપ

પ્રકરણ—૫ મુ નીલાંબરનો હૃદય ભેદ

પ્રકરણ—૬ હુ અશોકપુરમાં

પ્રકરણ—૭ મુ દુઃખ વાર્તાનો પરિસ્ફોટ

પ્રકરણ—૮ મુ વીજય વલ્લભ દત્ત

પ્રકરણ....૯ મુ મૃત્યુ વાર્તાનો સંદેહ

પ્રકરણ...૧૦ મુ લગ્ન ઠર્યું

પ્રકરણ....૧૧ મુ કલકત્તેથી તાર આવ્યો

પ્રકરણ....૧૨ મુ પુર્ણપણે જાળામાં ફસાયો

પ્રકરણ...૧૩ મુ વિનોદ

પ્રકરણ...૧૪ મુ અનંગ મોહીની અને સુમતી

પ્રકરણ....૧૫ મુ સુમતીનો કૃપાળ મોક્ષ

પ્રકરણ...૧૬ મુ હવે આની પણ વ્યવસ્થા કરવી જોઇએ

પ્રકરણ...૧૭ મુ રંગ બદલાયો

પ્રકરણ...૧૮ મુ ગુઢ ઉકેલાયું

પ્રકરણ...૧૯ મુ પ્રયાણ

પ્રકરણ....૨૦ મુ ગંગા નદીના કીનારાપર

પ્રકરણ....૨૧ મુ સુવકનું સ્વપ્ન

પ્રકરણ....૨૨ મુ નીલાંબર અને વિનોદ

પ્રકરણ....૨૩ મુ પુનર્મિલન

પ્રકરણ....૨૪ મુ વિનય કૃષ્ણની મુક્તતા

પ્રકરણ....૨૫ મુ ચોકશી

પ્રકરણ....૨૬ મુ કથાનકની પરિ સમાપ્તિ

श्री

અનંગમોહિની.

પ્રકરણ ૧ લું.

श्लोकः

आशामां छे दिवस दश आ गाळवा मात्र म्हारे
त्होये शंका मम हृदयमां कांइनी कांइ आवे
प्रीतीवाळुं विकळ दिल आ विघ्न कल्पे (कल्पापि) हजारो

વિયોગ.

બંગાલ પ્રાંતમાં સુપ્રસિધ્ધ કલકત્તા શહેરથી ઘણે છેટે અશોકપુર નામનું નગર હતું. તેની પશ્ચિમ બાજુ ત્રિસ્ત્રોતા નદી વહેતી હતી. શુક્લ પક્ષની દશમીનો દિવસ હતો; ચંદ્રનો અસ્ત થતો હતો, અને આકાશસ્થ તારકાગણ ચંદ્રના પુનર ગમનની જાણે આતુરતાથી વાટ જોતા હોય તેમ ચળકી રહ્યા હતા. પરોઢનો મંદ મંદ શીતળવાયુ વાતો હતો.

આ વખતે ત્રિસ્ત્રોતા નદીમાં કીનારા પાસે એક નૌકા તરતી હતી. તે નૌકા નાંગર નાંખી સ્થિર કર્યાથી અદ્યાપ સુધી એકજ જગ્યાપર હતી. જો તેમ નહિ કર્યું હોત તો ત્રિસ્ત્રોતા નદિના વેગવાન પ્રવાહમાં તે ક્યાંને ક્યાં વહી ગઇ હોત. આ અફાટ જગત્સાગરમાં પણ કેટલીક આયુ-

ષ્ય નૌકા યોગ્ય રીતે નાંગર ન કરવાને લીધે ચગડાળે ચઢી આખરે ખરાબે અથડાઈ છિન્ન વિચ્છીન્ન થઈ તળીએ જઈ બેસે છે.

નદી કીનારા પાસે એક અલ્પ વયની તરૂણી એક તરૂણના ખભા ઉપર પ્રેમથી હાથ મુકી ધીરે ધીરે ચાલતી હતી. તે તરૂણીના આછા પણ સુંદર વાળ ત્રિસ્ત્રોતાપર પડનારા મોજાંથી શીત થએલા વસંત વાયુથી તેના પ્રશસ્ત કપાળ ઉપર અત્યાવ્યસ્થ ઉડતા હતા. તેણે એકવાર નદિના પ્રવાહ તરફ નજર ફેંકી અને તે તરૂણને ઉદ્દેશીને બોલી, "ત્યારે હું હોઈને ન હોઉં સરખીજ કહેવાની ?"

તરૂણ કીંચિત હાસ્ય કરી બોલ્યો, "નહિ, નહિ, તું તો મારી પરમ પ્રીય ગૃહિણી છે, મ્હારા જીવનની સહચારણી છે ?"

રમણી બોલી, "ત્યારે પછી સાથેજ આવવાની મને તમારી રજા શા માટે મળવી ન જોઇએ ?"

તરૂણ બોલ્યો, "મેં તને કેટલીવાર કહ્યું કે તું આઠ મહિના સુધી થોભ; ફક્ત આઠજ મહિનાની અવધિ, કે પછી તારી ઇચ્છા પ્રમાણે બધુ થશે ? હજુ આઠ મહિના મારે પરાધિન રહેવું પડશે, એ તું ભુલીશ નહીં."

"જો તમેજ થઇને પરાધિન રહેવાની ઇચ્છા રાખોછો તો પછી બીજા શું કરી શકવાના છે ? તમે હવે કાંઇ ન્હાનાં છોકરાં નથી કે ગોવર્ધન ઘોષાલે આપના ઉપર જો ઇએ તેમ હુકમ ચલાવવા ? એક સમજો હું જો ત્હમારી સાથે હમણાજ કલકત્તે આવું તો તે શું કરી શકવાના છે ? તમો એકલાએજ કલકત્તે જવું અને મારે પોતે હ્યાંજ રહેવું, એવોજ જો ગોવર્ધનનો નિશ્ચય પુર્વક હટ હોય તો માત્ર મને ઘણું દુઃખ થશે ?"

"ગાંડી અરે ગાંડી ? હું તને શું કહૂંછું તે તને બીલકુલ સમજાયું નથી ? હમણા ગોવર્ધન ઘોષાલની આ

જ્ઞામાં રહી. તે કહેશે તે પ્રમાણે આચરણ રાખવા, ધર્મની દ્રષ્ટિએ અને લોકની દ્રષ્ટિએ, મારૂં કર્તવ્ય કર્મ છે; વડિલે પોતાના મૃત્યુ પત્રમાં લખ્યું છે કે, મ્હારી ઉમર વીસ વરસની થતાં સુધી મારે ગોવર્ધનના તાબામાં રહેવું, અને તે પ્રમાણે જો હું નહિ વર્તીશ તો એક પિતાની આજ્ઞા ઉલ્લંઘન કર્યાનું પાતક લાગશે અને તેથી બીજા ઘણા ગેર લાભ છે ? "

" પણ તેઓએ કાંઇ તેમાં થોડુંજ લખ્યું છે કે તમારે એકલાએજ મને હ્યાં મુકી કલકતે રહેવું ? "

તરૂણે તે તરૂણીનો કોમલ હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો, " તેવું કાંઇ વડિલે તેમાં લખ્યું નથી. પરંતુ આજ સુધીની ગોવર્ધનની વર્તણુક જોતાં, તે બોલ્યા પ્રમાણે કરવાને માટે કદી પણ ચુકશે નહિ. એનો પ્રત્યક્ષ ખુલ્લુજ દેખાય છે. તેથી મ્હારૂં કહેવું છે કે તેમની મરજી વિરૂધ્ધ વર્તી થોડા માટે શું કરવા બગાડ કરી લેવો ? હવે ફક્ત આઠ મહિના પછી મારી વીસ વરસની ઉમ્મર પુર્ણ થશે, પછી આગળ આપણે સ્વતંત્ર છીએજ ?"

" આઠ મહિના એટલે તમોને તો કાંઇ હિસાબમાં હોય એમ લાગતુંજ નથી. પરંતુ મને તો તે આઠ વર્ષ સમાન ભાસશે; એ તમો ક્યાં જાણોછો ? તે પણ કાંઇ વિશેષ નથી એમ સ્હમજો, હું આઠ વર્ષ સુધ્ધાં તેવી રીતે રહીશ; પરંતુ આ તરફ આપનું આવવું વહેલું થશે એ પણ શા ઉપરથી સ્હમજવું ? તેમાંથી ફક્ત આઠજ મહિના જો ત્યાં રહેવાનું છે, તો પછી આટલી ઉતાવળ કરી હમણાંજ જવાની શું જરૂર છે ?

" હજુ સુધી મારો વિશ્વાસ તને પડતો નથીજ કેમ ? વડિલના મૃત્યુ પત્રમાં લખ્યા પ્રમાણે વીસ વરસ સુધી મારે ગોવર્ધનની આજ્ઞામાં રહેવુંજ જોઇએ. અને તેમના વિરૂધ્ધ આચરણ કર્યાથી અધર્મ થયો એમ નહિ કહેવાય

કે ? તું સમજુ છે; મારે હવે તને વધારે શું કહેવું ?

આ ઉપર રમણી ભ્રકુટી વક્ર કરી કંચિત રોષથી બોલી, "હા ? હું સમજુજ છું તો ? ઠીક, ર ય ર ન ક્કી કહો વારૂ; હું સાથે આવું કે નહિ ? :"

"આમ વારૂ શું કરે છે ? આ વખતે તું મ્હારૂં સાંભળ, હાલતો હું એકલોજ જાઉંછું; વચમાં બે મહિના પછી ખાસ તને મળવા સારૂ આવીશ, બસ ! પછી કાંઈ?"

એ સાંભળી રમણી ક્રુદ્ધ થઈ અને તરૂણે પોતાનો પકડેલો હાત રીસથી છોડાવી, "ઠીક છે; ખુશીથી જાઓ ? એટલું બોલી તે ત્યાંથી એકદમ ચાલી ગઈ. ત્યાંથી થોડા અંતર ઉપર તેની પરિચારિકા ઉભી હતી. તેણે તેને કેટલાક પ્રશ્નો કર્યા પણ તેને એક પણ જવાબ નહિ આપતાં રમણીએ પાસે આવેલા પોતાના ઘરમાં પ્રવેશ કર્યો !

તરૂણ ઉદાસ વૃત્તિથી રમણી સ્હામે જોતોજ રહ્યો, તેને મનમાં ઘણુંજ લાગી આવ્યું. તે તરૂણી ઘરમાં ગયા પછી કેટલોક વખત વિત્યાબાદ તે એક દિર્ઘ નિઃશ્વાસ નાંખી નદી કાંઠે આવેલી નૌકા તરફ ધીમે ધીમે ચાલવા લાગ્યો.

ઉપર દર્શાવેલા યુવક યુવતી જે ઠેકાણે ઊભાં હતાં, ત્યાંથી નજદીક કીનારા ઉપર એક વિષ્ણુ મંદિર હતું. તે વખતે ત્યાં એક વૃદ્ધ બેઠેલો હતો; અરસપરસ સંભાષણ શરૂ થતાંચ તે મંદિરમાંથી બહાર આવ્યો. અને બહાર ભીંતને ટેકી ઓટલા ઉપર બેસી લક્ષ પુર્વક સાંભળવા લાગ્યો. તે બંન્ને પૈકી એકનું પણ તેની તરફ લક્ષ ગયું નહિ. પરંતુ તે વૃધ્ધે તેમની અથથી માંડીને ઇતિ સુધીની સર્વ વાત સાંભળી અને પછી તે ઉઠીને અંદર ગયો.

પ્રકરણ ૨ જું.

ગમન.

અશોકપુરના માજી જમીનદાર બાબુ ઘનશ્યામ બોસ, એ ત્રણ વર્ષ પહેલાં આ લોકનો ત્યાગ કરી દેવલોક થયા હતા. તેમના મરણ પહેલાં તેમને કેટલાક દિવસ પત્નિ વિયોગ થયો હતો.

તેમની પાછળ તેમને બે પુત્ર હતા, તે પૈકી જ્યેષ્ઠ પુત્ર નીલાંબરનોને તમારો હમણાંજ પરિચય થયેલો છે. કનિષ્ઠ પુત્ર વિનોદલાલની ઉમ્મર ફકત દસ વર્ષની હતી. તે અશોકપુરમાં પોતાના પિતાએ સ્થાપન કરેલી પાઠશાળામાં અંગ્રેજી તથા સંસ્કૃત અભ્યાસ કરતો હતો. નિલાંબર કલકતાની યુનિવર્સીટીમાં સંસ્કૃતનો અભ્યાસ પુર્ણ કરી વિદ્યાલયની પદવી મેળવી હમણાંજ અશોકપુરીમાં ઘેર આવ્યો હતો. બાબુ ઘનશ્યામ બોસે કરેલા મૃત્યુ પત્રમાં, જ્યેષ્ઠ પુત્ર વીસ વરસની ઉમરનો થતાં સુધી પોતાની બધી મીલકતનો તથા ઇસ્ટેટનો વ્યવસ્થાપક અને બંન્ને પુત્રનો પ્રતિ પાલક તેનો પોતાનો કારભારી ગોવર્ધન ઘોષાલ જોઇએ એમ હતું. હવે ફકત આઠ મહિના પછી તે મુદત પુરી થતી હતી. અશોકપુરમાં આવ્યા પછી નીલાંબરના સાંભળવામાં એમ આવ્યું કે ગોવર્ધનના મનમાં પોતે અહિં નહિં રહેતાં આઠ મહીના કલકતે રહેવું. એ વાત ત્હેના કાને પડતાંજ તે વિસ્મિત થયો, અને આટલા બધા દિવસે ઘેર આવ્યો છતાં આપણને પાછુ જલદી જવું પડશે એ જાણી તેને મનમાં ઘણું ખોટું લાગ્યું, પરંતુ તેણે ગોવર્ધનને પોતાની મનોવૃત્તિ

બીલકુલ દેખાડી નહિ. પોતાના પિતાએ પોતાની પાછળ જેને વિશ્વાસથી પોતાની સંતતીનો અને સંપત્તિનો પ્રતિપાલક અને વ્યવસ્થાપક નિમ્યો હતો, તેની કોઇ પણ કારણસર આજ્ઞા ઉલ્લંઘન કરવી, એ પોતાન પતાની આજ્ઞા તોડયા બરાબર છે, એમ નિલાંબર બાબુ સમજતો હતો. આગળ તે શુમારે બે અઠવાડીઆં સુધી તે ત્યાં રહયો અને પછી તેણે કલકત્તે જવાની તૈયારી કરી.

પાછલા પ્રકરણમાં કીધા પ્રમાણે નીલાંબરની ભાર્યા અનંગ મોહિની પોતાના ઘરમાં ગયા પછી, પોતાની દાસીને ગોવર્ધન પાસે મોકલી પતિની સાથે કલકતે જવાની પરવાનગી માગી. પરંતુ આ વખતે, કોણ જાણે શા કારણને લીધે, તેણે તેને જવા માટે અસંમતિ દેખાડી. નિલાંબરે તેની ઘણી પ્રકારે સમજુત કરી અને તે કલકત્તે જવા સિદ્ધ થયો. તેને સારૂ નૌકા તૈયારજ હતી. નૌકા પાસે આવી તેણે એક નોકાના માણસને પુછયું. “ કાંરે, નાયબ મહાશય કયાં છે ? મારા જવાના પહેલાં હું આ ઠેકાણા ઉપર મળીશ એમ તે બોલ્યા હતા. હજુ સુધિ કેમ આવ્યા નહિ ? ”

નૌકાના માણસે કહ્યું. જ્યારે અમે તેમને જોયા ત્યારે તે ધ્યાનસ્થ થઈ બેઠા હતા.

નીલાંબર બોલ્યો. “ ત્યારે હવે તેમની સમાધિ ઉતરી હશે. નહિ વારૂ ? તું ત્યાં જઇ તેમને મ્હારો એટલો સંદેશો કહી આવ, કે મ્હારી નૌકા જવાને સિદ્ધ થઇ છે, અને હું ફકત આપની દર્શનની અપેક્ષા માટે ખોટી થાઉંછું.

એટલામાં થોડી વારમાજ ગોવર્ધન ઘોશાલ તે જગ્યાએ આવી હાજર થયા. આ સમય પરોઢનો હતો તથા થોડું થોડું દેખાતું હતું. પરંતુ ગોવર્ધન મહાશયના લલાટ વચ્ચે શુભ્રચંદનની ત્રિપુંડ જણાતી હતી. તેમના મસ્તક ઉપર તાલ પડી હતી. પરંતુ માથાની પાછળ.

થોડી ચોટલી હતી તેને એક બારીક ગાંઠ મારી હતી. તેના બગલમાં વિષ્ણુ સહસ્ર નામાવલી નામની ચોપડી હતી. શિવાય તેના દંત વિહિન મુખમાંથી રામ નામના ઉચ્ચાર નીકળતા હતા. આ સર્વ વાત ઉપરથી તેની પરમેશ ભક્તિ સ્હેજ રીતે વ્યકત થતી હતી. આ વખતે તેની બારીક ચણોઠી જેવી લાલ આંખો આંસુથી ભરી આવેલી દેખાતી હતી.

ગોવર્ધન પાસે આવતાંજ નીલાંબરે તેને નમસ્કાર કર્યો અને બોલ્યો, મહાશય મને હવે જવા માટે રજા આપશો. બધી રીતની તૈયારી થઇ છે.”

ગોવર્ધન સાશ્રૂનયનથી બોલ્યો, “ચિરંજીવ ભવ, વત્સ; ઘણે દહાડે તું પોતાને ઘેર પાછો આવ્યો હતો, એમ છતાં પુનઃ તાબડતોબ આટલે બધે દુર તને મોકલવું પડે છે. એ કારણને લીધે મારૂં અંતઃકરણ એટલું બધું વ્યાકુળ થઈ ગયું છે કે તે હવે કાંઇ કહી શકાતું નથી? પરંતુ-માયા! માયા હે? શ્રી કૃષ્ણ ભગવાન, તારો મહિમા અગાધ છે? તું આવ્યો નહિ એટલામાં તો તને મારી આજ્ઞાથી કલકત્તે પાછું જવું પડે છે. તેથી મનમાં તું મ્હારા ઉપર ઘણો ગુસ્સે થયો હશે, પરંતુ તેનું કારણ તને સ્હમજાયા પછી મેં જે કર્યું તે તારા હિતને માટે કર્યું, એમ સહજ તારી ધ્યાનમાં આવશે.”

આ ઉપર નીલાંબરે ઉત્તર દિધો, “અરે નહિ, નહિ મહાશય આપ તેવી રીતે મનમાં બીલકુલ ખોટું લગાડી લેશો નહિ, આપ જે કાંઈ કરશો તે સર્વ મ્હારા હિતને માટેજ કરશો એવી મ્હારી પૂર્ણ ખાત્રી છે.”

ગોવર્ધન હસીને બોલ્યો, “તારા જેવા વિદ્વાન અને સુશીલને શોભે એવુંજ તારૂં વર્તન છે, એ જોઇ મને ઘણો આનંદ થાય છે. તમારા સ્વર્ગવાસી પીતાએ મરણ સમયે તમને બંન્નેને મારે સ્વાધિન કર્યા અને ત્હમારી આટલી

મોટી અફાટ અતુલ સંપત્તી મ્હારા જેવા સામાન્ય માણુસના હાથમાં આપી, એ ઉપરથી તેમનો મ્હારા પ્રતિ કેટલો વિશ્વાસ હતો તે સ્પષ્ટ દેખાય છે ? આજ સુધી મ્હેં તે સંપત્તિનો કેવી રીતે વિનિયોગ કર્યો અને તમને કેવી રીતે વર્તાવ્યા તે દેખીતી રીતે ખુલ્લુજ છે. આજ પર્યંત મ્હારો જેની જેની સાથે પરિચય થયો છે; તે પૈકી કોઈ પણ કહી શકશે કે હું કયા પ્રકારનો માણુસ છું. હું સંસાર ત્યાગી, દૈવરાગીછું. ત્હમારા પિતાએ મૃત્યુ વખતે સર્વભાર મારા ઉપર નાંખ્યો, તેથીજ હું આજ સુધી આ સંસારને વળગી રહ્યોછું; પરંતુ હવે કાંઈ ઘણા દિવસ રહ્યા નથી. ફક્ત આઠ મહિના પછી તે મુદ્દત સંપુર્ણ થાય છે. આગળ આ ત્હારી અફાટ સંપતિની વ્યવસ્થા ત્હારેજ કરવી જોઈએ. ત્હેં ત્હારા હાથમાં લગામ લીધી એટલે પછી હું સંસાર ત્યાગ કરીશ અને અવશિષ્ટ આયુષ્ય હરિનામામૃત—પાન કરવામાં કોઈ પણ પવિત્ર ઠેકાણે જઈ પુરૂં કરીશ; તેથી તું હમણાં આઠ મહિના કલકત્તે જા ત્યાં જઈ જમીનદારી સંબંધી બધી યોગ્ય માહિતી મેળવી લે."

"આપની આજ્ઞા મારે શીર સામાન્ય છે. આપ જેવું કહોછો તેવુંજ હું કરીશ. ગોવર્ધન આગળ બોલ્યો, "વળી એક વધારે વાત કહેવાની છે. તું વિદ્વાન ને, બુદ્ધિમાન છે, તને વધારે કહેવું જોઈએ એમ નથી. મારા મતે વિદ્યા શિક્ષા પ્રમાણે ધર્મ નીતિ શિક્ષા એ પણ ઇહલોકે સુખથી તથા પરલોક સાધવાને અત્યંત આવશ્યક છે. તે સારૂં મ્હેં એમ નક્કી કર્યું છે કે ત્હારે કલકત્તે ગયા પછી મ્હારા ઇષ્ટ ગુરૂ પ્રેતોદ્ધાર પરમહંસ એમની શિક્ષા નીચે રહેવું તે સર્વદા ત્હારી પાસે રહેશે. અને તને સંસાર અસારતા ઉપર પરબ્રહ્મ વિષયી યોગ્ય બોધ આપશે. હે કૃષ્ણ ! તુંજ સર્વસાર પરાત્પર છે; વત્સા, પ્રભાત થયો, હવે વિલંબ કરશો નહિ. મ્હારો તને પુર્ણ આશીરવાદ છે. શ્રી ગો-

પાલ કૃષ્ણ તને હમેશાં સુખમાં રાખી તને વિજયી કરો." આટલુ બોલવું થઇ રહ્યા પછી નીલાંબર નૌકામાં જઇ બેઠો; નૌકા બંધનમુક્ત થતાંની સાથે પ્રવાહ ઉપર જળ તરંગની સાથે નૃત્ય કરતાં અતિશય સુખકર એવા પ્રાતઃકાળના વસંત વાયુમાં ડોલતી ડોલતી ચાલી.

પ્રકરણ ૩ જું.

યોગીવર ગોવર્ધન ઘોષાલ.

ગોવર્ધન ઘોષાલ પુનરપિ વિષ્ણુ મંદિરમાં જઈ ચિંત્તાયુક્ત રીતે મનમાં વિચાર કરતો બેઠો. કેટલીકવારે તેના મનમાં એક વિચાર આવ્યો તેની સાથેજ તેનો ચહેરો એકદમ પ્રફુલ્લ થયો. તે બેઠેલી જગ્યાએથી ઉઠયો, અને મંદિરમાંને મંદિરમાં આમ તેમ ફરવા લાગ્યો. તેના મનમાંના વિચાર આપો આપ બહાર પડવા લાગ્યા. "હાં, આ થયું તે ઠીકજ થયું? 'પરસ્પરં સમર્પયામિ?' હવે આગલો ઘાટ બરાબર ઘડાયો જોઇએ." કેટલીકવાર પછી તેણે હાંક મારી મ્હોટેથી કહ્યું, "કોણ બહાર છેરે?" આ શબ્દ સાંભળતાં આઠ દસ નોકર બહારથી દોડતા આવ્યા, અને હાથ જોડી સ્હામે ઉભા રહ્યા. ગોવર્ધન તે પૈકી એકને ઉદેશી બોલ્યો, "કિસનસિંહ, તું હમણાંને હમણાં રાય મહાશયને ત્યાં જા, અને તેમને તાબડતોબ જલદીથી અહીં લેઇ આવ.તેમને કહીએ તમારી સાથે તેવુંજ કાંઇ વિશેષ પ્રયોજનછે

"આજ્ઞા" એમ બોલી કિસનસિંહ તત્કાળ તે તરફ નીકળી ગયો. ગોવર્ધને બાકીના માણસોને પોતપોતાના કામ ઉપર જવા કહ્યું.

બધા સેવકો બહાર ગયા; ગોવર્ધન પહેલાંની માફક આમ તેમ દોડા દોડ કરવા લાગ્યો. અને પોતાનેજ ઉદ્દેશીને બોલવા લાગ્યો, " ગોવર્ધન, તું પહેલાં કોણ હતો ? અને હમણા કોણ છે ? વીસ વરસ પહેલાં તું રસ્તા ઉપર બોર વેચતો હતો, અને ધનશ્યામ બોસના બાગમાંથી ફળ ચોરી તે વેચી તું પેટ ભરતો હતો, દસ વરસ પહેલાં તને પેરૂ ચોર કહી જે લોક તિરસ્કારથી બોલાવતા હતા. તેજ આજે હાં કહેતાંની સાથેજ ત્હારી સ્હામે હાથ જોડી ઉભા રહે છે ! ત્હારી પાસે એક બોલવા સરખું પણ સાહસ તેમનાથી થઇ શકતું નથી ! આ બધો લાભ ત્હારી પોતાની અતિ પ્રચંડ બુદ્ધિને લીધેજ થયો છે.

" શું ? આ ત્હારો આટલો બધો માન મરતબો ! આટલી સંપત્તી ! આ બધું હવે થોડાજ વખતમાં—"આઠ મહિનામાં તું બીજાના હાથમાં જવા દેવાનો ? આ બધુ રાખવાને શું ત્હારામાં શકિત નથી ? નહિ ? નહિ ? એમ કદી પણ થશે નહિ. જે તીક્ષ્ણ બુદ્ધિના જોર ઉપર વીસ વરસ પહેલાંનો પેરૂ ચોર અને બોર વેચનારો આટલી અક્રાટ સંપત્તિનો લગભગ માલીક અને નાયબ મહાશય બન્યો છે, તેજ બુદ્ધિના જોર ઉપર તે પોતાનો માન મરતબો કાયમ રાખી શકશે, "

એટલામાં બહારથી કોઈ આવે છે એમ જોઇ ગોવર્ધને " આવો, આવો, પધારો, પધારો દુર્લભરાય, આવો બેસો, " એમ બોલ્યા. શરીરે સ્થુળ. કાળા રંગના તથા અડધી પાકી થએલી મુછોના શોભાવાળા દુર્લભરાય અંદર આવ્યા. તેમનું નામ દુર્લભચંદ્રરાય એમ હતું. એ દિનાજપુરમાં વકીલાતનો ધંધો કરતા હતા. અશોકપુરમાં તેમના કાકાનું ઘર હતું; તેથી કોઈ કોઇ વખત અવકાશ વખતે તથા કામાનુસાર તે અશોકપુરમાં આવતા હતા.

ગોવર્ધને પહેલાં ચોતરફ દ્રષ્ટિ કરી, મંદિરના બધા

દરવાજા બંધ કરી લીધા, અને આદર પુર્વક દુર્લભચંદ્રને કહ્યું. " દુર્લભભાઇ આજ કાલતો ત્હમારાં દર્શન થવાં પણ દુર્લભ થઇ પડયાં છે, આપ આવો અહીં બેસો; આજે ત્હમારી પાસે કાંઈ વિશેષ કામ છે, અને તેથીજ મેં તમને બોલાવવા મોકલ્યા " દુર્લભચંદ્ર કાંઈ પણ નહિ બોલતાં ગોવર્ધનની સ્હામે ગાલીચો હતો તેના ઉપર બેઠો; તેણે કિંચિત હાસ્ય વદન કરી ગોવર્ધનની સ્હામું જોયું ગોવર્ધન ફરીથી બોલ્યો, " ભાઇ સાહેબ, આજ ત્હમને ક્યા વિશેષ પ્રયોજથી બોલાવ્યા છે તેની તમને ખબર થઇજ હશે. "

દુર્લભચંદ્રે ડોક હલાવી ગંભીરતાથી કહ્યું, " નહિરે જરાએ નહિ ?

" મેં નીલાંબર બાબુને હમણાં ઘેર આવ્યા પછી તરતજ તાબડતોબ કલકત્તે મોકલ્યા છે; એતો તમને ખબર હશેજ. પરંતુ હવે આઠ મહિના પછી મ્હારી શી દશા થવાની ? હમણા મને મળતો માન મરતબો અને આ વૈભવ આઠ મહિના પછી જતાં રહેવાનાં, આ બધું મનમાં આવ્યું ત્યારથી મારૂં મન તદ્દન વ્યગ્ર બની ગયું છે.

" સ્હમજ્યો આઠ મહિના પછી નીલાંબર સ્વતંત્ર થશે, તે બદ્દલ તમો બોલો છોના ? પણ મને તો ત્હેમાં વિશેષ ચિંતા કરવાનું કાંઇ દેખાતું નથી ? "

" શું કહો છો ? ચિંતા કરવાનું કાંઇ કારણ નથી? આજે હું ઘનશ્યામ બોસની આ અતુલ સંપતીનો લગભગ માલીક થઇ બેઠા જેવો હોવાને લીધે આજ જે હજારો લોકો મને નમીને ચાલે છે. તે આગળ તેવી રીતે ચાલશે કે ? હાલમાં મને જે માન મર્તબો મળે છે તેનો એક ચતુર્થાંશ પણ પછીથી મળશે કે ? આવડી મ્હોટી આ જમીદારીના રાજા સરખો મને ઉપયોગ લેતાં આવડશે કે ? "

દુર્લભચંદ્ર બોલ્યો—" અરે, પણ જો તેમ થયું તેથી તમને તેની શી ક્ષીતીજ છે ? ગયા ત્રણ વર્ષમાં ત્હમેં તે સંપતી મેળવી છે, તેજ તમને ' ખાટલેથી પાટલે ' એવી સ્થિતિમાં એકાદ રાજા પ્રમાણે દિવસ કાઢવામાં ત્હમને પુરેપુરી છે; તમારી ઉમર સાઠ વર્ષની થઇ, ચોથી વાર લગ્ન કરીને ત્રણ દિવસ થયા તો પણ એકપણ સંતાન થયું નથી, અને આગળ પણ થવાની આશા નથી. તો પછી આ વૃધાવસ્થામાં સંપતી સારૂ આટલી બધી ખટપટ કોને સારૂ કરો છો !

આ સાંભળતાંજ ગોવર્ધનનું મુખ નિસ્તેજ થયું? તેણે એક દિર્ઘ નિશ્વાસ મૂક્યો, અને બોલ્યો, " આ મોટા દુઃખની વાત છે કે તમારા જેવાના સુખમાંથી આવું બોલાવું આવે ? આની પહેલાં કોઇ દિવસ નહિ અને આજે જે ત્હમે મ્હારા મરણની વાત કહાડો ? મારી ઉમર સાઠ વર્ષની છે, તથાપી હું સાઠજ વર્ષ જીવીશ, અને વધારે શા ઉપરથી જીવી શકીશ નહિ એમ ત્હમે કહો છો ? સાઠ વર્ષ કરતાં શું મનુષ્યો વધારે જીવી શકતાં નથી ? "

દુર્લભચંદ્ર કિંચિત હાસ્ય મુખ કરી બોલ્યો, " હું તેવા અર્થથી બીલકુલ કહેતો નથી, મ્હારી તો તમો ચિરંજીવ રહો એવી ઇચ્છા છે. મ્હારૂં કહેવું એટલુંજ છે કે, મૃત્યુ પત્રની રૂઇયે નીલાંબર બાબુ બીજા આઠ મહિના પછી સ્વતંત્ર થશે,આ વાત બધાને ખબર છે, અને તે વાત હવે અન્યથા થવી બહુ મુશ્કેલ છે.

ગોવર્ધન બોલ્યો—" ભાઇ આપજો તેમાં ત્હમારી બુદ્ધિ થોડી ઘણી ખર્ચશો તો તેનો ઉપાય મળશેજ ? એકંદર જોતાં સ્થિતિ કેટલી ખરાબ આવી છે એનો ત્હમે પોતેજ મનની સાથે વિચાર કરો ! જુઓ આઠ મહિના પછી નીલાંબર સ્વતંત્ર થયા પછી આગળ મ્હારી શી સ્થિતિ થશે ? અને ત્હમને પણ દરવર્ષે મળતા પાંચ હજાર રૂપી-

આ બંધ થશે ? જો એમ થાય તો પછી આપની આજ સુધી ખચેલી બુદ્ધિનો શું ઉપયોગ ?

"તો પછી હવે કયો ઉપાય યોજવો એવું ત્હમારૂં કહેવું છે તે કહો"—

નાયબ મહાશય પોતાના બારીક ડોળા થોડા ઘણા મચમચાવી બોલ્યા, "વીસવર્ષની ઉમર થતાંજ મૃત્યુ પત્રાન્વયે નીલાંબર સ્વતંત્ર થશે એ વાત ખરી, પરંતુ તેમાં એક શર્ત છે, તે તમને ખબર છે કે? યાદ ન હોય તો હું ત્હમને કહું છું. મૃત્યુ પત્રમાં એમ લખ્યું છે કે, 'નીલાંબરને વીશ વર્ષ પુરાં થતાં અગાઉ જો તેનો કાળ થાયતો તેની પાછળ મ્હારો કનિષ્ટ પુત્ર વિનોદલાલ એ મ્હારી સર્વ સંપત્તિનો ઉતરાધિકારી છે. પરંતુ તેની ઉમ્મર પણ વીસ વર્ષની થતાં સુધી સંપતીના વ્યવસ્થાપક તરીકે પાલક શ્રીયુત ઘોષાલજ રહેશે.' કેમ ? હવે તો કાંઇ સંદેહ બાકી રહયો નથી. હમણા ઘનશ્યામ બોસના કનીષ્ટ પુત્ર—વિનોદલાલની ઉમ્મર ફક્ત ફક્ત બાર વર્ષની છે. ત્યારે આ આઠ મહિનાની અંદર નીલાંબર પૃથ્વી ઉપરથી જાય તો અનાયાસે વિનોદલાલ વીસ વર્ષનો થતાં સુધી કોઇ પણ પ્રકારની અડચણ ન આવતાં મૃત્યુ પત્રાન્વયે માહારાથી બીજા આઠ વર્ષ આ અઘાટ સંપતીનો સહજ ઉપયોગ લેવારો, અને તમારા પણ વર્ષના પાંચ હજાર કાયમના કાયમ ?

ગોવર્ધનના વિચારની આ દિશા જાઇ અકસ્માત દુર્લભચંદ્રના રોમાંચ ઉભાં થયાં. તે કિંચિતકાલ સુધી સ્તબ્ધ રહી પછી બોલ્યો; "ત્હમે જે કાંઇ કહોછો તે બધુ મને સ્હમજાય છે; પરંતુ"—

"પરંતુ—શું ? સ્પષ્ટ બોલો: જે અર્થે આપણે પરસ્પર એક બીજાના દીલોજાન સ્નેહી છીએ, તે અર્થે

ત્હમારે કાંઈપણ વાત મ્હારાથી છુપી રાખવી નહિ, કહો જે કાંઈ કહેવાનું હોયતે સ્પષ્ટ કહો, ”

“ મેં તો કેટલાક દિવસથી નિશ્ચય કર્યો છે કે આ વર્ષમાં આપણેતો કાંઈ પરદેશમાં રહી વકીલાતનો ધંધો મુકી દેવો, અને ત્યાંજ રહી વિશ્રાન્તિ લેવી- એવો વિચાર છે, પરંતુ વર્ષના વર્ષના પાંચે હજાર-”

ગોવરધન હશીને બોલ્યો, “ ભાઇ મ્હારૂં કાર્ય સિદ્ધ થયા પછી ત્હમને પાંચ હજારને બદલે સાત હજાર મળશે; તો પછી થયું કે નહિ ? આ ઉપર દુર્લભચંદ્રે કાંઇ પણ ઉત્તર ન દેતાં નકાર અરથે ડોક હલાવી.

નાયબ મહાશય બોલ્યા, “ નહિ તો પછી હવે આઠ હજાર ? ”

આ વખતે નાયબ મહાશયે મસ્તક હલાવ્યું. ગોવર્ધન કિંચિત ગંભીર સ્વરે બોલ્યો “ દશહજાર કર્યા પછીતો ઠીક કે થશે નાની ? દુર્લભચંદ્રે આ ઉપર કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. આ વખતે પહેલાં માફક તેણે ડોક પણ હલાવી નહિ. ગોવર્ધને તેના મનમાંનો ભાવ જાણી લીધો અને બોલ્યો, “ આ બદલ લેખી કરવાની તો કાંઇ જરૂર છે નહિ ના ? ”

દુર્લભચંદ્ર બોલ્યો, “ આપણને તો મોઢે બોલ્યા તેટલુંજ બસ છે. માત્ર પહેલાં માફક મૃત્યુપત્ર મારીપાસે જોઇએ એટલે થયું. ”

“ હાં, અવશ્ય. ત્યારે પછી આ બધો કેવી રીતે પ્રકાર ઘડી લાવવો તે બદલ કાંઈ પણ યુકિત કાઢવી જરૂર છે. મેં મનમાં એક યુકિત રચિ કહાડી છે. પરંતુ તેની શકયા શકયતા જોઇ તે અમલમાં આણવી તે તમારા હાથમાં છે. એ બધું હું તમને એક અઠવાડીઆ પછી કહીશ તહમેં એ વાત સંબંધી યોગ્ય વિચાર કરશોજ. ? ”

આટલું બોલવું થયા પછી દુર્લભચંદ્ર આસી ગાદી પરથી ઉઠયો. તેણે પોતાની શાલ ખભા ઉપર મુકી, ચરચુ બોલતા જોડા પગમાં ઘાલ્યા અને ધીમે ધીમે ચાલવા લાગ્યો. એટલામાં ગોવર્ધન પણ ઉઠયો, તેણે પોતાની પાવડીઓ પગમાં ઘાલી, વિષ્ણુશક્ષ્ત્ર નામાવલી હાથમાં લીધી અને ઉચ્ચ સ્વરથી હરિનામના મુખોદગાર ઉચ્ચારતા રના દરવાજા ઉઘાડયા. પછી બંન્ને જણ પોતપોતાને ઠેકાણે નીકળી ગયા.

પ્રકરણ ૪ થુ.

યોગીશ્વરનું સત્ય સ્વરૂપ.

મધુ તિષ્ઠતિ જિવ્હાગ્રે હૃદિ હાલાહલમ વિષમ ।।

સુભાષિત.

બાબુ ઘનશ્યામઘોસના અધૈર્ય પુત્ર અને નિરંતર પોતાના ઘરની પાસે થોડાક અંતર ઉપર એક મ્હોટી મજબુત ઈમારત હતી. તેના એક ભાગમાં કેટલાક વર્ષ પહેલાં શ્રી વિષ્ણુ તથા લક્ષ્મીની પાષાણ મૂર્તિની સ્થાપના કરી હતી તેથીજ તેનુ વિષ્ણુ મંદિર નામ પ્રાપ્ત થયું હતું. નાયબ મહાશય ગોવર્ધન ઘોપાલ એજ ઈમારતમાં પોતાના કુટુંબ સાથે રહેતો હતો. બધા ચાકર નોકર ઘણું કરીને ત્યાંજ તેની સેવામાટે રહેતા હતા. ઘનશ્યામઘોસના ઘરમાં દાસ દાસી હતાં. તે વિષ્ણુ મંદિરની પાછલી બાજુએ દક્ષીણ દિશાએ એક ખાનગી રૂમ હતી. ત્યાં ગોવર્ધન ગોપાલ રાત્રીએ ઘણા વખત સુધી દિવો લગાડી એકલો યોગસાધન કરતો હતો. તે રૂમમાં જવાને કોઇને પરવાનગી નહોતી. અશોકપુર ન તમામ આબાલવૃદ્ધ જનની એવી સમજ હતી કે ગોવર્ધન

એક પરમ વિષ્ણુ ભક્ત હોઇ કેવળ ભક્ત ચુડામણી, એટલુંજ નહિ તો તે એક મહાયોગી સિદ્ધ પુરૂષ છે. આજ રૂમમાં હુર્લભરાય અને ગોવર્ધન ઘોષાલ વચ્ચે થએલું ખાનગી ભાષણ વાંચક વર્ગે હમણાંજ સાંભળયું છે. આજ બે અઠવાડીઆં પછી તેઓ ત્યાં આગળજ શું કરે છે તે જોઈએ.

રાય મહાશય બોલ્યા, " તો પછી, આમ જુઓ કે તમારાજ હાથના હસ્તાક્ષરનો કાગળ જવામાં શી હરકત છે ? તેમ થયું એટલે નીલાંબર બાબુને સંશય આવવાને કારણ રહેશે નહિ. બીજાના હસ્તાક્ષર જવાથી સંશય આવવાનો પુશ્કળ રીતે સંભવ છે. " " શું કરીએ ભાઇ ! કોઇ પણ કાર્ય કરવા પહેલાં તેની શકયા શકયતા ઉપર વિચાર કરવો જરૂર છે. મ્હારા હસ્તાક્ષરનો લખેલો કાગળ હશે. અને યદાકદાચિત્ તે ઉઘાડો થયો, તો પછી સર્વ નાશ થશે ! હમને જુદીજુદી તરેહના અક્ષરો કાઢતાં આવડે છે, તો ત્હમેજ જો તે લખશો તો પકડાઇ જવાની બીલકુલ બીતી કોઇને રહેશે નહિ. "

" હરકત શાની આવી છે; મ્હેં પણ પહેલાં તેવોજ વિચાર કર્યો હતો, પરંતુ તેમાં પાછળથી ઘણી અડચણો દેખાઈ આવી. એકતો કલકત્તા શહેરમાં ચોતરફ ડીટેકટીવ પોલીસનો ઉપદ્રવ થયો અને આવડા મ્હોટા જમીનદારનું ખુન થવાથી ત્યાં મ્હોટી ગરબડ થઇ ખાંધલ થશે, અને એકંદર જોતાં તેમ કરવું આપણને શકય નથી. મ્હારા ગુરૂ પ્રેમેહાર પરમહંસ શ્રી નીલાંબર બાબુને સંસાર અસારતા અને સંન્યાસ ધર્મના ઉચ્ચપણા ઉપર ઉપદેશ કરે છે. તો હું કહું છું કે તેને જો કાગળ મોકલીએ તો તેથી તેના મનમાં ઘણી વિરકિત ઉત્પન્ન થઇ સંસાર પરિત્યાગ કરી સન્યાસ ધર્મની દિક્ષા લેવાને તે તૈયાર થશે એમાં શંકા નથી. ગુરૂદેવ તેના મનમાં એટલુંતો મોહાસન્ય ઉત્પન્ન કરશે, કે પોતાના કનિષ્ઠ બંધુ વિનોદલાલને. મળવા સારૂ તે એકવાર પાછો

આવું એમ વિચાર પણ લાવશે નહિ. એકવાર તે લોકની વસ્તી મુકી સન્યાસ ધર્મ સ્વીકારી જંગલમાં અથવા પહાડમાં નીકળી ગયો, એટલે આપણું કાર્ય સુગમ થયુંજ સ્હમજો ? યદા કદાચિત જો તેમ ન થયું, અને તે જો કલકતેથી અહિં આવ્યો તો પછી આપણો માર્ગ લાગ બગડશે; પછી આપણને બીજાજ વિચારનું અવલંબન કરવું પડશે. પણ જો તેમ થશે તો આપણે કહીશું કે તે કોઈ દુષ્ટનું કામ છે, એમ કહી દઈશું એટલે પતશે."

દુર્લભરાય બોલ્યો, "તે ચીઠ્ઠી ક્યાં છે ? જોઉં શું લખ્યુ છે તે ?"

"આ જુઓ" એમ બોલી ગોવર્ધને વિષ્ણુશહસ્ર નામાવળીની ચોપડીમાંથી ન્હાનો એક કાગળ બહાર કાઢયો. અને દુર્લભરાયના હાથમાં આપી. તે વાંચી દુર્લભરાય બોલ્યા, "વાહ ઠીક છે. ત્હમે હવે તેની બીજી એક નક્કલ કરો, એટલે બે ચાર દિવસમાં અમારા શિષ્ય વામનદાસની સાથે ત્યાં મોકલી દેઇશ. તે હુંશિયાર, બુદ્ધિમાન્ છે, તેને ત્યાં ગયા પછી શું કરવાનું છે, તથા કેવી રીતે બોલવાનું છે, તે પહેલેથીજ મ્હેં ભણાવી મુકયું છે."

રાય મહાશય હસીને બોલ્યા, "તે બધું કાંઇ ઠીક કર્યું છે, પરંતુ થોડા મહિના પછી નીલાંબર બાબુની સર્વ સંપત્તિ તેને સ્વાધિન કરી ત્હમે સંસાર પરિત્યાગ કરી હરીનામ લેઇ શેષ રહેલું આયુષ્ય યોગસાધન કરવામાં ગાળવાનો વિચાર કર્યો છે, એમ અશોકપુરના બધા લોકને ત્હમેં કહ્યું છે, તેની શી વ્હલે ?"

ગોવર્ધન દંત વિહીન મુખ હાસ્ય કરી બોલ્યો, "ત્હમેં સર્વ કાંઇ જાણો છો. જગત્ કેટલું મૂર્ખ છે જુઓ ? હું બધું જગત્ મિથ્યા માનું છું, અને ફક્ત ઇશ્વર ઉપરજ ભાવ મૂકું છું, એ વાત આ મ્હારા

બેટા ખરી માને છે! આ પથ્થરની મુર્તીને ઉર્ફે શ્રી વિષ્ણુ લક્ષ્મીને હું ભજુ છું, પુજુ છું, તેની પાસે નાક ઘસું છું, એમ તેઓ સ્હમજે છે; અને હું પણ આ અંધ ધર્મ બતાવવા સારૂ; તેમની તરફથી ધન્યતા મેળવવા અને મારૂં પ્રત્થ મ્હોટું કરવા સ્વાર્થ સાધવા સારૂ તે પથ્થર સ્હામે નાક ઘસું છું; કપાળ ઉપર તીલક લગાડી ત્રિપુંડ ખેંચું છું, વિષ્ણુ સહસ્ત્ર નામાવળી હમેશાં પાસે રાખુ છું મ્હોડે અખંડ હરિનામોચ્ચાર કરૂં છું, આ બધાથી ત્હમે અજાણ્યુ છો. એમ કાંઇ થોડુંજ છે—दुनिया झुकती है, झुका नेवाला चहिये મનુષ્યની બુદ્ધિ એજ પરમેશ્વર છે? બીજો કોઇ ઇશ્વર છે એ ફક્ત કલ્પનાજ છે? ત્હમને ખબર છે કે સર્વ લોક મને ઇશ્વર ભક્ત તથા યોગી સમજે છે, પરંતુ મ્હારી ભક્તિ કઇ અને મહારો યોગ કયો એ ફક્ત મ્હારા મનને ખબર છે; લોકોને શું? 'अंदरकी बात राम जाने બુદ્ધિના જોર ઉપર આપણને જોઇએ તેવાં કાર્યો સાધી લેવાં એજ મ્હારી ઇશ્વર ભક્તિ; અને આ મૂર્ખ લોકને હંમેશના ભ્રમમાં મુકવા એજ મ્હારો યોગ?"

આ વખતે પણ રાય મહાશયનાં રોમાંચ કંપારી છુટી ઉભાં થયાં? તે બોલ્યા, "આ વાત બોલવાનો આ વખત નથી. પેલા કાગળના સંબંધમાં ત્હમારે જે કાંઇ બોલવું હોય તે બોલો."

"કાગળને? બે ત્રણ દીવસમાં નકકલ કરી નકકી મોકલવાનો."

"તો પછી તે અવકાશમાં હું તેની બે ત્રણ જણા પાસેથી નકકલ કરાવી ત્હમને દેખાડું છું. તે પૈકી જે પસંદ પડે તે વામનદાસની સાથે કલકત્તે મોકલો."

પ્રકરણ ૫ મું.

નીલાંબરનો રદય ભેદ.

बंधनानि खलु सन्ति बहुनि । प्रेमरज्जु दृढबंधन माहु : ॥

सुभाषित.

श्लोक.

हाशथी मुज आ दिशा नहि बने हैयुं प्रिये ! मृत्युथी;
म्हारी तूं नव कथ आक्रां बनसे ए कालरात्रि थकी,
तु जातां नहि हुं रहु, जिवितनो लोभी नथी हुं नकी.
तुं स्वर्गे कर वास, के समज जे आ दास उभो तहीं ।

(कलापीनोकेकारव.)

કલકત્તા શહેરમાં લાખોરી ટોલા નામક ભાગમાં બાબુ ઘનસ્યામ બોસનો એક ન્હાનો બે માળનો બંગલો હતો. તેની અંદર એક બાજુના ઉધાન સામે એક રૂમ હતી. દિવા વખના સમયે નીલાંબર એકલો જયોગવશીષ્ટ રામાયણ વાંચતો બેઠેલો હતો, બહારની બાજુ એક નોકર અંદર હાલતા પંખાની દોરી ખેંચતો હતો. એકાએક પંખો હાલતો બંધ થયો એટલામાં બહાર એક બીજીજ વ્યક્તિનો અવાજ નિલાંબરે સાંભળ્યો. તે તાબડતોબ ઉઠીને બહાર આવ્યો તો કોઈ એક માણસ સ્હામે ભુમી ઉપર પડીને મ્હોથી રડે છે એમ દેખાયું ! નિલાંબરે તેને પુછ્યું, " તું કોણ છે, અને રડવા જેવું શું થયું છે! "

તે વ્યક્તિએ કપાળ ઉપર હાથ મારી રડતાં રડતાં કહ્યું, " હાય હાય ! છેવટે મ્હારાજ નશીબમાં આ કહેવાનું આવ્યું ! આના કરતાં મરણ આવ્યું હોત તો ઘણુ સારૂં હતું ? "

નીલાંબરે જીજ્ઞાસાથી પુછ્યું, " કોણ છે તું ? શું કહેવાનું ત્હારે નશીબે આવ્યું છે ? "

" હાય હાય ? ધણી સાહેબ. મ્હારાથી તે બીલકુલ કહી શકાતું નથી, અત્યાર સુધી ત્હમે મને ઓળખ્યો નહિ ? હું આજ સુધી આપનુંજ અન્ન ખાઇ મ્હોટો થએલો વામનદાસ છું. હાય ? મ્હારા હાયથી એવું કયું પાપ થયું હતું કે, આવી ભયંકર બાતમી કહેવાનો મનેજ પ્રસંગ આવ્યો ! "

નીલાંબર વધારે જીજ્ઞાસા કરી બોલ્યો, " કોણ વામનદાસ! તું અહીં કેમ આવ્યો ? ઘરની શી ખબર છે ? બધાં ખુશીમાં તો છેને ? બરોબર બોલ. "

વામનદાસ રડતા સ્વરે કહેવા લાગ્યો, " ધણી સાહેબ, હું કયા મોઢેથી તે હકીકત આપને કહું ? ત્રિસોટા નદીના કાંઠા ઉપરના સ્મશાન ભુમિમાં આપના વૈભવ લક્ષ્મીના મૃત શરીરને જોયું, ત્યારેજ મને મરણ કેમ નહી આવ્યું ? "

નીલાંબરના કાળજાને તે શબ્દથી ચરકો બેઠો. તેનો કંઠ શુષ્ક થયો. તે વામનદાસને રીસથી બોલ્યો, " ખરી હકીકત શું છે.? હરામખોર. પાંશરો જવાબ આપવાને શુ થયુ છે; ? ચાલ જલદી બોલ "

વામનદાસ ઉઠીને બેઠો થયો અને બોલવા લાગ્યો, " મ્હારા ઉપર આપ રીસાયા; ગાળો દીધી, અથવા મને માર્યો હોત તો પણ હુ કદી તેવાત મ્હારા મુખમાંથી બોલવાનો નથી. નાયબ મહાશયે આ કાગળ આપ્યોછે. તે જુઓ; આ ઉપરથી આપને બધુ સ્હમજાશે " વામનદાસે ગોવર્ધનનો કાગળ નીલાંબરને આપ્યો, અને રડતો રડતો ત્યાંથી નીકળી ગયો.

નીલાંબરે કંપીત હૃદયથી તે કાગળ હાથમાં લીધો

અને પોતાની રૂમમાં જઇ ઓરડીનાં બારણું બંધ કરી દીધાં. અને કાગળ વાંચવા આરંભ કર્યો. તેવાંચી પુરો થતામાં તેના પ્રશસ્ત લલાટ ઉપર પરશેવો ઉભરાઇ આવ્યો; મુખચંદ્ર ની સ્તેજ થઇ ગયું અને તેનુ શરીર કાંપવા લાગ્યુ. તેના હાથમાંનો કાગળ સ્હામેનામેજ ઉપર પડ્યો; તેણે એક દીર્ઘ નીશ્વાસ મુકયો અને પાછળ મુકેલી ખુરશી ઉપર એકદમ પોતાનુ અંગ નાંખી દીધુ; કેટલોક વખત વીત્યાબાદ ની લાંબરના સેવક તેની રૂમ પાસે આવ્યા, તો તેમણે રૂમનાં બારણું બંધ કરેલાં દીઠાં. તેમણે બારણાની ફાટમાંથી અંદર જોયુ. તો નીલાંબર પોતાની ખુરશી ઉપર પછાડી ટેકી અર્ધ નીદ્રા વસ્થામાં છે એમ તેમને દેખાયુ. તેનણે તેને બુંકોમારી, પરંતુ અંદરથી એકપણ ઉત્તર મળ્યો નહી; પોતાનો ધણી નીદ્રાવશ થયેલો જાણી તેને અધીક ત્રાસ થાય નહિ. તેથી તે સર્વ પોત પોતાને ઠેકાણે નીકળી ગયા. ક્રમેક્રમે રાત ઘણી વીતી ગઇ, મેજ ઉપરની બળતી બત્તી હોલવાઇ ગઇ, રૂમમાં આવખતે સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો. બહાર નગરમાંનો કોલાહલ પણ આસમયે કમી થયો હતો.

અકસ્માત નીલાંબર શુદ્ધી ઉપર આવ્યો, અને ઉઠીને બેઠો થયો. હમણાતે પહેલાની જેમ અર્ધ નીદ્રામાં નહોતો. કીંવા અચેતન પણ નહોતો, પરંતુ ત્હેના મનને એક ચમત્કારેક ભુલ પડી હતી; તેને એમ લાગતુ હતુકે. પોતે અશોકપુરના પોતાના શયન મંદીરમાંજછે. પોતાના શયન મંદીરનો દરવાજો કોઇએ ઉઘાડયો, અને તે ક્ષણે કોઇનાં ચંચળ ચરણનો નુપુરધ્વની ત્હેના કાને આવ્યાનો તેને ભાસ થયો; અને તેની સાથેજ ગર્વ અને તીરસ્કાર યુક્ત પરંતુ મધુર એવો હાસ્ય ધ્વની તેના કાને પડયો. પોતે સુતા પહેલાં અનંગ મોહીનીની ઘણી વાટ જોઇ છેવટે સુઇ ગયો હોય એમ તેને લાગ્યુ, અને તેથીજ કીંચીત તીરસ્કાર યુકત એવા તેના હાસ્યથી અને જોરથી દરવાજો ઉઘાડયાથી

તેની નીદ્રા ભંગ થઈ. તે હર્ષ યુકત અંતઃકરણથી ઉઠીને બારણા સ્હામે જોવા લાગ્યો. દરવાજો ઉઘડવાથી ત્રિસોટા નદીના ઘાટ ઉપરથી વહેતો આવતો શીતળવાયુ તેની રૂમ માં આવ્યો હોય એમ લાગ્યું. પહેલાં રૂમમાં પ્રવેશ કરેલા ચંચળ લલિતાનુ મુખ હમણાં અનાદરના કારણથી ક્રોધયુકત, અભીમાની પુર્ણ અને ગભીર દેખાવા લાગ્યું. તે લલીતા—એટલે અનંગ મોહીની—પોતાની ભ્રૃકુટી અને ચંચળ નેત્ર વક્રકરી નીલાંબરને ઉદ્દેશી બોલી, “મ્હારા ઉપર આપનો પ્રેમ કેટલોછે. એ હુ હવે સારી રીતે સ્હમજી ચુકી છુ. મને સાથે લઈ જવા માટે કેટલી વીનંતી કરી. પરંતુ કાંઇ પણ સાંભળ્યું નહીં. જે ઠેકાણે મ્હારો આટલો અનાદર થાયછે તે ઠેકાણે હુ આગળ રહેવાને ઇચ્છતી નથી;” આ ટલુ બોલી અનંગમોહીની પોતાના હાથ પસારી પોતાના ઘરની પાછળ આવેલી નદીમાં ભુસકો મારવા દોડતી ચાલી; પવનના સપાટાને લીધે તેનો ઢીલો અંબોડો છુટી ગયો, તેના રેશમ જેવા નરમ અને સીધા કેશ તેની પીઠ ઉપર ઉડવા લાગ્યા; નીલાંબરે ઉચ્ચ સ્વરે તેને ઉદ્દેશી, “અનંગ એક વાર ક્ષમા કર, ફરી તને મુકીને હુ કદી પણ જઇશ નહિ.” એવુ બોલી તે તેને પકડવા સારૂ દોડવા લાગ્યો.

આસર્વ કલ્પનાની રમત હતી ? નીલાંબર પાંચદશ પગલાં ગયો નહી, ત્યાં સ્હામેના ભીંતમાંના કપાટ ઉપર જોરથી અથડાઇ તે પાછો પડયો; તેની સાથે મ્હોટો અવાજ થયો; તે સાંભળી બંગલામાંના નોકરો એકદમ ચમકી ઉઠયા, અને તેની રૂમ પાસે દોડતા આવ્યા; તેમણે બારણાં ઘણાં ઠોકયાં, હાંકો, મારી પરંતુ અંદરથી ઉત્તર મળ્યો નહિ. ત્યારે તેમણે બારણાં ભાગી અંદર પ્રવેશ કર્યો; તેમની ધાંધલમાં વાસનદાસે પોતાનો પણ પ્રવેશ કર્યો, અને કંદીલનો પ્રકાશ થવાની સાથે મેજ ઉપર પડેલો કાગળ લેઇ છાનામાના પોતાનો પગ કાઢયો. તેને કોઇએ પણ જોયો નહિ.

અંદર આવેલા બીજા સેવકોએ દીવાના પ્રકાશમાં જોયું, તો બારણા પાસે નીલાંબર બાબુનો સુંદર, સુકુમારનો કાન્તિયુક્ત દેહ ભુમી ઉપર અવ્યાવ્યસ્થ રીતે પડેલો છે ? તેના મસ્તકમાંથી એક સરખું લોહી વહેતું હતું,

પ્રકરણ ૬ હું.

અશોક પુરમાં

શ્લોક (तोटकवृत्त)

क्यम प्रेम गयो ? क्यम प्रेम गयो ?
क्यम प्रेम गयो ? प्रियनो समज्यो ?
उरमां मुज संशय कैं करवा
अह ! काळ कशोय मने न मळ्यो ! ॥ १॥

कलापी.

કલકત્તાના ઘનશ્યામ બોસના બંગલાથી થોડેજ છેટે ગોવર્ધન ઘોપાલના ઇષ્ટગુરૂ પ્રેતોદ્ધાર પરમહંસ એકલાજ રહેતા હતા. તે ઘણા દીવસથી નીલાંબરને સંસારની અસારતા ઉપર અનેક તરેહનો ઉપદેશ કરતા હતા, નીલાંબર શુદ્ધમાં આવ્યા પછી થોડી વારે પ્રેતોદ્ધારને બોલાવવાસારૂ એક સેવક મોકલ્યો. તે આવ્યા પછી તેમની સાથે નીલાંબરે વાતચીત કરી. બીજે દીવસે તે બંન્ને જણ કોઇને પણ નહી કહેતાં કયાંએ નીકળી ગયા. ચાકર નોકરે તેમને સવ ઠેકાણે ખોળ્યા; પરંતુ તેમનો કોઇ પણ ઠેકાણે પતો લાગ્યો નહિ.

બે અઠવાડીઆ વિત્યા પછી. અશોક પુરના ઘરમાં એક બાજુનાં રૂમમાં અનંગ મોહીની એકલી પોતાના મન

સાથે કાંઈ વિચાર કરતી હતી, એટલામાં તેની પરીચારિકા વામાત્મા આવી અને બોલી. " બાઇ સાહેબ હજુસુધી હ્યાંજ કેમ બેશી રહ્યાં છો ? એકવાર બહાર આવી સાય઼ં કાળની નદી કિનારા ઉપરની મઝાતો જુઓ, એટલે ત્હમારા મનને થોડો ઉત્સાહ આવશે. "

અનંગ મોહિની તેની સાથે બહાર આવી; આ વખતે બહારનો દેખાવ ખરેખરો રમ્ય દેખાતો હતો. ભગવાન સહસ્રરશ્મી સુર્યનારાયણ આ વખતે હમણાંજ પશ્ચિમ બાજુએ વળ્યો હતો. અને જાણે પોતાની પ્રીયાને મળવાની આતુરતાથી તેની કાંન્તિ આરકત વર્ણ થઇ હતી. પશ્ચિમ તરફ આકાશમાં જુદા જુદા મનોહરરંગ ચિત્રિત થઇ તેના પ્રતિબિંબ ત્રિસોત્રાના શાંત પ્રવાહમાં પડયાં હતા. જયાં ત્યાં સર્વ ઠેકાણે શાંતતા પસરી રહી હતી, ફકત આનંદી પક્ષીઓનો કલકલાટજ માત્ર તે શાંતતા ભંગ કરતો હતો.

અનંગ મોહિનીના મનને આ દેખાવો જોઇ જરા શાન્તિ વળી ખરી, તથાપિ પતીના સમાચારની ઉત્સુકતા દુર થઇ નહિં; થોડો વખત વિત્યાબાદ તે વામાનો હાથ પકડી બોલી, " વામા, આજ તુ નાયબ મહાશય પાસે ગઈહતીકે ! ત્યાંની શી ખબર છે વારૂ. ? "

વામા બોલી " બાઇ સાહેબ હુ તમારે પગે પડું છુ, પણ મ્હને કોઇ દીવસ પેલા માંકડા જેવા મોઢાવાળા પાસે મોકલશો નહી. ત્હેનુ તે એકદમ કુતરા માફક આંગપર ધશીને બોલવુ અને તે ગાળો, મ્હારાથી સહન નહી થાય. મે આજ બપોરે તેમની પાસે જઇ પુછ્યુ કે કલકત્તાની શી ખબર છે. ! બાઇ સાહેબની થોડા દીવસ ત્યાં જવાની ઇચ્છા છે, આટલામાં તો મુઓ એકદમ મ્હોટેથી બોલ્યો, " ચાલ નીકળ હ્યાંથી ! પરમ દીવસેજ ત્હને કીધુ હતું ને કે ફરીથી ત્હેમના સંબંધનુ પુછીશ નહિ ? મ્હોટી ડાહી આવી છે તપાસ કરવા ? "

"તે હમણાં ક્યાં છે. ?"

"તે પેલા મુઆ દુર્લભરાય વકીલની સાથે બોલતો બેઠો છે. આપના નાયબનું એ માંકડા જેવું મ્હોં અને બોલતી વખતે એ ફાટતા મ્હોંમાંથી નીકળતી લાળ જોઈ મ્હને તો બાઇ સાહેબ પેટ પકડીને હસવું આવે છે!"

વામાનો આ વિનોદ અનંગ મોહીનીના સ્વપ્નમાં પણ ન્હોતો. તે બોલી, "વામા, હવે મ્હારે આગળ શું કરવું તે તું કહે. મ્હને તો આજ કાંઇ રૂચતું નથી; અને કોઇ ઠેકાણે મન પણ લાગતું નથી ?"

વામા બોલી, "હું શું કહું બાઈ સાહેબ ! ત્હમારે આટલા અધીર થવું નહિ. હમણાં વિનોદ બાબુ આ તરફ આવશે."

અનંગ, મોહીની બોલી. "જતી વખતે ત્યાંથી બે મહીને એકવાર ત્હમને મળવા જરૂર આવીશ. એવું કહી જવાનુ થયું હતું. હવે તો બે મહિના થઇ ઉપર ત્રણ અઠવાડિયાં પણ થઇ ગયાં તો કાંઇ હજુ પત્તો નથી?"

વામા બોલી "તેમણે બે મહીના કીધા, એટલે ત્હમારે પણ તેટલાજ સ્હમજી દિવસ ગણતા બેસવું કે શું? અરે બે મહિને નહિ તો ત્રણ મહિને આવશે. પુરૂષનું શું? ત્હેમને સારૂ ત્હમારે આટલું ખોટું લગાડી લેવું ન જોઇએ.

"લગભગ એક મહિનો થયો પત્ર વગેરે કાંઇ નથી? પહેલાં કોઇ દિવસ ત્યાંથી પત્ર નહિ લખાયો હોય, પરંતુ હવે આટલા દીવસ થયા કાંઈ ખબર નથી, ત્યારે શું સ્હમજવું?"

"સ્હમજવાનું હતું શું બાઈ સાહેબ ? તેઓ હવે વહેલા આવશે, અથવા તો ત્હેમનો કાગળ આવશે એમ મને ખાત્રીથી લાગે છે;"

અનંગ બોલી, "તે દીવસે કલકતે જવાના દીવસે મારી બધી વિનવણીઓ અમાન્ય કરી નિષ્ઠુર થઇ મહને

એકલીનેજ મુકી જવું પડ્યું, એ ખરેખર મ્હારા મનનેબહુ લાગ્યું. કલકત્તે પહોંચ્યા પછી ત્યાંનો કાગળ આવ્યો હતો ત્યારે ઉતર લખતાં મ્હેં એમ લખ્યું કે જ્યાં સુધી હ્યાં આવી મ્હને આપની સાથે લઈ જશો નહિ, ત્યાં સુધી મ્હારે કાગળ લખવો નહિ, અને મ્હારૂં નામ પણ લેવું નહિ."

વામા બોલી "બાઈ સાહેબ! ત્હમેં એમને એવું શા માટે લખ્યું? કદાચીત તેમને તમારા કાગળથી ખોટું લાગ્યું હશે, અને તેથીજ તેઓ કાગળ નહિ લખતા હશે. પાસે હોય ત્યારે બોલ્યાની વાત જુદી છે, પણ કાંઈ કાગળ બીલકુલ આવતો નથી. ત્યારે હ્યાં દરરોજ કાગળ લખવા માંડયા. તે કાગળમાં કેટલી વીનવણી કરી, કેટલીવાર ક્ષમાની ભિક્ષા માગી, અને એક બે વખત તો 'આનો ઉત્તર નહિ આવેથી આત્મ હત્યા કરીશ' એવું પણ લખ્યું, પરંતું ઉત્તર નામે આવતોજ નથી? મને તો આ ઉપરથી એમ લાગે છે કે ત્યાં જીવને ચેન નહિ હશે, અથવા બીજો કાંઈ ઘોટાળો હોવો જોઈએ?"

વામા બોલી; "છીઃ છીઃ એવું અમંગળ મનમાં સુદ્ધાં લાવશો નહી, બાઈ સાહેબ નિઃસંશય તેઓ સારી સ્થિતિમાંછે. આટલામાં નાયણને એકાદ કાગળ આવ્યો હશે.

અનંગ બોલી, "હું તો રોજ બે ત્રણ વખત વિનોદલાલને કાંઈ કાગળ આવ્યો કે નહિ તે જોવા મોકલુ છું, પરંતુ ત્હેનો હંમેશાં એકજ જવાબ-'હજુ કાગળ વગેરે કાંઇ આવ્યુ નથી.' બિચારા વિનોદલાલ રોજ રડતા રડતા આવી મને કહે છે કે કાંઇ કાગળ નથી, ત્હેમનુ તેવું ઉતરેલુ મોહોડું જોઈ મહારૂં પણ અંતઃકરણ ભરાઇ આવે છે? હું તેમને સ્હમજાવું છું કે વધારે કામને લીધે તેમને કાગળ લખવાની ફુરસદ મળતી નહિ હશે. હવે

વળુ ફરીને વ્હેલાજ આવવું થશે. આ આવા ખોટા આશ્વાસનથી પણ તેનિ કેટલા દીવસ સમજુત થવાની ? તેમની દુઃખીમુદ્રા જોઇ મને પણ દુઃખ થાયછે ! વિનોદ મ્હારો પંચ પ્રાણ છે. પેટનાં છોકરાં કરતાં પણ હું તેને વધારે ચાહું છું; તે છે તો મને બધુ કાંઇ છે. વામા હું મારી હોંશીયારી નથી બતાવતી, પરંતુ મારા વિનોદલાલના બદલ મારા અંતઃકરણમાં જેટલી માયા વસી છે, તેટલી માયા તેમની પ્રત્યક્ષ માની પણ વસી નહીં હોય ? મારાં સાસુજી ગુજરી ગયાં ત્યારથી હું મનમાં એમ સ્હમજુછુ કે હું જ તેને માને ઠેકાણે છું—આ જુઓ મારો વિનોદ આ તરફ આવે છે. આવ બેટા આમ રડેછે કેમ ? ત્હને શું થયું ? "

વિનોદને આવતો જોઇ અનંગ મોહિની ઝટ દઇને ઊભી થઇ, અને તેને પાસે લેવા સારૂ હાથ પસરી આગળ ગઇ. બાર વર્ષના તે સુંદર સુકુમાર બાળકે આંખો લુછતાં લુછતાં આવી અનંગ મોહીનીના ખોળામાં અંગ નાંખી દીધું, અને તેની સોડમાં ભરાઇ મોહોડુ સંતાડી તે ડસકાં ખાઇ રોવા લાગ્યો. અનંગ મોહીનીએ એકવાર ત્હેના સુખનું ચુંબન કર્યું, અને મુખ ઉપર હાથ ફેરવી બોલી, ' છાનો રહે ભાઇ વિનોદ, શું થયુ ભાઇ ? રડેછે કેમ ? કોણે શું તને બોલ્યું ? '

વિનોદ ઉપર મોહોડુ કરી અનંગ મોહિનીના મુખ સ્હામુ જોઇ બોલ્યો, " ભાભી, નાયબ બોલ્યા, ' તું રોજ રોજ આવી યોગમાં વ્યત્યય શા માટે આણે છે ? જે થવાનું તે થયું ? અમે શું કરીએ ત્હેને ? ' મેં પુછ્યું શું થયું ? ત્યારે તે બોલ્યા; ' જે કાંઇ થયું છે તે કાગળ વાંચી જોયાથી ત્હને માલુમ પડશે. ' ત્યારે મેં પુછ્યું, 'કયાછે તે કાગળ ?' ત્યારે તે ચીડાઇને ગુસ્સે થઇ બોલ્યા, ' જા કહુંછું તે તને મોકલીશ, પછી કાગળ જોજે અને વાંચજે ? "

સંશય અથવા વિષાદથી, ક્રોધથી અથવા અભીમાનથી અનંગ મોહીનીનું સર્વ શરીર કાંપવા લાગ્યું ? તેણે વિનોદનો હાથ પકડયો અને અંતપુર તેમજ બહારનું ચોગાન વટાવી તે બહાર આવી. વામાપણ તેની પાછળ જીજ્ઞાસાથી આવી, અને પુછવા લાગી, " શું બાઇ સાહેબ કયાં જાઓ છો ? "

અનંગ મોહીનીના હોઠ થરથર કંપતા હતા. તે બોલી. " વિષ્ણુ મંદીરમાં પેલા મુઆ દુષ્ટ નાયબ પાસે ? હું પોતેજ જઇ ત્યાં પુછું છું કે શું છે શું નહિ તે જોઉંછુ, કેવો મને નથી જવાબ બરાબર આપતો તે ! ગાલ દુર થા ? "

વિનોદ અનંગ મોહીનીનો હાથ પકડી બોલ્યો, " ભાભી તુમે નહિ જતાં વામાને મોકલો "

અનંગ મોહિની એ જરા પોતાનો ગુસ્સો દાબી દીધો; અને વામા તરફ જોઈ બોલી, " ત્યારે વામા હવે તુ ત્યાં જા ? નાયબને કહીએ મેં એમ કહ્યું છે કે, તમારે હમણાં આ ઘડીએ અહીં આવી ખરી શી હકીકત છે, તે કહો, અથવા પત્ર હોય તો આપો ? નહિ તો હું આજને આજ વિનોદને સાથે લઇ કલકત્તાનો રસ્તો પકડું છું ?



પ્રકરણ ૭ મું.

દુઃખ વાર્તાનો પરીસ્ફોટ

શ્લોક.

पोतो दुस्तर वारिराशितरणे, दीपांधकारागमे
निर्वाते व्यजनं, मदांधकरिणां दर्पोपशांतौ सृणिः ।
इत्येतभ्दुवि नास्ति यस्य विधिना नोपायचिन्ता कृता
मन्ये दुर्जनचित्तवृत्ति हरणे धातापि भग्नोद्यमः ॥ १

सुभाषित.

વીષ્ણુ મંદીરમાંના પોતાના એકાંત યોગ ગ્રહમાં બે શી ગોવર્ધન પોતાના પ્રીયે સહચર દુર્લભરાયની સાથે સંભાષણ કરતો હતો. રાયમહાશયે તેને પુછ્યું, " ત્યારે હવે નીલાંબર બાબુની પાછા આવવાની બીક રહી નહીં કેમ વારૂ. ? "

" અમારા ગુરૂ દેવ પ્રેતોદ્ધાર પરમ હંસના મોહીનીની મંત્રનો તેના ઉપર એવો કાંઇ પરીણામ થયો છે કે, તે હવે ફરીથી સંસારમાં પડશે એમ હવે સંભવનીય નથી ! "

" હમણાં તારી અને તમારા ગુરૂ દેવની ભેટ થઇ

ગોવર્ધન બોલ્યા, તે પોતે તો કાંઇ મળ્યા નથી, પરંતુ ત્હેમણે એક પોતાના વીશ્વાસુ શીષ્ય પાસે સંદેશો મોકલ્યો હતો, તેની તરફથી મને એમ ખબર મળીછે કે, ગુરૂ દેવ નીલાંબરને દુરના જંગલમાં એક અત્યુચ્ચ અને જન શુન્ય એવા પહાડ ઉપર લઇ ગયા છે. અને તેઓ ત્યાં થોડા દીવસ રહેવાના છે, પછી કલકતે આવી મ્હારી ભેટ લેશે; મ્હે તેમને વાટ ખર્ચી સારૂ પૈસા મોકલ્યા છે. એકંદર રીતે જોતાં હવે થોડા દીવસની અંદર આ કામ આટોપી રહ્યું એટલે પછી કેટલાક વખતને માટે નીશ્ચીંત થયો ? "

દુર્લભ૦—તે હવે ફરી સંસારમાં સમુળગો પડશે નહી, એમ જો ખાત્રી હોય તો પછી નીષ્કારણ તેનો પ્રાણ નાશ પણ શા સારૂ કરવો, ? જેમ તેમ કરીને થોડા દીવસ કાઢશે અને પછી કોઇ વાઘનો અને ચીત્તાનો ભક્ષરૂપ થઇ પડશે ! પછી ત્હમે આ ઠાટ અઢળક સંપતીના ભોક્તા થયાજ. ! "

ગોવર્ધન દુર્લભચંદ્ર સ્હામુ જોઇ અને થોડો હશી બોલ્યો, " હાં ત્હમે કોહોછો તે ખરૂ, અને ગુરૂ દેવનું પણ તેજ કહેવું થાય છે.પરંતુ મ્હને લાગેછે કે ભાઇ, કંટક સમુળગો કાઢી નાંખવો એ ઘણુ સારૂ. એક પ્રકારે જે થયુ છે, તે બધું ઠીકજ થયુ છે. પરંતુ ન જાણો, તે પડયો જનાનીઓ; તે શીવાય રાજભોગમાં તે ન્હાનાનો મ્હોટો થએલો છે. ? કદાચિત તેનુ મન ફર્યું તો પછી ? ત્યારે હુ કહુ છુ કંટકનો સમુળગો નાશ કરવો તે ઠીક; પછી આ સર્વ ભાંજગડનુ મુળજ જતું રહ્યું. વારૂ; હમણાં અમારા ગુરૂદેવ આવશે ત્યારે તેમની સન્મતી લઇ આગળનો બંદોબસ્ત કરીશુ, તેને ત્યાંથી પહેલાં કાઢી મુકવાના વિકટ કામમાંથી તો એકવાર પાર પડયા ? હવે એને શુ ? સહેજમાં ઉડાવી દેઇશું ? "

" હા હા ! મ્હારૂ પણ તેજ કહેવું છે. "

" અદ્યાપ આ વાતનો નીકાલ શું કરવાનો છે, તે બદલ ત્હમને ઘણુ પુછવાનુ છે. "

" નીલાંબર તો અહીંથી કાયમનો ગયો, ત્હેના સબંધી ફીકર હવે દુર થઇ. પરંતુ ત્હેની વૈરી અને પેલો વીનોદ મહારી પુઠે લાગ્યાં છે ? તે દરરોજ બે ત્રણ વખત આવી મને પુછે છે કે; " નીલાંબર કયાં છે ? કાગળ કેમ નથી ? આને શુ કરવું છે ? એમને શુ કહી એમના મોંઢાં બંધ કરવાં જોઇએ. ? "

મહાશય ચીંતા ગ્રસ્ત થઇ બોલ્યા, "હાં આપણુ એક

સંકટજ છે; અથવા ત્હમે એમને સ્પષ્ટ એમજ કહોને કે નીલાંબર બાબુને એકદમ ઉન્માદરોગ થયો તેથી સંસાર ત્યાગ કરી સન્યાસ ધર્મનો સ્વીકાર કરી તે કયાંઈ નીકળી ગયા છે; ઘણો તપાસ કરાવ્યો પણ ત્હેનો બીલકુલ પત્તો મળતો નથી. ”

ગોવર્ધન માથુ ધુણાવી બોલ્યો “ નહિ નહિ, બાઈ ત્હેની બૈરીનો સ્વભાવ ત્યારે ત્હમે પુરો ઓળખતા નહિ હશો; તે બુદ્ધી કાંઈ એમ સ્હેજમાં સમજે તેમ નથી. ત્હમે પકકી રીત લક્ષમાં રાખજો ? તેવું જો તેને કીધું, તે તો ત્રીજુજ ઉપસ્થિત કરશે. તે પોતે નીસંશય એમ કહેશે કે મ્હારી સાથે માણસો આપો, એટલે હું પોતે જઈ તેનો પત્તો મેળવી લાવું છુ; મેં એક યુક્તિ શોધી કહાડી છે તેને કહી દેવું કે નીલાંબર ગંગાસાગર તીર્થમાં પડીને મૃત્યુ પામ્યા, એટલેજ આ હઠ વાદી સ્ત્રીનુ નાક જરા નીચુ થશે, આ શીવાય બીજો ઉપાય આપણુને કાંઈ સુઝતો નથી—કોણુ ? આ વખતે બારણા આગળ કોણ છે, ? ”

બહાર પાછુ બારણુ ખડ ખડાવી કહ્યું, “ નાયબ મહાશય. બાઈ સાહેબે મને ત્હમારીતરફ મોકલી છે. ”

ગોવર્ધન ક્રોધ કરી બોલ્યો. “ ભાઈ, આ જુઓ. આ હવે આવી ફરી પુછવાને, ત્યારે હવે આપણા કરેલા વિચાર પ્રમાણેજ કહી દઉં છું. એમાં વાર શું કામ જોઇએ ? ” ગોવર્ધને દરવાજો ઉઘાડી કહ્યું; “ કોણ છે. તુ કેમ હાલ દર-રોજ મારો યોગભંગ કરાવે છે. ? બે શરમ કયાંની આવી છે ? બોલ શુ બોલવાનુ છે તે જલદી. ”

વામા બોલી, “ બાઈ સાહેબે કહેવરાવ્યુ છે કે કાંઈ કાગળ પત્ર આવ્યો હોય તો ”—ગોવર્ધન બોલ્યો “ સમજ્યો સમજ્યો, આગળ બોલીશ નહિ મ્હારા વ્હાલી તું-જ જઈને બાઈ સાહેબને કહે કે હુ થોડા વખતમાં ત્યાં આ

વવાનોજ હતો, પણ આવીને એ ... ? સર્વ રીતનો નાશ થયો છે; કાલ રાત્રે ત્યાંના ...ઓનો આ પત્ર આવ્યો છે તેજ હું આપુ છુ, વાંચી જુઓ એટલે સર્વ કાંઇ સહમજાશે. આજ પાંચ દીવસ ... નીલાંબર બાબુ ગંગાસાગર તીર્થમાં પડી મૃત્યુ ... છે ?" આ સાંભળતાંજ વામા એકદમ મ્હોટેથી રડવા લાગી, અને તેવીજ તે સીધી અંતઃપુર તરફ નીકળી ગઇ.

પ્રકરણ ૮ મુ.

વિજય વલ્લભ દત્ત.

અહા ! કેવા પન્થે કુદરત કરે છે ગતિ.
અરે ? કેવા પન્થે કુદરત તણાં બાળક ભમે ?
વિચારી વિચારી ગમ દિલ બને ભસ્મ સળગી,
અરેરે ? જે રીતિ જન પ્રતિ ચલાવે જન અહીં ?

કલાપીનો કેકારવ

અશોકપુરના જમીનદાર ઘનશ્યામ બોસના ઘરથી કેટલેક છેટે વિજયવલ્લભ દત્ત નામનો એક બીજો જમીનદાર રહેતો હતો. બંન્નેનો અશોકપુરમાં તેમજ આસપાસનાં ગામમાં માનમરતબો ઘણો હતો. પરંતુ આગળ દીર્ઘકાલ વ્યાપી, સ્પર્શ જન્ય રોગ પ્રમાણે સર્વત્ર પસરી રહેલો, અને આત્મ ધ્વંસી એવો જે દ્વેશાનલ આ દેશમાં ઘણાખરા જમીનદારનાં સન્માન અને સંપતિનો નાશ કરે છે તેણે અલ્પકાળમાં ઉભય જમીનદારોના મનમાં પ્રવેશ કીધો.

લક્ષ્મીની દ્રષ્ટિ કોના ઉપર ક્યારે વક્ર થશે, અને કોના ઉપર કઇ વખતે દયાર્દ્ર થશે એની કોને ખબર છે ? બાબુ ઘનશ્યામ બોસની કલકતામાં એક પેઢી હતી. તેમને

તે ધંધામાં એક વખત ઘણા થોડા વખતમાં અસાધારણ ફાયદો થયો. ત્યારે તેમણે આસપાસ આવેલા ગામની ઘણી જમીન ખરીદ કરી આગળ તે પોતાના પ્રતિ સ્પર્ધી વિજય વલ્લભનો અહંકાર ઉતારવા માટે ઘણા છુટા હાથે ખર્ચ કરવા લાગ્યા. પિતૃશ્રાદ્ધ વખતે તેણે દુરદુરના ગામથી લોકોને નિમંત્રણ કરી ઘણો ભારી ખર્ચ કર્યો; ગરિબ દિન દુબળાં લોકને ઘણી ખેરાત કરી; તેમજ ગામમાં દુર્ગાપુજાદિક અનેક મહોત્સવ સુરૂ કર્યા. વિજય વલ્લભ પણ કાંઇ કમતી નહોતો તેણે તો ઘનશ્યામ બાબુ કરતાં વધારે થાઠમાઠથી પે ... કાર્યો કર્યાં. વાસ્તવિક રીતે જોતાં તેની પાસે તેવો ખર્ચ કરવા સરખો પૈસો નહોતો. પરંતુ એકબીજાની હરિફાઇને લીધે થાઠમાઠથી ખર્ચ કરવા સારૂ તેણે ધીરે ધીરે પોતાની જમીનનો એક એક ભાગ ગુપ્તપણે વેચવાનો તેણે આરંભ કર્યો હતો ! તેના કેટલાક હિતેચ્છુ સગાવલાંએ એ તેને તેમ નકરવા માટે ઘણી વખત કહ્યું, પરંતુ તેનો કશો ઉપયોગ થયો નહિ.

એમ થતાં થતાં આગળ કેટલેક દિવસે ઉભય જમીનદારોમાં એ ગામની મીતાદીસ બંધમાં એક ઝઘડો ઉત્પન્નથયો. આગળ સરકાર દરબાર થઇ ઘનસ્યામ બાબુને તેમાં જયમળ્યો. અને વિજયવલ્લભને તેનો તમામ ખર્ચ સુદ્ધાં ભરી આપવો પડયો. તે ગામ બોસના તાબામાં આવ્યા પછી તેણે તેના પશ્ચિમ ભાગમાં વહેતા ત્રિસ્તોતા નદીના કીનારા ઉપર પાણી સરખો પૈસો ખર્ચી અને દુર દુરથી કારાગીર લોકોને બોલવી લાવી એક અતી સુંદર અને ભવ્ય ઇમારત બાંધી, અને તેની ચોતરમ ફળ પુષ્પાદીકનો એક મ્હોટો બગીચો તૈયાર કરાવ્યો. તે ઇમારતને કૈલાસ ભવન એમ અન્વર્થક નામ મુક્યુ હતુ. તે બધુ કામ સંપુર્ણ થયુ. ત્યારે દુરદુરના લોક પણ તે જોવાને આવતા, તે ઇમારતની બાંધણી અતુલનીય શાસ્ત્ર નૈપુણ્ય અને મનોહરઉદ્યાન જોઇ બધા લોકના મુ-

આમાંથી ત્હેના માલીક વીશે ધન્યોદગાર નીકળવા લાગ્યા,

સરકાર દરબારની ખટપટમાં ઘણો દ્રવ્યનાશ થઈ છે વડે ઘણી ઈસ્ટેટ પોતાના પ્રતીસ્પર્ધીના હાથમાં જવાથી વીજય વલ્લભના મનને મોટો ધકકો બેઠો. અને તેથી અલ્પ કાળમાંજ તેનો અંત થયો, વીજય વલ્લભના આ અકસ્માત મૃત્યુથી તેનો એકનો એક દીકરો વીનયકૃષ્ણ મ્હોટી આફતમાં આવી પડયો, તેના પીતાયે તેની પાછળ રોકડ દ્રવ્ય કાંઈજ સંચ્યુ નહોતુ. અને જમીદારી પણ એટલી થોડી બાકી રહી હતી કે તે વેચી પણ એકંદર પીતૃકાર્ય થાય એમ નહોતુ ! તે ચીંતાથી ઘણોજ વ્યાકુળ બની ગયો. ત્હેના પીતાના મરણને શુમારે એક અઠવાડીઉં વીત્યા પછી એક દીવસ વીનય કૃષ્ણ પોતાના ઘરના પુજા ગ્રહમાં એકલોજ બેસી ઉદાસ મનથી વીચાર કરતો હતો. અકાએક સ્હામેથી પોતાના પીતાનો પ્રતી સ્પર્ધી ઘનશ્યામ બોસને જોઈ તેને ઘણુંજ આશ્ચર્ય લાગ્યુ. તે ઉઠીને ઉભો થયો, પરંતુ મનનુ દુઃખ સહન નથયાને લીધે તેની આંખમાંથી દડદડ અશ્રુ વહેવા લાગ્યાં ? ઘનશ્યામ બાબુને તે જોઇ બહુ લાગી આવ્યુ ? તેમણે વીનયકૃષ્ણને છાતી સરસો દાબી કહ્યું. “ વીનય, આટલુ બધુ ખોટુ લગાડી લેવાનુ કાંઇજ કારણ નથી, સ્હમજ્યો ? હુ આજથી ત્હમારો દુશ્મન નથી. પણ મીત્ર છુ એમ જાણજે. નીસંશય તારા પીતાના અકસ્માત મરણને હું થોડો ઘણો કારણીભુત થયો છુ. તે બદલ મને બહુ દુઃખ થાય છે. મ્હેંજ જો આગળ નીરકારણ વીકાર વશ નથતાં ત્હારા પીતાને ઓછાપણુ લાવવાના હેતુથી મ્હેંજ મારો વૈભવ વધાર્યો ન હોત, તો આજ ત્હારા ઉપર ઘણુ કરી આ વીપત્તિ આવી ન પડી હોત, આજ મારા મનમાં આવ્યુ છે કે મ્હારા આ પાપને કાંઈક પ્રાયશ્ચિત આપવુ આવશ્યક છે; પીતૃ શ્રાધ બદ્દલ તુ હવે બીલકુલ કાળજી કરીશ નહિ. હું પોતે તે બધું મ્હારા ખ-

ર્ચથી કરીશ. પરમ દીવસથી હુ તેની તૈયારીમાં લાગીશ, આવતી કાલે તું એક વાર મ્હને આવી. મળજે માત્ર મારે ત્હને એટલુંજ કહેવું છે કે આજ પછી તું મને શત્રુ પ્રમાણે લેખીશ નહિ. પરદુઃખ દુખી ઘનસ્યામ બોસે બોલ્યા પ્રમાણે પૈસા ખર્ચ કરી પોતાના સ્વર્ગવાસી પ્રતિસ્પર્ધિનાં ક્રીયાકર્માંતર યથાસ્થિત રીતે કર્યાં?

એક દીવસ ઘનસ્યામ વિનયકૃષ્ણને બોલ્યા, " આજથી મેં તને મારી જમીદારીનો તમામ રીતે મુખત્યાર અને વ્યવસ્થાપક નિમ્યો છે, બધા કામદારો ઉપર હુકમ રોફ કરવા શીવાય ત્હારે બીજું કશું કરવું નહિ. માત્ર મારા જુના કામદારોને તું કામ ઉપરથી દુર કરીશ નહિ એટલે થયું. તને દરમહિને પગાર અમારા નાયબ ગોવરધન ઘોશાલ કરતાં દસ રૂપીઆ વધારે મળશે; મને ત્હારો સુશીલ સ્વભાવ અને સરલ આચરણ ઘણાં પસંદ પડે છે ? "

વિનયકૃષ્ણે ઘનસ્યામ બોસની સુખાકૃતી સ્હામું જોઈ કહ્યું, " આપના આટલા સ્નેહને અને આટલી દયાને હુ ખરેખર પાત્ર નથી; પરંતુ મારાથી બનશે તેટલું કરી અપાત્રે દયા કીધી એમ પણ ત્હમને લાગવા દેઈશ નહિ. '

ત્યારથી વિનય કૃષ્ણ દરરોજ બોસના ઘરમાં જવા લાગ્યો, તેનું લગ્ન પાંચ છ વર્ષ પહેલાં સુમતિ નામક એક સુંદર અને સુશીલ સ્ત્રી સાથે થયું હતું. ત્હેને નિર્મલા નામની ચાર વર્ષની એક સુંદર કન્યા આ વખતે હતી. તે પણ પોતાના વડિલ સાથે કેટલીવાર ત્યાં જતી હતી, આ વખતે ઘનસ્યામના દ્વિતીય પુત્રની ઉમર છ સાત વર્ષની હતી. ઘન સ્યામબોસને આ મનોહર શિશુદ્વયની બાળક્રીડા જોઈને સમાધાન થતું હતું.

એક દહાડો તે બંન્ને જણાં તેની બેઠકની પાસે બહારના ચોગાનમાં આનંદથી રમતાં હતાં. બંન્ને

જણાં વચમાં એક બીજા ઉપર ગુસ્સે થતાં અને એક બીજાથી દુર જઇ ઉભાં રહેતાં પરંતુ આખરે પાછા પુર્વવત એક થઇ હશી બોલીને રમતાં ઘનશ્યામ અંદર બેઠાબેઠા પ્રેમથી અને કાતુક યુકત દ્રષ્ટિથી તે બંન્ને બાળકોની લીલા જોતો હતો. કેટલેક વખત વિત્યા બાદ તેણે એક સેવક વિનય કૃષ્ણને બોલાવવા મોકલ્યો. વિનય કૃષ્ણ તાબડતોબ ત્યાં આવ્યો. તેને ઉદેશી ઘનશ્યામ બોલ્યો, "વિનય, આજો, આ બંન્ને કેવો આનંદ કરે છે ? મને તો લાગેછે કે આ કરતાં અધિક સુંદર એવું બીજુ જોડું સર્વ જગતમાં પણ નહિ હશે, હુ ઘણા વખતથી આં બેશી ત્હેમની રમત જોઉંછુ, તેથી મારા અંતઃકરણમાં સંસાર સંબંધી કલેશ દાયક વાતો તદન નાશ પામી છે. અને મન આજે પ્રફુલ્લીત થયું છે ? આજ મહારા મનમાં એક જુદીજ કલ્પના આવી છે, તે હું ત્હને કહુ કે ? '

વિનયકૃષ્ણ હાથ જોડી બોલ્યો, 'આપનો કૃપા પ્રસાદ થવાને કઇ હરકત છે ? ' ઘનશ્યાંમ હશીને બોલ્યો. " કલ્પના એવી આવી છે કે, આ સીતા રામ પ્રમાણે શોભનારા જોડાનાં જો લગ્ન કરી દીધાં હોય તો કેવું ઉત્તમ થાય, ? "

વીનય કૃષ્ણને આ સાંભળી અત્યાનંદ થયો; તેને મન જાણે એકદમ આકાશનો ચંદ્ર હાથમાં આવ્યા જેવુ થયું: તેણે નમ્રપણાથીજવાબ આપ્યો " એટલુ અમારૂ ભાગ્ય કયાંછે ? ઘનશ્યામ જરા વિરક્ત થઈ બોલ્યો, " તુ હાલમાં નશિબના વિચીત્ર પણાથી નિરકત થયો છે; તોપણ ત્હને આવુ બોલવું શોભતું નથી,! ત્હમારૂં ઘર અમારી બરોબરનુ હોઈ તલ માત્ર કમી દર્જાનુ નથી એ તું ભુલી ગયો શું ? ત્યારે પછી મ્હારા છોકરાનો વીવાહ ત્હારી છોકરીની સાથે કરવામાં શી હરકત છે ? "

વિનયકૃષ્ણ બોલ્યો, " આપતો કેવળ દયાના સાગ

ર છે આપને અશક્ય શું છે ?

ઘનસ્યામ બોલ્યો, " એમાં દયા બીયાનો સંબંધ ન થી, આના જેવી સુલક્ષણી સર્વાંગ સુંદર અને અનુરૂપ એવી કન્યા મને ક્યાં મળવાની, ? ત્યારે પછી આજ આણ ણો આ વાંગ નિશ્ચય થયો. કહેવાનો ? વિનોદ સાથે નીમેલા વિવાહ કાયમ, પરંતુ આ વાત બન્ને ન્હાના હોવાના કારણથી બીજા ચાર વર્ષ પછી લંબાણુ નાંખવામાં આવી.

કમળ પત્ર ઉપરના જલ બીંદુ પ્રમાણે ચંચળ એવો માનવ જન્મ છે. માણસની કેટલી આશાઓ કેટલી મહત્વા કાંક્ષાઓ, કેટલી ભાવી સુખની કલ્પનાઓ, અકસ્માત મૃત્યુ સાથે એક ક્ષણમાં નાશ પામે છે. ! બે વર્ષની અંદર ઘનસ્યામ બોરાના માનવ જન્મની ઇતી શ્રી થઇ અને તે મનોહર બાળકોને વિવાહબંધન બદ્ધ કરવાની તેમની આશા જેને તે ઠેકાણે બેશી ગઇ.

પ્રકરણ ૯ મુ.

મૃત્યુ વાર્તાનો સંદેહ.

ઘણા ખરા લોકનો એવોજ અનુભવ છે કે. શુભ વર્તમાન અનેક વખત ખોટા ઠરી નિરાધાર થાય છે; પરંતુ અશુભ વર્તમાન વિશેષતઃ મૃત્યુ સંબંધી ઘણુ કરી ખોટાં ઠરતાં નથી.

આગળ કહ્યા પ્રમાણે અનંગ મોહિનીની પરિચારિકા વામાએ ગોવર્ધન ઘોષાલનાં મ્હોડે સાંભળેલી નીલાંબર બાબુના મૃત્યુ સંબંધી હકીકત સાંભળતાંજ, મ્હોટે સ્વરથી આક્રંદ કરતાં અનંગ મોહિની પાસે જઇ તે વર્તમાન કહ્યું

વજ્રઘાત પ્રમાણે તે દારૂણ વાત કાને પડતાંજ બિચારિ અનંગ મોહિનીના કોમલ હૃદયની આ વખતે શી સ્થિતિ થઇ હશે તેનું વર્ણન કરવું ઘણું અશક્ય છે ! આર્ય સ્ત્રીઓના સુખનું, પ્રેમનું, આશાનું મૂળ સ્થાન અને આધિદૈવતમાં મુખ્ય પતિ, અને ખરા તારૂણ્ય અવસ્થામાં ભાવિ સુખોપભોગની સર્વ કલ્પના વ્યર્થ થઇ તે પતિ દૈવતનો અકસ્માત કાયમનો વિયોગ થયા પછી તે કોમલ અંતઃકરણને કેટલું બધું દુઃખ થયું હશે ? અનંગ મોહિ. નીનો સ્વભાવ જેવો અત્યંત પ્રેમળ અને દયાશીળ હતો, તેવોજ તેજસ્વી પણ હતો; પરંતુ ઉપરનું દુઃખ કારક વર્ત- માન સાંભળ્યું ત્યારથી ત્હેની મનોવૃતિ એકદમ ઉદાશીન થઇ ગઇ. તે વૃત ભયંકર હોવાથી ત્હેના સત્યત્વ ઉપર સંશય લાવવાને અથવા શોધ કરવા જેટલું તેનામાં મનો ધૈર્ય રહ્યું નહિ; અશોકપુરના સર્વ આબાલવૃદ્ધને પણ ઉપરની હકીકત સાંભળી ઘણું ખોટું લાગ્યું; ત્હેમને પણ લેશમાત્ર સંદેહ ઉત્પન્ન થયો નહિ.

ઘનશ્યામ બાબુના કલકતાના નોકર ઘણુ કરી અશો કપુરમાં આવતા નહોતા. નિલાંબર ક્યાં ગયો તે તેઓ પૈકી કોઇ પણ જાણતા નહોતા: અને ત્હેમના એકદમ અલોપ થવાનું કારણ વામનદાસનો આણેલો કાગળ હોવાનો ત્હેમના મગજમાં બીલકુલ ખ્યાલ પણ નહોતો; શિવાય ગોવર્ધને તે બાબતની યોગ્ય વ્યવસ્થા પહેલેથીજ કરી મુકી હતી. તે કારણથી નીલાંબરના મૃત્યુ વિશે વિશેષે કરીને કોઇને સંશય આવ્યો નહોતો, અને તે સંબંધી પુછ પરછ પણ થઇ નહિ.

વાંચક વૃંદ ત્હમને ખબર પડી ચુકી હશે ; ગોવર્ધ- ને ઘનશ્યામ બાબુના મૃત્યુ પછી ત્રણે વર્ષે શરીર ઉપર રોમાંચ ઉભાં થાય, એવી નીરાધાર બાતમી કેવળ પોતાના સ્વાર્થ સારૂ બનાવટ કરી હતી. !

તે વાતને ધીમે ધીમે ત્રણ વર્ષ વીત્યાં ત્યાં સુધી નીલાંબરના મૃત્યુની હકીકત ખોટી છે. એમ કોઈને પણ લા ગ્યાનુ દેખાઇ આવ્યુ નહિ. આ ગયાં ત્રણ વર્ષ અનંગ મો હિનીએ ભારી વૃત આચરણમાં અને પોતાના પ્રીય પતીની આરાધના કરવામાં ગાળ્યાં, તેણે સંસાર વિશયક વાતો ત- રફ આટલા કાળમાં નજર સરખી નાંખી ન હોતી, પોતે મુઆ પછી પોતાના પ્રીય પતીની સ્વર્ગમાં ભેટ થશે. એવી તેની દ્રઢ સમજુત હતી; તે દરરોજ પ્રાતઃકાળમા વહેલી ઉઠતી. અને પ્રાતઃવીધી આટોપી સ્નાન વગેરે કરી શુદ્ધ થ ઇ તુળશીની અને શ્રી વિષ્ણુની ગંધપુષ્પ વગેરેથી શ્રદ્ધા પુર્વક યથા યોગ્ય રીતે પુજા કરતી હતી. એટલુ થયા પ છી તે મન પુર્વક ઇશ્વરની પ્રાર્થના કરી ભોજન તૈયાર થાય ત્યાં સુધી પોથી પુસ્તક વાંચવામાં પોતાનો વખત ગા ળતી હતી.

વામા અત્યંત આવશ્યક વાતો શીવાય સંસાર સંબં ધી વાતો. અનંગ મોહિની પાસે. તે તદ્દન વીરક્ત થશે એવી ભિતિથી તે ઘણુ કરી બોલતી ન હોતી. અનંગ મો હિની પણ તે સંબંધી વિશેષ તપાસ નહી કરતાં વીનોદલા લની સાથે ઘણો વખત છુટા પણાથી બોલતી હતી. વિનો દને કેટલીક વખત ઘણુ લાગી આવવાથી રડતો, ત્યારે અનં- ગ મોહિની તેની પાસે જઇ પ્રેમથી પાસે લઇ તેના મુખ કમલ ઉપર હાથ ફેરવી ત્હેને અનેક રીતે સમજુતીની વા- તો કહેતી હતી.

એવી રીતે ધીરે ધીરે ત્રણ વર્ષ પ્રસાર થયાં એક દહાડો વામા ત્હેની પાસે આવી બોલી, “ બાઈ સાહેબ. દત્તનાં સુમુતી બાઈ આપને મળવા આવ્યાં છે. લેઇ આવુ કે ત્હેમને અંદર ? ” અનંગ મોહની બોલી હા લઈ આવ.

તેવામાં બહાર જઇ, અને થોડા વખતમાં વીનય કૃ-

ત્યણુ દત્તના પત્ની સુમતી—નીમલાની માને લઇ અંદર આવી. અંદર આવતાંની સાથે અનંગ મોહિનીએ આદર પુર્વક રીતે બેસવાનુ કહ્યું. કીંચીતકાળ સુધી બન્ને સ્તબ્ધ રહ્યાં. પછી એક બીજાના કુશળ સમાચાર પુછયા; પછી સુમતી અનંગ મોહિનીને બોલી " હુ પહેલાં એક બે વાર ત્હમારા ઘર તરફ આવી હતી પરંતુ તમારી મુલાકાત નહી થાય. એમ સમજાયાથી હું પાછી ગઇ હતી; હું પહેલાં આવી હતી; ત્હેને હાલ ઘણા મહીના થયા છે, પણ તે વખતની સ્થીતીમાં ને હમણાંની સ્થિતિમાં ઘણોજ ફરક પડયો છે. ! ત્હમારો ચહેરો કેટલો બધો ફીકો પડયોછે ! બાઈ હવે ગઈ ગુજરી વાત સંબંધી હમેશાં ઝુરવુ. ! અને ત્હેમાં વળી ત્હમારા જેવાં સ્હમજુ બાઇને તો તે સમુળગુ શોભતુ નથી, અદ્રષ્યમાં જે કાંઇ ભાવિ બનવાનું તે કાંઇ થોડુજ ચુકવાનુ છે ? આગળ આમ થશે, એ કોઇના સ્વપ્ને પણ ન હોતુ ! તેથી તેને સારૂ આટલુ બધુ અદ્યાપ સુધી મનમાં ઓછુ લાવવું એ પણ સારૂ ન કહેવાય. અને આમ મનમાં ને મનમાં ત્હમે કયાં સુધી ઝુરવાનાં ? એક વખત પૃથ્વી ઉપર જે માણસ જનમ્યો તેને મરણ તો તો છેજ. ખરેખર બાઇ ત્હમારા તરફ જોઉ છુ. એટલે મારી તો છાતી ફાટી જાય છે ! અને આ ત્હમારા સોના જેવા સંસારની. "

અનંગ મોહિની સુમતીને વચમાં બોલતાં અટકાવી બોલી, ભાભી ! આજ આ ત્હમે શું કાઢી બેઠા છો ? મ્હારો સોના સરખો સંસાર ? હું એટલે કોણ ? કાયા ગઇને છાંયા રહી ? ત્હેનું હવે શું લઇ બેઠાં છો ? ત્યાંથી મ્હને હમેશાં ઉપદેશ થાય છે કે પતિ પત્ની પૈકી કોઇ પણ પહેલાં અથવા પાછળ મૃત્યુ પામે તો તે સ્વર્ગમાં ગયા પછી ત્યાં તેમની પુનઃ ભેટ થાય છે ? અને એજ આશા ઉપર હું પણ આજ સુધી જીવ પકડી બેઠી છું. તે વાણી કદાપી

મિથ્યા થવાની નથી. એવી મ્હારી પક્કી ખાત્રી છે. મ્હારા ચર્મ ચક્ષુને તે મુર્તિ દેખાતી નથી. તથા આગળ ઉપર પણ દેખાશે નહિ, તો પણ તે મ્હારા માનસ ચક્ષુ આગળ હરનીશ રમતી દેખાય છે. મ્હારી તો તે જગતકર્તા ભગવંત પાસે હમેશાં એટલીજ વિનંતી છે કે હે દેવ મ્હારો હવે ઘ્હાંથી જલદી છુટકો કર, એટલે મ્હને બધુ કાંઈ મળ્યું.

સુમતિઃ—તે બંધુ ખરૂં, પણ હાલ આ સંસાર કોનો ?

અનંગ મોહિનીઃ—જેને માટે સંસાર કરવાનો તેજ જો ગયા, તો હવે એ સંસાર ને શું પુળો મુકવો છે? અને મ્હારો હવે ત્હેની સાથે સબંધ પણ શો ?

આ ઉપર થોડા વખત સુધી કોઇ કાંઈ બોલ્યું નહિ; પછી કેટલાક વખત પછી અનંગ મોહિની બોલી ઠીક ભાભી, જવા દો તે વાતો. ત્હમે આજ કયા કામ સારૂ આવ્યાં છો " ?

સુમતિઃ જો ત્હમારી આવી સ્થિતિ છે, તો મ્હારૂં દુઃખ હું ત્હમારી પાસે કયા મ્હોઢે કહું ? પરંતુ હવે બોલ્યા વગર છુટકોજ નથી; ત્યારે લાજ શરમ બાજુએ મુકી તેવું બોલ્યા વગર છુટકો નથી; હું જો વધારે બોલું તો તે ભાગ્યે જ સમજશે.

અનંગ મોહિનીઃ—જો મ્હારી આગળ મ્હારા સંસાર સંબંધી વાત બોલવી હોય, તો તે ઘણું કરી વ્યર્થજ સમજો. બાકી જે પુછવું હોય તે પુછો શું ત્હમારૂં કહેવું છે

સુમતિઃ— કહેવું બીજું શું હોવાનું હતું ? આજ લગભગ આઠ વરસ થયાં ? મ્હારી નિર્મળા તે વખતે ચાર પાંચ વર્ષની હશે. ત્હમારા સસરાજી તે વખતે હતા તે ત્હમને યાદ હશેજ; તેમણે તે વખતે ત્હમારા વિનોદલાલ સાથે મારી નિર્મળાનુ લગ્ન કરવાનું નક્કી કર્યું હતું, ત્યારે અમારી તરફથી પણ તેજ નક્કી થયું હતું, અને બીજે કોઈ

ઠેકાણે મુરતીઓ પણ જોવો નહિ એવો નિશ્ચય કરવામાં પણ આવ્યો હતો; એ બધુ ખરૂં, પણ કાળ કોઇનો થયો છે કે? આગળ કેટલાક દિવસ જો ત્હમારા સસરાજી જીવ્યા હોત, તો આજ અમને આટલા ગોટાળામાં પડવું પડયું નહોત; આગળ વાત કહેવાની તો ત્હમારૂં આવું થયું ! ત્યાં પણ કોનો ઉપાય ચાલવાનો છે. આવી એકંદર અનેક ચમત્કારી વાતો વચ્ચે નહી આવવાથી બધુ લંબાણ ઉપર પડતુ ગયું; પરંતુ બાઇ ત્હમને દેખાતુંજ હશે; હવે કાંઇ નિર્મલાને આગળ તેમ રાખવું ઘણુ અશકય છે; તેની ઉમ્મર પણ કાંઇ થોડી નથી, લગભગ બાર તેર વરસની તેની ઉમ્મર થઇ! ત્યારે આવા આ વખતમાં અમારા મનની કેવી સ્થિતિ થતી હશે ? તેનો ત્હમેંજ વિચાર કરો; અમારી કાંઇ થોડીજ મ્હોટી જમીનદારી છે કે મ્હોટી ઇસ્ટેટ છે, કે તેના જીવ ઉપર અમારે થેકડા મારવા ? આવી જહાંને જોઇએ તો ફકત એક ગામને એક ઘર; જેમ તેમ કરી પેટ ભરવું છે, ત્યારે હવે કરવું કેમ ?

અનંગઃ—સસરાજીએ નિર્મળાનો વિવાહ વિનોદલાલ સાથે નક્કી કર્યો હતો એ કોણ ના પાડે છે? એ વાતની બધા ગામને ખબર છે ? મ્હારા સસરાજીએ તથા સાસુજી એ ત્યારથી તેમને વહુ કહીને બોલાવતા પણ હતા, અને મ્હેં પણ કેટલીક વખત મશ્કરીમાં વિનોદલાલના તથા નિરમળાના વસ્ત્રને ગાંઠો મારી હતી ! એમ જો છે તો ત્હમારા પતિ ગોવર્ધન આગળ વાત કેમ કાઢતાં નથી ?

સુમતિઃ—ત્યારે હજુ સુધિ શું ત્યાં કહેવાનું બાકી રાખ્યું હશે, એમ ત્હમે જાણો છો કે ? તે તો આજ સુધિ તમારા મનમાં છે તેમજ થશે, ફીકર કરવી નહિ. એમજ આશાની આંગળી હતી, પરંતુ આજ બે દિવસ થયાં, તેઓ ગોવર્ધન પાસે જઇ તે સંબંધી વાત કહાડી આવ્યા હતા

તે વખતે તે બોલ્યા ત્હમે શું ગાંડા થયા છો ? તમે આ ઈચ્છા કેવી કરો છો ? ન્હાનાં છોકરાં આકાશમાંનો ચંદ્રમા માગે એ કેવું ભયંકર ! તમારી કન્યાનોને ઘનશ્યામ બોસના દિકરાનો વિવાહ થવો એ શકય લાગે છે કે. એ તરફથી આવો જવાબ એમને મળ્યો સાંભળી મને બહુ ખોટું લાગ્યું જુઓ ! આ આવી વાતો છે ત્હમને જાણી આ બધી હકીકત કીધી.

સુમંતીનુ ઉપલુ ભાશણ સાંભળી અનંગ મોહિની નુ સુંદર મુખ કીંચીત કાળ સુધી ક્રોધથી આરકત દેખાવા લાગ્યુ; તે થોડો વખત મુગી રહી. ત્હેના મ્હોઢા ઉપરના ક્રોધની છટા હવે જતી રહી; તે હવે ઉદાસ દેખાવા લાગી. તે એક દીર્ઘ નીસ્વાસ મુકી બોલી, " શુ કરૂ ભાભી. ? મારી સ્થિતી હાલ વિષદંતહીન નાગણી જેવી થઇ છે. આજ જો મ્હારા પતિ જીવતા હોત. પછી તે ગમે તેટલે દુર હોત તો તેની હરકત નહોતી; તેટલા ઉપરજ હું મ્હારે જોઈએ તેવી રીતે અધિકાર ચલાવી. આ ગોવર્ધનનો ગર્વ ખુબ અચ્છી તરેહથી ઉતાર્યો હોત. પણ હવે મને તેજ હાલ દેખાડતાં આવડતુ નથી. મને તેવો ગર્વ નથી, અભીમાન નથી, અને તેવો અધિકાર ચલાવવાની ઇચ્છા પણ નથી; તેમની સાથે મ્હારૂ સર્વસ્વ નાશ પામ્યુ છે."

આટલુ બોલતાં બોલતાં અનંગ મોહિનીનો કંઠ ભરાઇ આવ્યો, અને તેની આખમાંથી અવિરલ અશ્રુવર્ષાપ થવા લાગ્યો.

સુમંતીએ પોતાને છેડેથી તેની આંખો લોહી, અને બોલી " નહિ નહિ બાઇ. આ શું કરો છો ? આમ રડશો નહિ. અધિકાર નહિ. એમ કાં બોલો છો ? બધા ઉપર અધિકાર તમારોજ છે."

અનંગ—અધિકાર નથી એમ કોણ કહે છે. ? પણ

હું આ પછી તેચલાવવા ઇચ્છતિ નથી. અથવા મને તે શ કય નથી, એમજ એક ઘડી માની લઇએ તો ચાલે; હું એમ કહુ છુ ભાભી, તમે ફરી એકવાર તમારા પતીને ગોવર્ધનને ત્યાં પુછવા જવાનુ કહો; હુ પણ તેવી રીતનો સંદેશો કોઈની સાથે મોકલાવુ છુ, પણ ભાભી ! આ એકજ વખત હુ કહીશ, પછી ફરી એક અક્ષર પણ હું બોલવાની નથી. આ સંસારમાં હુ ફક્ત તમારેજ માંટે કરીને ફરીથી મન ઘાલુ છુ. ? વિનોદનુ આટલુ લક્ષ થયુ કે હુ કશ્યામાં મન ઘાલવાની નથી.

સુમંતી—ગમે તેમ કરી એકવાર તેમ થાય એટલે થયુ: અમને બાઇ હાલમાં અન્ન સરખુ પણ ભાવતુ નથી ! તમે અત્યાર સુધી મન દઇ મ્હારા દુઃખની કહાણી સાંભળી એમાંજ કેટલુ કામ થયુ હું સ્હમજુ છુ, પણ હાં બાઇ ત્હમારી પાસે કેટલીક એક વાત બોલવાની કરૂંછુ તમારૂ જો વચન હોય તો કહુ.

અનંગ:—શું છે ? ખુશીથી કહો મ્હારી કાંઇ હરકત નથી.

સુમતિઃ—ગોવર્ધન કેવા પ્રકારનો છે અને કેટલો દુષ્ટ છે, તે તમે જાણુતાજ હશો મેં એક એવું સાંભળ્યું છે, કે, નીલાંબર બાબુ સંબંધીની હકીકત તેણે બનાવટ કરી કહી છે ! પછી ખરૂં શું તે ઇશ્વર જાણે.

અનંગ મોહિનીને આ સાંભળી ઘણું આશ્ચર્ય લાગ્યું તે જરા વેગળી હતી, ત્યાંથી સુમતિ પાસ આવી બોલી “ શું કહો છો ? ખરૂંજ કે શુ ? પણ મને અત્યાર સુધી કોઇ દહાડો એમ લાગ્યુ સુદ્ધાં નહોતું પણ નહિ ? એમ થશે કેમ ? ઘણું કરી બહુ અશક્યજ હોવું જાઇએ તે જો અત્યાર સુધી જીવતા હોત ! તો આ ગયા ત્રણ વર્ષમા તેમને આટલી ભુલ કદીજ પડી નહિ હોત નહિ,

નહિ, આટલી બધી નિસ્ઠુરના તેમના દિલમાં છેજ નહિ નથીજ મને ખાત્રીથી લાગે છે. ”

સુમતીઃ—અમથું શું કરવા હું ખોટું બોલીશ ? એક એકવાર એવું મનમાં આવે છે, ત્યારે એમ થાય છે કે ત્હમારાથી એવો કયો અપરાધ થયો છે કે, આ મુઆએ ગમે તેવી યુકતી લઢાવી ત્હમને બન્નેને એક બીજાથી દુર મુકાવ્યાં ? પણ મને લાગે છે કે તેનો એકવાર પોતેજ શોધ કરી ખરૂં ખોટું જોવામાં શી હરકત છે ?

અનંગઃ—પરંતુ આવું ભયંકર કામ કરવાથી ત્હેને શો લાભ છે ?

સુમતીઃ—એવું સાહસ જો નહિ કરે તો આજ લગભગ એકાદ રાજા જેવો બેશી ખાય છે, તે ત્હેને કેમ મળશે ?

એકદમ અનંગ મોહિનીને ત્રિસ્ત્રોનાના કીનારા ઉપરના નીલાંબરના કલકતે જવાના વખતે થએલા ભાશણના કેટલાક શબ્દો સાંભર્યા અને ત્રણે વર્ષે નીલાંબર બાબુના મૃત્યુ સંબંધી ત્હેના મનમાં સંશય પેદા થયો.

પ્રકરણ ૧૦ મુ.

લગ્ન ઠર્યું.

ઉત્પદ્યન્તે વિલીયન્તે દરિદ્રાણાં મનોરથા : ।

સુભાષિત.

સુમતિએ ઘેર પહોંચતાની સાથેજ વિનય કૃષ્ણને થએલી બધી હકીકત કહી સંભળાવી બીજેજ દિવસે સ્હવારે વિનયકૃષ્ણ ગોવર્ધનને મળવા ગયો તે વખતે ગોવર્ધન

સરોવરની પાછળની બાજુએ આવેલા પુરૂષે ધ્યાનમાં તુલસીમાળા હાથમાં લેઇ મોઢેથી વિષ્ણુ સહઅનામાવળી પૈકી કાંઇ બોલતો હતો વિનય કૃષ્ણને જોતાની સાથેજ ગોવર્ધન હસીને બોલ્યા, " પધારો, પધારો વિનય કૃષ્ણ બાબુ ? આજ આપનાજ સંબંધની વાતોએ મ્હારા યોગ સાધનમાં ઘણોજ ભંગ થયો છે. પરંતુ કરવું કેમ ? સંસારમાં રહ્યા એટલે યોગાભ્યાસની અંદર આવીજ રીતનાં વિઘ્નો આવનાંજ જયશ્રીકૃષ્ણ ? જયશ્રીકૃષ્ણ ? મ્હે એવું સાંભળ્યું છે કે તે દિવસે તમને લગ્નના સંબંધમાં જે કહ્યું; તેથી તમે મારા ઉપર ઘણા અસંતુષ્ટ થયા છો ? તમારૂં કુટુંબ અન ગમોહિની પાસે ગયાની ખબર મળી અનંગમોહિની પણ મ્હારા ઉપર થોડા ઘણા ગુસ્સે થયા છે અને આ વિવાહ જેમ બને તેમ જલદી મેળવી લાવવા બદલ મ્હને ત્હેમનો સંદેશો આવ્યો છે. "

વિનય કૃષ્ણ બોલ્યો " મ્હારા જેવા શુદ્ર માણસે આપના જેવા વડિલ માણસ ઉપર અસંતુષ્ટ થવું શક્ય પણ લાગે છે કે ? આપ જાણતા હશો કે મ્હારી દીકરીને આ ઉપર વધારે વખત સુધી લગ્ન શીવાય રાખી મુકવી ઘણી અશક્ય છેઃ અને તેને લીધે મને અતિશય ચિંતા લાગી રહી છે. શિવાય સ્વર્ગ વાસી બાબુ મહાશયે તેનો વિવાહ વિનોદબાબુની સાથે કરવાનું વચન આપ્યું હતું એ પણ આપ જાણતા હશોજ. "

" તમ્હે કહો છો તે બધુ ખરૂં છે તમારી છોકરીનો વિવાહ વિનોદલાલની સાથે થાય તો તે વાત સર્વ રીતે સારીજ થવાની છે જય શ્રી કૃષ્ણ ? જય શ્રીકૃષ્ણ ? મ્હારે કાંઇ તેથી થોડુંજ નુકશાન છે ! પરંતુ ત્હમને ખબર છે ને; કે જે અર્થે સ્વર્ગ વાસી ઘનશ્યામ બાબુએ આ સર્વ સંપતિનો ભાર મ્હારા ઉપરજ મુક્યો છે, તે અર્થ કરીને, મ્હને જે કોઇ પણ માણસનો ઠપકો ન આવે એવીજ રીતે

વર્તવું જોઇએ આવા આ જોખમના કામમાં, અલ્પબુદ્ધિ સ્ત્રીઓની સલાહે જો હું ચાલવા લાગ્યો તો પછી આ અફાટ સંપતિની ' રેવડી દાણા દાણ ' થવાને જરા પણ વાંર લાગશે નહિ; શિવાય આજ કાલ વિવાહ સંબંધી નવીન રીત નીકળી છે તે પણ આપને ખબર હશેજ ? "

" કઇ નવીન રીતે ? સ્પષ્ટ કરી કહો. "

ગોવર્ધન બોલ્યો " હાલમાં કન્યાના લગ્ન વાખતે-વિશેષ્ક મોટા મોટા લોકને ત્યાં ગરીબની દીકરીઓના લગ્ન થાય છે. તેરે પ્રસંગે દીકરીના બાપને ઘણો અર્થ વ્યય કરવો પડે છે. ? આ તો ખુલ્લુજ છે કે આ વીવાહ થવાથી ઘનશ્યામ બોસની સર્વ સંપત્તિની ધણીઆણી ત્હમારી કન્યાજ થવાની જય શ્રીકૃષ્ણ ! જય શ્રીકૃષ્ણ ! પરંતુ હાલમાં પ્રચારમાની લોકનિતિ વિરૂદ્ધ આચરણ કરી જો હુ ત્હમારી પાશેથી કાંઇજ લઇશ નહિ તો લોકો મને ઠપકો આપ્યા વગર રહેશે કે ? ખરૂ કે ખોટુ ? "

" અમારી પાસે કેટલો પૈસો છે, તે તો આપ જાણો છો. ? "

" તે હુ જાણુ છું ત્હમારી ઇષ્ટેટ એટલે જમીદારીનુ એક ગામ અને એક ઘર એટલુજ કે નહિ. ? જય શ્રીકૃષ્ણ ? જય શ્રીકૃષ્ણ ? ત્યારે હુ કહુ છુ ગમે તેમ કરી આઠ દશ હજાર રૂપીઆની તજવીજ કરો એટલે થયુ ? વારૂ ત્યારે હવે તમારે જે કરવું હોય તે નક્કી ઠરાવો; ત્યાં સુધિ હુ પણ જરા તે વાત સબંધી વિચાર કરૂ છુ. જય શ્રીકૃષ્ણ ! જય શ્રી કૃષ્ણ ! જય સારીચદાનંદ પ્રભો. ! "

વિનયકૃષ્ણ ચીન્તા યુક્ત અંતઃકરણથી પાછો પોતાને ઘેર ગયો, તેના મનમાં સ્હેજ એવો બીચાર આવ્યો કે, હવે આગળ કરવુ કેમ ? આઠ દશ હજારની મ્હોટી રકમ લાવવી ક્યાંથી ? ગામમાંના લોકો હવે નીર્મળાના

વિવાહના સંબંધમાં અપરોક્ષ રીતે સુચના મોકલવા લાગ્યા,? અને દેખતાં ત્હેની સ્હામુ જોઈ મ્હોં મરડવા લાગ્યા ? હવે આવી વખતે બીજુ સ્થળ કયાં જોવું ? અને જલદી મળે કયાંથી ! નશીબના ભોગ છે, બીજુ શું ? એવા તહેના વિચાર કરતો કરતો વિનય કૃષ્ણ ખિન્ન બની પોતાને ઘેર ગયો. ઘરમાં પગ મુકતાંનીજ સાથે સુમંતીએ ઉત્સુકતાથી પુછયું " આજ ગોવર્ધને શું કીધુ, ? અનંગ મોહીનીએ તેને કંઈ સંદેશો કહેવરાવ્યો હતો કે નહી. ? ?"

વિનયકૃષ્ણ બોલ્યો, " ગોવર્ધને પોતેજ મને કીધું કે અનંગ મોહિનીએ જલદીથી આ લગ્ન મેળવી લાવવા સારૂ તાકીદનો સંદેશો મોકલ્યો છે. પરંતુ ત્હેનુ કહેવું એમ પડે છે કે આવા કામમાં અલ્પ બુદ્ધિ સ્ત્રીઓની સલાહથી વર્તવું યોગ્ય નથી ? અને પહેલાં આઠ હજાર રૂપીઆ આપ્યા વગર આ વાત બીલકુલ થવાની નથી. ? ત્યારે હવે કેમ કરવું ? "

સુમતી—તો પણ મ્હારા મનમાં પહેલાં વહેમ આવ્યો હતોજ કે આ મુઓ કાંઈ પણ અંદર વિઘ્ન લાવ્યા શિવાય રહેવાનો નથી, ત્યારે હવે આ આગળ વ્યર્થ આશારાખવામાં કાંઇ અર્થ નથીજ; !

વિનય—તેજે કહેતો હતો કે તમારા જેવાએ આ વાત કરવી એટલે જાણે, આકાશમાંનો ચંદ્ર હાથમાં લેવો એવુ થાય. તે કાંઇ ખોટુ નથી. ? હશે પરમેશ્વરેજ જો આ મને આ દીવશ દેખાડયા છે. તો તેની આગળ આપણો શો ઇલાજ. ?

એ સાંભળી સુમતીની આંખો પાણીથી ભરાઈ આવી. અને તે ત્યાંથી ઉઠી પોતાની ઓરડીમાં ગઇ, અને એક બાજુ બેશી રડવા લાગી. વીનય કૃષ્ણ જેને તે ઠેકાણે ખીન્ન મુદ્રાથી બેશી રહયો. તેને મનમાં ખોટુ લાગ્યુ. તે-

ના મનમાં જુદી જુદી તંહેના વિચાર ઘોળાવા લાગ્યા.

ઘણો વખત આવી સ્થિતીમાં ગયા પછી વિનયકૃષ્ણ ના મનમાં એક વિચાર આવ્યો. અને તેની સાથે તેનો ચ્હેરો પ્રફુલ્લ જણાવા લાગ્યો, પોતાના મન સાથે કાંઇ નીશ્ચય કરી તે ત્યાંથી ઉઠયો અને કપડાં વગેરે પહેરી બહાર જવા લાગ્યો. એટલામાં નીર્મળા ત્યાં આવી; તેણે વિનયકૃષ્ણને બહાર નીકળેલા જોતાંજ તેમને પુછયુ " બાપા ક્યાં જાઓ છો ? "

" હુ આ હમણા જઇને આવ્યોજ ત્યાં સુધી ત્હમે તમારૂ ખાવુ પીવુ પરવારી લ્યો. "

ત્હમારા આવ્યા શીવાય મા પાણીનો ઘુટડો સુદ્ધા લેશે નહિ. એ લક્ષમાં છેને. ?

આજ હુ પણ બાપા, ત્હમારા આવ્યા શીવાય જમવાની નથી. "

" હુ જરા પણ વાર લગાડવાનો નથી. હમણાં જ લઇ આવુ છુ. " એટલુ બોલી વિનય કૃષ્ણ ત્યાંથી તાબડ તોબ નીકળી ગયો.

આ તરફ વિષ્ણુ મંદીરમાં ગોવર્ધન ઘોશાલ જમણ વગેરે પરવારી પોતાની એકાંત ઓરડીમાં પલંગ ઉપર મૃદુ હુશૈયામાં ખાસ દુર દેશથી મંગાવેલા સુગંધી પદાર્થ મીશ્રીત એવી તમાકુ ગુડગુડીમાં નાંખી નીદ્રા દેવીની આગમનની ઉપેક્ષા કરતા પડયા હતા. એટલામાં ઓરડીના બારણામાં એક ચાકરે આવી નમ્રપણાથી કહ્યું, "ધની સાહેબ દસને અપરાધ બદ્દલ ક્ષમા કરશો આપના વિનયકૃષ્ણ બાબુ બહાર આવ્યા છે. આપને મળવાની તેમને ઇચ્છા છે. મેં ત્હેમને ઘણુ કીધુ કે ધની સાહેબ હમણાંજ અંદર ગયા છે. અને તે હાલ યોગ નીદ્રામાં તે; તેમને મળવાનો આ વખત નથી પછીથી આવજો વગેરે પરંતુ તેમણે સમુળગુ

નહી સાંભળવા મને અહીં મોકલ્યો છે તે."

તે આગળ કાંઇ બોલાવવાનો હતો એટલામાં ગોવર્ધન વચ્ચેજ બોલ્યો. "તેમને બહારના દિવાનખાનામાં બેસવાનું કહે, હું ત્યાં આવુ છુ."

વિનયકૃષ્ણ જે ઘેરથી કપડાં પહેરી નીકળ્યો. તે સીધો, વિષ્ણુ મંદિરમાં ગોવર્ધન તરફ આવ્યો અને તેણે ત્યાંના એક નોકરને ઉપર લખ્યા પ્રમાણે સંદેશો આપી અંદર મોકલ્યો. થોડા વખતમાં તે બહાર આવી તેણે ગોવર્ધનનો સંદેશો કહ્યો વિનયકૃષ્ણ દિવાનખાનામાં જઈ બેઠો એટલામાં ગોવર્ધન પણ ત્યાં આવ્યો અને બોલ્યો " કેમ વિનય બાબુ! આપ આ વખતે ક્યાંથી આવ્યો ? શું કામ છે. ? આવો આમ અંદર આવો, "

બન્ને જણા ત્યાંથી બીજી ઓરડીમાં ગયા. વિનયકૃષ્ણ બોલ્યો " તે વખતનાં થએલી વાતના સબંધમાંજ આપને થોડુ પુછવાનુ છે. સવારે આપે પૈસાના સંબંધમાં કહ્યું તેના બદલ હજુ સુધી મ્હારા મનમાં વિચાર ઘોળાતો હતો, મને એક ઉપાય સુઝયો છે, પરંતુ મને તેમાં આપની મદત જોઈએ છે મ્હારા મનમાં એવુ આવ્યુ છે કે મારૂ જમીનદારીનુ ગામ તથા ઘર વેચવુ અથવા ઘરણે મુકવુ. તેમ કરવાથી આ પૈસાની અડચણ સ્હેજ દુર થશે, ત્યારે તે બદલ આપનુ શુ કહેવું છે ?

ગોવર્ધન અતી ઉત્તમ છે ? મ્હારા મનમાં આ બાત આવીજ હતી, પરંતુ તે કહેવાનુ સાહસ મારાથી એકદમ થયુ નહિ ધારો કે તે વાત તમને પસંદ પડી અથવા ન પડી તો ? હું કહુ છુ એ વેચવાનુ શુ પ્રયોજન છે ? મ્હારીજ તરફ આઠ હજારમાં તે ગીરો મુકો એટલે થયુ ? આગળ લગ્ન થયા પછી સર્વ કાંઈ તમારૂજ છે, ? ત્યાર કેમ ? કબુલ છે ના ? કાલે આપણે દુર્લભચંદ્રને બોલાવી ગીરોખત કરીશુ, અને તે રજીષ્ટર વગેરે કરી લ

રત લગ્ન તીથી પણ નક્કી કરીશુ, એટલે થયું. ? આ લગ્નના સંબંધમાં મ્હારા મનમાં પણ ઘણા દીવસથી ઘોળાયા કરતુ હતુ ચોકકુ બેઠુ; એ ઠીક થયું ? જય શ્રી કૃષ્ણ ? જય સચ્ચિદાનંદ પ્રભો ?—તમે એક વાત ખાસ કરી લક્ષમા રાખજો કે, આ સંબંધી વાત કોઇની પાસે એક અક્ષર સરખો ઉચ્ચારવાનો નથી, ત્હમે હવે આ વાત સંબંધી નીચિંત રહો; ? તે ગીરોખત રજીસ્ટર કરવા સારૂં ફક્ત આપણને દીનાજપુરમાં જવુ પડશે. "

આટલું બોલવુ થયા પછી વિનય કૃષ્ણ કેટલોક વખત બેસી પ્રફુલ્લ મનથી પોતાને ઘેર નીકળી ગયો.

પ્રકરણ ૧૧

કલકત્તેથી તાર આવ્યો.

બીજે દીવસે સવારના પહોરમાં કોઇનો એક એક મ્હોટેથી બોલવાનો અવાજ થવાથી વીનયકૃષ્ણની નીદ્રા ભંગ થઇ; તેણેબહારથી આવી જોયુ તો પોરટમેન વાટ જોતો ત્યાં ઉભો હતો વીનય કૃષ્ણને બહાર આવેલો જોઇ તેણે તારનો કાગળ તેના હાથમાં આપ્યો તેણે તે કાગળ ઉઘાડીને જોતાંજ આગલ ઇંગ્રેજીમાં લખેલી હકીકત તેની દ્રષ્ટીએ પડી ' એક સેકન્ડ પણ વખત ખોટી કર્યાં વગર તમે મને પ્રત્યક્ષ દુગાદ્રમાં મળો. મૃત્યુપત્ર ચોરીએ ગયું છે; હું મ્હોટા દુઃખમાંછું. જીવવાની આશા નથી; વિલંબ નહિ કારનાં મોકલ નીકળી આવો.' તારની નીચે (A Horison)એ હેરીસન એની તાર મોકલનારની સહી હતી. તે તાર કલકત્તેથી આવી હતી. વિનયકૃષ્ણને તે તારનો ભાવાર્થ સમુળગો સમજાયો નહિ.

મૃત્યુપત્ર ક્યાંનું અને શું ? સંકટમાં કોણ છે? એ હેરી-સન કોણ ? કશાની ત્હેને સમજણ પડતી નહોતી ? વિ-નયકૃષ્ણ કેટલીકવાર સુધીતે તાર હાથમાં લઈ વિમુખપણાથી ઉભો રહયો; અને પછી ગોવર્ધન તરફ જઇ બોલ્યો, " દુર્લભચંદ્રની સાથે દિનાજપુર આજ કઇ વખતે જવાનું છે ? કાલે તે વાત પુછવાની હું ભુલીજ ગયો. આજ હમ-ણાં કલકત્તેથી મ્હારા નામનો આ એક તાર આવ્યો છે. પરંતું ત્હેમાં શું લખ્યું છે અને કોના સંબંધનું લખ્યું છે તે સમુળગું સ્હમજાતું નથી ?" ' ક્યાં છે જોઉં ?'

વિનયકૃષ્ણે તારનો કાગળ ગોવર્ધનના હાથમાં આ-પ્યો. તેણે તે પોતાના ધ્રુજતા હાથે ઉઘાડયો અને વાંચવા લાગ્યો. અકસ્માત ત્હેનું મ્હોં ફીકું પડયું. કાગળ હાથમાંથી નીચે પડયો. તેનું સર્વ શરીર થરથર કંપવા લાગ્યું. કેટલોક વખત ગોવર્ધન માથા ઉપર હાથ ચોળતો ચોળતો બોલ્યો, " દત્ત મહાશય ?" મ્હને આમાં બીલકુલ ખબર પડતી નથી. કલકત્તાનો હેરીસન સાહેબ કોણ ? ત્હમારી અને ત્હેની પહેલાંની કાંઇ ઓળખાણ હતી ?"

" મેં તો તેનું નામ પણ હજુ સુધી સાંભળ્યું નથી." તો પછી આ તાર ભુલથીજ તમારે ત્યાં આવી હશે; બીજા કોઇની તે હશે; એ હવે મ્હારી પાસેજ રહેવા દો ? તે માણસનો તપાસ મળશે તો કરી જોઈશ. આપણને તો કાંઇ ખબર નથી. આ હેરીસન કોણ છે તે.?"

" વારૂ હશે ? દિનાજપુરમાં કેટલા વાગે જવુ છે ?" કાલ મેં દુર્લભરાયને ત્યાં માણસ મોકલ્યો હતો. ત્યારે એમ ખબર મળી હતી કે, તેઓ કલકત્તે કાંઇ કામ સારૂ ગયા છે. ત્યાં કદાચિત્ થોડા દિવસ રહેવું થશે. આજેજ હું તેમને કાગળ લખું છું કે તમો કલકત્તેથી બારોબાર દિનાજપુર આવશો તે કાગળનો જવાબ આવેથી આપણે

દિનાજપુરમાં જઈશું. પછી આઠ હજારનું ખત વગેરે બધું નક્કી કરીશું, ”

વિનયકૃષ્ણ બોલ્યો “ત્યારે પછી આ વચલા અવકાશમાં કલકતે સંબંધી તપાસ કરવામાં મ્હને શી હરકત છે? પછી હું પણ દુર્લભરાય સાથે બારોબાર દિનાજપુર આવીશ.”

ગોવર્ધન બોલ્યો. “નહિ તેમ નહિ કરશો, કદાચિત દુર્લભચંદ્રનીને તમારી મુલાકાત ન થઈ તો? ત્હમે હાલ તમારી દીકરીનાં લગ્નની ખટપટમાં છો, ત્યાં સુધી આ બીજું કામ પાછળ ન લગાડી રહો એ સારૂં, તે તારના સંબંધમાં ત્હમે બીલકુલ ફીકર કરશો નહિ તે કોની છે તેનો જ ફકત તપાસ કરી જોવો જે એ, બાકી તે બાબદ તદ્દન નિશ્ચિંત ફીકર કરો, મને લાગ ખબર પડતાંજ હું તેની તમને ખબર આપીશ.”

વિનયકૃષ્ણ નીકળી ગયો. ગોવર્ધને વામનદાસને હાંક મારી બોલાવ્યો તે આવ્યો ત્યારે તેને કહ્યું “એક વાર રાય મહાશયને લેઇ આવ જોઉં તેમને કહીએ કે ઘણું જ જરૂરીનું કામ છે.

થોડા વખતમાં દુર્લભરાય ત્યાં આવ્યો. તેને ગોવર્ધને કીધું, દુર્લભભાઈ સર્વ નાશ થવાનો વખત આવ્યો છે. આજ વિનયકૃષ્ણના તારની કલકત્તેથી [illegible] આની ઉપરી સન તરફથી એક તાર આવી છે: આ વાંચી જુઓ; એટલે બધું કઇ સ્હમજાશે આપણી પેલી સાધનની ઓરડીમાં ચાલો આ સંબંધી શું [illegible] કરવાનું તે નક્કી કરી નાખીએ. તમને એને સારૂ પણ કદાચ કલકત્તે જવું પડશે એમ લાગે છે. મને લાગે છે હવે ઘણું કરી આપણું તમામ કારસ્થાન બહાર આવશે?” રાય મહાશયે તે તાર લક્ષપુર્વક વાંચી જોયો તેમનો પણ ચહેરો આ વખતે ઉતરેલો જણાયો.

—o—

પ્રકરણ ૧૨ મું.

પુર્ણ પણે જાળામાં ફસાયો

મુકદ્દરમાં હતું તેવું બન્યું તુજ હાથથી માલિક?
પરંતુ એ દગો દેતાં કહે તુજ હાથ શું આવ્યું ?

(કલાપિ)

દીનાજપુરમાં ઘનશ્યામ બોસની એક પેઢી હતી, જમીદારી ના સંબંધમાં કાંઇ કામ કોર્ટે ચાલતુ હોય તેવા વખતે તેમના કારભારી વકીલ વગેરે ત્યાંજ ઉતરતા હતા ગોવર્ધન અને દુર્લભરાય આ તેમથી પેઢીમાં આવેલી ઓસરી પાસે બેસી ધીમે ધીમે કાંઇ સંભાશણ કરતા હતા.

ગોવર્ધન—એકંદર હવે એવુ કહેવાને હરકત નથી. કે વગર ઓસડે ખસ ગઇ ? હેરીસન સાહેબ મુઓ એ વાત ત્યારે એકંદર ખરીજ ? તેનો હેડકલાર્ક ઉદ્ધવ બાબુ-તો આપણા કબજામાં આવેલોજ છે હેરીસન સાહેબે પાછળની વ્યવસ્થા હવે તેનેજ સોંપી હશે

દુર્લભ—હા તેમજ હશે ? કારણ તેનુ મરણ તદ્દન અકસ્માત રીતે થયેલુ હોવાથી તેનાથી કાંઇ પાછલી વ્યવસ્થા બરાબર કરવાને મળી આવ્યુ નહિ ઉદ્ધવ બાબુ પાસે હતા તેમનેજ જે કાંઇ વ્યવસ્થા કરવાની તે મ્હોંઢે કીધેલી મને એક મ્હોટુ આશ્ચર્ય લાગે છે કે મૃત્યુ પત્ર સંબંધીની ભાનગડમાં તેને તેના ઉપરજ કેમ સંશય આવ્યો નહી ! તેણે તો તેનેજ ખોટા મૃત્યુ પત્રના સંબંધના યોગ્ય તે તપાસ કરી ફરીયાદ વગેરે કરવા કીધેલું હતું ? હશે પણ હવે આપણને શું ત્હેનુ ? ઉદ્ધવ બાબુ તો હાલમાં આપણીજ બાજુના છે.

આ સાંભળી ગોવર્ધન થોડો વખત વીચારમાં ગુંગ

થયા, જેવો દેખાયો, કેટલોક વખત વિત્યાબાદ તેના નિ-સ્તેજ ચહેરા ઉપર કિંચિત લાલી આવી તે બોલ્યો, " દુ-ર્લભરાય વિનય કૃષ્ણની દિકરીનો વિવાહ થવાને બદલે ત્હેનો પોતાનો સંખલાબાઈ સાથે વિવાહ થશે? અને પછી જોઈતો માર્ગ આપણે ખુલ્લો બધે થયો! આપણને પણ વિનોદનો વિવાહ ન થાય એજ હમણાં ઇષ્ટ છે."

દુર્લભઃ—એવી કઈ યુક્તિ તમને સુઝી છે?

ગોવર્ધનઃ—જરા આમ આવો, પાસે તો બેસો, એટલે તે તમારા કાનમાં કહુ છું.

પોતાને સુઝેલી યુક્તી ગોવર્ધને દુર્લભચંદ્રના કા-નમાં કીધી અને તે તેને પણ ગમી અને બંન્નેના વિચા-રથી તે અમ્મલમાં લાવવાની ઠરી.

ગોવર્ધનઃ—દુર્લભરાય હાં હવે તૈયાર થાઓ; વિ-નય કૃષ્ણ આવવાનો વખત થયો છે ઠર્યા પ્રમાણે પેલું ખત લખી તૈયાર કરો હું પણ જરા જપમાળ હાથમાં લઉં છું.

ગોવર્ધને જપમાળ હાથમાં લીધી અને તરત ધ્યાન સ્થ થયો, થોડાજ વખતમાં વિનય કૃષ્ણ ત્યાં આવ્યો, તે આવતાંજ દુર્લભચંદ્ર તેને ઉદ્દેશી બોલ્યો, " આવો વિનય બાબુ સ્નાન સંધ્યા વગેરે તમારા થયાં છેને? ત્યારે હવે વિલંબ શા માટે? ખત વગેરે બધુ લખીને તૈયાર છે. આલ્યો વાચી જુઓ એકવાર."

વિનયઃ—અરે એમાં શું વાંચવું છે? તમેજ તે લખ્યુ છેને?

આટલામાં ગોવર્ધનનું ધ્યાન પણ ચક્ક રહે છે. તે વિનય કૃષ્ણને ઉદ્દેશી બોલ્યો " વિનય બાબુ, ત્હમે આવ્યા કે? ચાલો જલદીથી સ્નાન સંધ્યા વગેરે પરવારી લ્યો. એટલે આપણને ત્યાંનું કામ પરવારિ આજેજ કલકતે જવાશે."

દુર્લભ—અરે તેઓતો સ્નાન વગેરેથી પરવારી આવ્યા છે ! મ્હેં પણ ખત વગેરે લખી તૈયાર કીધું છે. તમે આટલો વખત ધ્યાનમાં મગ્ન હતા તેથીજ તમને તેની કાંઇ ખબર પડી નહિ. આ ખત એક વખત જુઓ ત્હેમાં કાંઇ ભુલ હોયતો.

વિનય કૃષ્ણે દુર્લભચંદ્રે લખેલું ખત વાંચી જોયું, તેમાંનો સાધારણ સારાંશ એવો હતો કે " મ્હેં સ્વર્ગવાસી ઘનશ્યામ બોસના કારભારી શ્રીયુત ગોવર્ધન ઘોષાલની પાસેથી કાંઇ વિષેશ કામ સારૂ આઠ હજાર રૂપીઆ રોકડા કરજે લીધા છે; તે બદલ મ્હારૂં રહેવાનું ઘર તેમજ જમીદારીનું ગામ એ તેમની પાસે ગીરો રહેશે; મેં લીધેલી સર્વ રકમ વ્યાજ સાથે નીચે લખેલી મુદતમાં પાછી આપીશ મ્હારી તરફથી તેમ ન થાય તો ઉપર નિર્દિષ્ટ કરેલા ગોવર્ધન મહાશયે મારૂં ઘર તથા ગામ લીલાંવ કરી પોતાની રકમ વ્યાજ સાથે વસુલ કરી લેવી ઇત્યાદિ આટલું લખી બધાની નીચે તારીખો નાંખી હતી.

ગામ અને ઘર ગીરો નાંખવાનો વિચાર વિનયકૃષ્ણના મનમાં આવ્યાથી આ વખત સુધી તેણે પ્રસંગ ઉપર નજર નાંખી મનનું સમાધાન કરી લીધું હતું પરંતુ ઉપરનું ખત વાંચતાંજ માત્ર પોતા જેવા પૂર્વાપાર શ્રીમંત ઘરના માણસને, કોઇ પણ કારનુને લીધે ઘર અને ગામ ગીરો મુકવાનો પ્રસંગ આવવો, એ મનમાં આવતાંજ ઘણુ ખોટું લાગ્યું તેણે ત્હેમાંનો થોડો અહવાલ વાંચ્યો એટલામાં તેની આંખે અંધારી આવી તેના હાથમાંથી તે કાગળ નીચે પડ્યો પરંતુ તેટલામાં તેણે પોતાનું મન દાબી રાખ્યું અને પોતાની મનોવૃતી બને તેમ કરીને બહાર ન દેખાડવા બદ્દલ પોતા તરફથી બનતો પ્રયત્ન કર્યો, તો પણ વિનયકૃષ્ણના ચહેરા ઉપર ઉદાસીનતાની છટા માર્યા શી-

વાય રહી નહિ. તેણે પડેલો કાગળ ઉચક્યો, અને દુર્લભચંદ્રના હાથમાં આપ્યો. દુર્લભચંદ્રે તે કાગળ ગોવર્ધન આગળ કરી કહ્યું " આપ એકવાર વાંચી જુઓ. કાંઈ કમી જાસ્તી રહ્યું હોય તો? "

ગોવર્ધનઃ—અરે તમે પોતેજ તે લખ્યા પછી તેમાં ભુલ શાની રહી છે? ત્હમને તો ખબરજ છે કે વિનોદ બાબુને હમણાં આઠ હજાર રૂપીઆની ઘણી જરૂર છે; કારણ તેમનાં દિકરીનાં લગ્ન થવાનાં છે, અને તેથીજ હું પોતે મ્હારાં બધાં કામ એક બાજુએ મુકી હ્યાં આવ્યો છું? "

દુર્લભઃ—પણ ત્હમને પોતાનેજ ત્યાં આવવાનું શું પ્રયોજન હતું? ત્હમારાં તરફથી એકાદ માણસ મોકલ્યો હોત તોપણ તે કામ થવા જેવું હતું.

ગોવર્ધનઃ-વા! અમે તેવું બોલવું એટલે? અરે વિનયકૃષ્ણ જેવા આમારા પરમ સ્નેહીની ખાતર થોડો ઘણો ત્રાસ વેઠવો પડે, તો તે અમને શ્રેયસ્કરજ છે. આ બધું લેખી વગેરે કરવાનું તે ફક્ત લોકને બતાવવા માટેજ! હમણાં વિવાહ થયો એટલે પછી બાસની અઘાટ સંપત્તિની ધણીઆણી કોણ થવાની છે? આમનીજ દિકરી—જયકૃષ્ણ? જયસચ્ચિદાનંદ પ્રભો! કેટલોક વખત થોભી ગોવર્ધન પાછો બોલ્યો, "સર્વ વાત ખરી પરંતુ"—

વિનય;—આપનું શું કહેવું છે? પરંતુ કહી કેમ થોભ્યાં?

ગોવર્ધન કીંચિત્ કષ્ટ મુદ્રા કરી બોલ્યો "શું કહુ ત્હમને! વિનય બાબુનું આ ઘણીજ જરૂરીનું કામ હોવાથી આ તરફ આવતી વખતે મારી ઘણીજ ધાંધલ ઉઠી. તેને લીધે પૈસા સાથે લાવવાના હું કહું છું, તે મ્હારી સાથે કલકત્તે આવ્યાથી બેંકમાંથી આઠહજાર રૂપીઆ કાઢી હું તેમને આપીશ. પહેલાં જોઈતા હોય તો હું

તેવો ચેક હમણાં લખી આપુ છું. ”

દુર્લભઃ—વિનય બાબુ શું આ આટલી થોડી રકમ સારૂ તમારો અવિશ્વાસ કરશે? નહિ રે? મને તેમ લાગતું નથી. પણ તેમની જો તેમ ઇચ્છાજ હોય તો પછી તેવો ચેક લખી આપવાને તમને શી હરકત છે?

વિનયઃ—તમે જો કલકતે ગયા પછી પૈસા આપવાના છો, તો પછી આ ફકત બેજ દિવસ સારૂ ચેક શું કરવા જોઈએ? મ્હને પણ પેલા હેરિસન સાહેબ વિશે અને આવેલા તારનો તપાસ કરવા સારૂં કલકતે જવું છે.

ગોવર્ધન હશીને બોલ્યો “ તો પણ હું ધારતોજ હતો કે આપના જેવા મ્હોટા માણસના મ્હોંઢામાંથી આવા ઉદ્ગાર નીકળશે. વારૂ, દુર્લભરાય; રજીષ્ટર વગેરે શું કરવાનું છે તે જલદી કરીલ્યો, અને પછી આપણી કલકતે જવાની તૈયારી કરો.

‘ ઠીક છે ’ કહી દુર્લભરાય ત્યાંથી ઉઠીગયો. જલદીથીતે ખત પત્ર રજીષ્ટર થઇ આવ્યું. તેજ દિવસે વિનય કૃષ્ણ ગોવર્ધન અને દુર્લભરાય સાથે કલકતે નીકળી ગયા.

પ્રકરણ ૧૩ મુ.

વિનોદ.

એ મુખડું તો કાળજ મ્હારૂં,
સૌ ભાવોનું પ્યાલું પ્યારૂં,
એ વિણ કોને ક્યાં સંભારૂં?
એ મુખડું નજરે તરવરતું;

(કલાપિ)

એક દહાડો સવારે વિનય કૃષ્ણના ઘરમાં મેડા ઉપર સુમતિ અને નિર્મળા બેઠા હતાં. નીચે ઓસરી ઉપર

તેમની જુની દાસી ક્ષેમંકરી ઉર્ફે 'ક્ષેમી માશી' એ ઝાડ ઝુડ, લીપણ, રસોઈ વગેરે ગૃહ કાર્યમાં રોકાઈ હતી, ઘણાં વર્ષથી ક્ષેમ અંકરીના બાપ દાદા વગેરે સર્વ પરિવાર અશોકપુરમાં દત્તના ઘરમાંજ નોકરીએ રહેલાં, કાલાન્તરે તે બધાંમૃત્યુ પામ્યાં હતાં, અને ફકત ક્ષેમ અંકરી પાછળ એકલીજ રહી હતી. ઘણી જુની દાસી હોવાને લીધે ક્ષેમી લગભગ તેમના કુટુંબમાં ઘરના જેવી થઇ પડી હતી. કેટલાકને તો તે દાસીછે કે તેમના કુટુંબ પૈકીની છે, એ કોઇને ખબર નહોતું. સુમતિ તેને હમેશાં 'ક્ષેમી માશી' કહી બોલાવતી હતી. અને તેનું સાંભળી નિર્મળા પણ તેને તેજ નામથી બોલાવતી હતી. નિર્મળાને તેણીએ નાનપણામાં અંગ ઉપર તથા ખાંધ ઉપર રમાડી હોવાના કારણને લીધે ક્ષેમી તેને પોતાની છોકરી પ્રમાણે લેખતી હતી.

ક્ષેમી મ્હોટે મ્હોટેથી હાંક મારતી સાંભળી નિર્મળા મેડાના પગથીઆપાસે આવી બોલી "માશી; કેમ હાંક મારે છે? કોણ જોવા આવ્યુ છે મને કહે છે તે?

ક્ષેમીઃ--અરે પણ એક વાર નીચે આવશે કે નહિ: આ જો કોણ આવ્યું છે તે.

નિર્મળાએ આગળ આવી જોયુ તો ક્ષેમી વિનોદલાલનો હાથ પકડી ઉપર ખેચી લાવતી હતી. નિર્મળા એ મૃદુહાસ્ય કરી તે એકદમ અંદર ચાલી ગઇ. તે જોઇ સુમતીએ પુછ્યું "કેમ અલી? કોણ આવ્યું છે? જોને નીચે જઇને? નિર્મળા આ ઉપર કાંઇજ બોલી નહિ. તે જોઇ સુમતિએ ત્યાંથીજ પુછયું "માશી કોણ આવ્યું છે? આમ તેને લેઇ આવ. તોણ વિનોદ ક્યારે આવ્યો તું? બેશ".

ક્ષેમીઃ—"હા તે એમ થોડોજ કહેવા બેઠોછે! નિર્મળા કાંઇ પણ દેખાઇ નહિ એટલે બહારથી બારોબાર ચાલ્યો

જતો હતો, તે હું ત્યાં આગળ પકડી લાવી. ”

વિનોદઃ—“ નહિરે ફોઇ. હું તો ત્હમને જોવા આવ્યો હતો. ભાભીએ મને તમારી તરફ મોકલ્યો છે.

વિનોદ ન્હાનપણથીજ સુમતિને ફોઇ કહી બોલાવતો હતો.

સુમતિઃ—ત્યારે નીચેથીજ પાછો કેમ જતો હતો ! ઉપરતો આવવું હતું ? વારૂં કેમ ઠીક છે ને ? ત્હારાં ભાભી ખુશીમાં છેને ?

વિનોદઃ—હા ખુશીમાં છે. તેણે ત્હમને એકવાર પ્રત્યક્ષ મળવા બોલાવ્યાં છે.

સુમતિઃ—એમ છે કે ? ઠીક ત્યારે ? ત્હમે જઇને કહેજો કે એક બે દિવસમાં દિનાજપુરથી ત્હેમનું આવવું થશે, તેઓ આવશે; એટલે હું જરૂર આવીશ.

વિનોદઃ—ગોવર્ધનની સાથેજ તેઓ ગયા છેને ? મ્હેંતો એવું સાભળ્યું છે કે, ગોવર્ધન ત્યાંથી પાછા કલકત્તે ગયાછે, અને તેઓ ઘણુંકરી દીનાજપુરમાં રહેવાના નથી એમ મ્હેં સાંભળ્યું છે. કાલેજ ત્હેમણે એક માણસને મને કલકતે લઇ આવવા સારૂ મોકલ્યો છે.

આ સાંભળતાંની સાથેજ સુમતિનું મુખ ઉતરી ગયું તે બોલી. “ તને કલકતે લઇ જવા સારૂ ? તે શા કામ સારૂ ? ત્હારૂં શું કામ ત્યાં છે ? ”

વિનોદઃ—ઘણું કરી મ્હને બે ચાર દિવસમાં ત્યાં જવું પડશે એમ લાગે છે.

સુમતિ—ત્હારી ભાભીને તેની ખબર થઇ છે

વિનોદઃ—હા, થઇ છે અને તેથીજતો ?

સુમતિઃ—પણ હમણાં ત્હને નાયક કલકતે શા સારૂ બોલાવે છે ?

વિનોદઃ—તેમણે એવું કહેવરાવ્યું છે કે, અહિંની નિશાળમાં સારૂ શિક્ષણ મળતું નથી, તેથી મ્હારો વિચાર

કલકત્તાની નિશાળમાં અભ્યાસ કરવા મુકવાનો છે.

ક્ષેમીઃ—આવતા અશાઢ માસમાં અમારી નિમળાનું ત્હમારી સાથે લગ્ન થવાનું છે, અને હવે હમણાં શા સારૂ કલકત્તે જાવ છો

સુમતિઃ—ક્ષેમી ત્હારી જીભને જરા પણ ધરગંધ રહોજ નથ ? કેટલી વખત ત્હને કીધું પણ ત્હારૂં જે છે તે છેજ ?

ક્ષેમીઃ—આવું ત્હમે શું કહો છો ? હવે શું નવીન ઠરાવાનું છે ? લગ્ન નક્કી થય ને તો આજ ૭ વર્ષ થયા હવે અંદર વિઘ્ન લાવનારો કોણ છે ? પેલો ગોવર્ધન જને ઉં; ત્હેનું શું ? આમ મુઆની ચોટલી પકડી વાંકો કરી કબુલ કરાવશું ?

સુમતિઃ—અરે પણ હાં ? વિનોદને ઉદેશી તું કલકત્તે જવાનો એ વાતની જ્યારે ત્હારાં ભાભીને ખબર પડી ત્યારે તે શું બોલી ?

વિનોદઃ—તે બોલી વિનોદને હું મ્હારી પાસેથી બીલકુલ દુર કરીશ નહિ, અને તેને જો હ્યાંથી ત્હમે લઇ જશો તો પછી મ્હારાથી એક ઘડી પણ હ્યા રહેવાશે નહિ અને તે દુઃખથી હું તદ્દન ગાંડી થઇ જઇશ. મ્હારૂં જવાનું સાંભળી તે કેટલોક વખત રડતી બેઠી હતી. પણ તેને બાપડીને લેખે છે કોણ ? નાયબ કરે તેજ આજકાલતો પૂર્વ દિશા ?

ક્ષેમીઃ—બળ્યું એ મુઆનુ. મ્હોહું ? આવાનું તો જોડે, જોડેથી, મ્હોં ભાગી લાલ કરવું જોઇએ ? જોઇશે ! જોઇશ મ્હારી આગળ ત્હેની ગરબી કેટલી ચાલે છે તે ? લગ્નમાં કાંઇ વિઘ્નતો લાવવા દો મુઆને, પછી આ ક્ષેમીના હાથના ઝાડુના સપાટા જો બરડામાં ન બેસે તો મ્હારૂં નામ બીજું કહેવું હતું ? મ્હોટાં બાઇ (અનંગમોહીની લગ્ન કરવાનું કહે છે, ત્યારે આ મુઆને વચમાં લટપટ શું કરવા જોઇએ

સુમતિઃ—ક્ષેમી, અરે ? આજે ત્હને થયું છે શું ? ત્હારા મ્હોંને હાડતો જાણે છેજ નહિ શું ? એક સરખું લખલખ લખ્યાં શું કરે છે ?

વિનોદઃ -વારૂ, ક્ષોઇ, ત્યારે હું ભાભીને હવે શું કહુ?

સુમતિઃ—ત્હેમને કહીએ કે હું એક બે દિવસમાં ત્હમને જરૂર મળીશ, સમજ્યા કે ? અને મ્હારા મળ્યા વગર ત્હને કલકતે મોકલવાનું બીલકુલ કરશો નહિ.

વિનોદઃ—વારૂ ત્યારે હવે હું રજા લઉં છું.

ક્ષેમીઃ -વિનોદભાઇ, કેમ ચાલ્યા ? જરા થોભો ત્યારે જરા સુમતિને કાંઇ કહેવું છે. ચાલ સુમતિ, નીચે આવ મ્હારે ત્હને એક વાત કહેવી છે. થોભો હા વિનોદ-ભાઇ હમણા અમ્હે આવી છીએ.

ક્ષેમી અને સુમતી બન્ને જણા નિચે ગયાં; હવે મેડા ઉપર એકલો વિનોદ રહયો. આટલો વખત સુધી નિર્મળા અંદરની ઓરડીનું કમાડ વાશી બહાર ચાલેલું સંભાશણ સાંભળતી હતી, તે ન્હાનપણમાં વિનોદ સાથે અનેક તરે-હની રમત રમી હતી, વિનોદ પોતાને ઘેર આવે ત્યારે તેછુટા દીલથી તેની સાથે બોલતી ચાલતી હતી, એકંદરે ત્હેમનો એક બીજા ઉપર અકૃત્રિમનીઃશીમ પ્રેમ હતો, પ-રંતુ તે નીર્મળ હતો. જેમ જેમ કાળ જતો ગયો, અને બન્નેની શૈશવાવસ્થા પૂર્ણ થઇ થોડી થોડી પ્રોઢા તેજ આ-વતી ગઇ, તેમ તેમ તેમના પહેલાના બાળ પ્રેમમાં કીંચીત જુદુ સ્વરૂપ દેખાવા લાગ્યુ, તેમને પોતાનુ લગ્ન થ વાનુ છે એતો ખબર હતીજ. પરંતુ ગયા દોઢ વર્ષમાં ઘ રમાં જે પ્રત્યક્ષ વાતો સંભળાવા લાગી, ;ત્યારથી નીર્મળા વિનોદના સ્હામે જવા ઘણી શરમાવા લાગી, પછી પહેલા પ્રમાણે હંસવુ. બોલવું તો દુરજ.

વિનોદ મેડામાં એકલોજ છે એવુ જોઇ નીર્મળાએ હીંમત ધરી ઓરડીનુ બારણું ધીમેથી ઉઘાડી તે બહાર

આવી, વિનોદને કલકત્તે જવુ પડશે. એ સાંભળ્યુ ત્યારથી ત્હેને ઘણુ દુખ થઇ ચેન પડતું ન હોતું તે બહાર આવી અને વિનોદની પુઠે છાનીમાની ઉભી રહી, કિંચીત કાળ પછી તેણે લાજતાં લાજતાં ધીમેથી તેના ખભા ઉપર હાથ મુકયો.

વિનોદે કર સ્પર્શ થતાંજ પાછુ વળી જોયુ તો નીર્મળા ? તેને જોતાંજ તેના મુખ ઉપર સ્મિતહાસ્ય દેખાવા લાગ્યુ, પરંતુ એટલામાં ત્હેનો ચહેરો ઉતરેલો જોતાંજ તેણે તેનો કોમળ હાથ પકડી કીંચીત આશ્ચર્યથી બોલ્યો: "નીર્મળા."

નીર્મળાની દ્રષ્ટી એકદમ ભુમી તરફ વળી ત્હેના મ્હોં ઉપર લજ્જાની લાલી આવી, તે મૃદુ સ્વરથી અને લજ્જાવાન મુખથી બોલી "વ્હાલા તમો કલકત્તે જવાનુ હવે કરશો નહી."

વિનોદ—કેમ વારૂ. !

નીર્મળા—ત્યારે મ્હને ત્હમારૂ દર્શન હમેશ મુજબ હવે થશે નહિ.

વિનોદ કાંઇ બોલવા જતો હતો એટલામાં મેડાના પગથીઆમાં કોઇનાં પગલાં સંભળાયાં, તેની સાથે નીર્મળા પાસેની ઓરડીમાં ભરાઈ અને બારણું બંધ કરી દીધુ. થોડા વખતમાં વિનોદ પણ સુમતીનો સંદેશો લઇ ત્યાંથી નીકળી ગયો.



પ્રકરણ ૧૪ મું.

અનગ મોહિની અને સુમતી.

કે હું અનન્ત યુગનો તરનાર યોગી,
જાનાર જે હજુ અનન્ત યુગો તરીને,
તે આમ આજ દુઃખને દિનને ગણન્તો,
આંહીં પડ્યો, અરર ? ચેતન હીન છેક ?

(કલાપિ)

વ…ય ટૂંકુની બે ત્રણ દીવસ વાટ જોઇ પછી સુમતી અનંગ મોહીને મળવા ગઇ, અનંગમોહીનીએ તેને જોતાંની સાથે જ પુછ્યું કે "હજુ વિનયબાબુ દિનાજપુરથી ઘેર આવ્યા નથી કે ?"

સુમતી:—…ા, આવવાને આટલો વિલંબ કેમ થયો તેનું કારણ કાંઈ સ્હમજાતું નથી ?

અનંગ—તેઓ ત્યાં શું કામ માટે ગયા છે.

સુમતી:–તમારા ધોવર્ધન પરમદિવશે બોલ્યા હતા કે, તમારે નિર્મળાનું લગ્ન કરવું હશે, તો નકી આઠ હ. હજાર રૂપીઆ પહેરામણી બદલ અમને આપવા પડશે ? આટલા આ રૂપીઆ અમારા જેવા ગરીબે ક્યાંથી લાવવા વારૂ ? ત્યારે નાયબ બોલ્યો કે તમારી કાંઇ વસ્તુ વગેરે હોય તે કોઇને ઘેર હમણાં ગીરો મુકી રૂપીઆ કાઢો ? તે ઉપરથી કાંઇ ખટપટ કરવા સારૂ તેઓ દિનાજપુર ગયાછે.

આ સાંભળી અનંગ મોહીનીનું મુખ ક્રોધાગ્નિથી લાલ થયું. તે બોલી "શું કહો છો ભાભી ? હું બરાબર સ્હમજી નહિ, મારા વિનોદની જમીદારોની ઉપજ દરમહિને આઠ હજાર કરતાં વધારે છે ? અને તેના લગ્નની પહેરામણી સારૂ આઠ હજાર રૂપિઆ માગે છે ? ધિક્કાર

હો ! એવા મુઆ એ નિલાજરાના મોઢાંને ?"

સુમતીઃ—ત્યારે શું કરવું બાઈ ? તે તો બોલ્યા કે તે વગર ત્યારે કાંઇ લગ્ન જમાવાનું નથી ત્યારે તેમ કરવું અમને ઉચિતજ છે.

અનંગ મોહીની—લેખીખત વગેરે થઈ રોકડા પૈસા ત્હેંગના હાથમાં આવ્યા કે ?

સુમતિ—તેની તો મ્હને હજુ સુધી ખબર નથી ? બે ત્રણ દીવસમાં આવું છું એમ કહી જવાનું થયું; તેને બદલે આજ લગભગ આઠદિવસ થવા આવ્યા તો પણ હજુ પત્તો નથી; ત્યારે હવે આપણે બાઇ માણસે શું સ્હમજવું ?

અનંગમોહિની:—ગોવર્ધને કલકત્તે જઇ ત્યાંથી વિનોદબાબુને લઇ જવાસારૂ એક માણસ મોકલ્યો છે, એ વાત તમને પરમદિવસે વિનોદે કરી હશે, અને વિનયબાબુ પણ તેમની સાથે કલકત્તે ગયા હશે કદાચ ?

સુઃ-તે પૈકી કાંઇજ સમજાતું નથી. જતી વખતે તો દિનાજપુરથીજ પાછો આવું છું એવું કહેવું થયું હતું ?

અનંગમોહિની—ભાભી તમારા પતિએ જાણી જોઇને વળી આ સર્પના દરમાં શું કરવા હાથ ઘાલ્યો હશે ?

સુમતિ:—હો ? ન થવાની વાત થઇ ખરી, હવે પરમેશ્વરજે બુદ્ધિ આપે તે ખરી, મ્હારો તો ભાભી કાલથી જીવ ઉડી ગયો છે. અને શું થશે ને શું નહિ ? એમ લાગે છે ?

અનંગ—વિનોદને કલકત્તે લઇ જાય છે. એવું સાંભળી હું તો તદ્દન દીંગમુઢ બની ગઇ છું. અને આટલામાં તમે પણ તમારા પતિની આ આવી વાત કહોછો તેથી મારી સ્થિતિ તદ્દન ગાંડા જેવી થઇ ગઇ છે !

સુમતિ એક દીર્ઘ નિશ્વાસ મુકી બોલી "હશે, વિધાતાએ જે કાંઇ અદૃષ્ટાંત લખ્યું હશે, તે કાંઇ થોડુંજ મિથ્યા થવાનું હશે તે થશે? પણ વારૂ તમે વિનોદને કલકત્તાજ મોકલાવાનું શું કર્યું!"

અનંગમોહિની:—હું મોકલવાની કે નહિ! હું કોણ? મારૂં કહેવું પણ કોણ સાંભળવા બેઠું છે? મોકલવાના કે નહિ એ પણ કોને કહેવાનું! ભાભી મહારૂતો કાળજું ફાટી જાય છે? અને મને તો લાગે છે કે ઘણું કરીને તે તેમનું ધાર્યું કરશે. હું પણ વિનોદ સારૂજ આ સંસારમાં વળગીને રહી છું નહિ તો—

સુમતિ વચમાંજ બોલી "નહિ રે બાઇ આવી ખોટીવાનો મનમાં પણ આવવા દેશો નહિ જવાદો તે. પણ મ્હેં તમને પાછળ જે વાત કહી હતી તે સંબંધી કાંઇ તપાસ લાગ્યો કે!"

અનંગમોહિની:—ઘણી મહેનતે વામાએ એકજણને તૈયાર કર્યો હતો. અને તેને કલકત્તે તે સંબંધી તપાસ કરવા મોકલ્યો હતો; તેણે તપાસ કરી આવી કહ્યું કે કલકત્તાનાં ઘરનાં તમામ માણસોને નસાડી મુકયા છે, કોઇનો પતો લાગતો નથી. પરંતુ તેમાંના એક જણને ઘણા પ્રયત્ને ખોળી કાઢી તેને અહીં લઇ આવ્યો હતો; પણ શું થયું કોણ જાણે. તે આવેલો માણસ. બીજેજ દહાડે ન્હાસી ગયો! મને તો ખાસ લાગે છે કે તે એની મેળે નાઠો નથી, તેને ખાસ કરી કોઇએ ધમકી આપી નસાડયો છે.

સુમતિ: આજે જો ત્હેરા પીયરમાં વડીલ. બંધુ, માં, કોઇ પણ હોત તો ત્હમને કેટલો બધો આધાર હતો?

અનંગમોહિની:—ઇશ્વરનીજ તેવીજ ઇચ્છા હશે! ત્યાં આપણે પણ શું કરવનાં છીએ! પણ કહેવાનો એક પેલો પિત્રાઇ ભાઇ છે. તેને સુદ્ધાં મેં ઓછામાં ઓછા પાંચ છ

કાગળ લખ્યા હશે પણ એકનો જવાબ સરખો નથી ? પછી તેણે જાણી બુઝીને તેમ કર્યું ? કે મ્હારા કાગળો તેને મળતા નથી તે ઇશ્વરને ખબર.

સુમતિઃ—આવું આ હવે ચાલવાનું પણ કેટલા દિવસ ?

અનંગમોહિની વામાને હાંક મારી બોલી “ વામા, પેલી દેવડી ઉપરથી સનાતનને જરા બોલાવ જોઉ ? ’

વામા સનાતનને બોલાવવા ગઇ.

અનંગમોહિની:-ભાભી તને કહો છો તે પ્રમાણે કરવાનું મ્હારા મનમાં કેટલા દિવસથી છે, પણ બાઇ તેમ થવું પણ એક રીતે કઠણ દેખાય છે. કારણ ત્હમને ખબરજ છે કે ગોવર્ધને આ ઘરનાં તમામ ચાકર નોકરને પોતાના કહ્યામાં કરી લીધા છે ! તેની આજ્ઞા શિવાય તે લોક કાંઇ પણ કરવાને કબુલ કરતાં નથી; મને તો બાઇ ઘણું આશ્ચર્ય લાગે છે કે ડાહ્યા અને વિચારવંત સસરાજીએ આવા આ માંકડાના હાથમાં સત્તા આપી કેવી રીતે !

એટલામાં વૃદ્ધ સનાતન ધોળવાઘા સાથે આવ્યો, અને દરવાજામાંથી હાથ જોડી બોલ્યો “ શી આજ્ઞા છે બાઇ સાહેબ ? ”

અનંગમોહીની એકના પડદાની અંદર બેઠી હતી, તે બોલી ‘ વિનોદને આટલી ઉતાવળથી ગોવર્ધન શા સારૂ બોલાવે છે, એ તને ખબર છે કે !

સનાતન હાથ જોડી બોલ્યો, “ મને તે સંબંધી વિશેષ કાંઇ માહિતી નથી બાઇ સાહેબ, નાયબ મહાશયે તેમને ત્યાં બોલાવ્યા છે એટલુંજ મને ખબર છે ? ’

અનંગમોહિની ક્રોધ કરી બોલી, નાયબે તમને જોઇએ તે કરવા કહેવું અને તમારે તે કરવું, ખરૂં ને ! મારૂં કહેવું કાંઇએ તમારા હિસાબમાં નહિ જણે ! વારૂ !

તેમણે કાલે અમને એકાદ ખાડામાં જઈ નાંખવા કહ્યું તો તેમ પણ તમે કરવાના ખરા !

સનાતન પહેલાં પ્રમાણે હાથ જોડી નમ્રપણાથી બોલ્યો " તેવું નથી બાઇ સાહેબ, પરંતુ તેમથી આજ્ઞા વિરૂદ્ધ અમારાથી કેવી રીતે જવાય ? "

સનાતનના ઉપરના ઉદ્ગાર સાંભળી અનંગમોહિની નુ શરીરતલ પાપડ થઇ ગયું. પરંતુ તેણે વિવેકથી આત્મ સંયમન કર્યું. તેણે વિચાર કર્યો કે વધારે બોલવાથી પણ આપણે શું પારિપત્ય કરી શકવાનાં છીએ ! તે બોલી " એમ ! ઠીક છે. ગોવર્ધનને જઈને મ્હારો એવો સંદેશો કહેજે હમણાં વિનોદને કલકતે મોકલવાની મ્હારી કાંઈ ઇચ્છા નથી, તેણે હંમેશા મ્હારી પાસેજ રહેવું એવી મ્હારી ઇચ્છા છે. "

સનાતનઃ—બાઇસાહેબ, વધુ બોલવાની માફી આપશો. તેમણે કરેલી આજ્ઞા હમારે માનવીજ જોઇએ, પછી તે સારી હો અથવા નરસી હો. તમે એક વખત તેની વિરૂદ્ધ જઈ શકશો, પણ અમો નોકર માણસથી તેમ કેવી રીતે થવાશે ? તેથી કહુ છું બાઇ સાહેબ મને એક વખત ક્ષમા કરશો ! દાસનો આમાં શો અપરાધ છે ? નાયબ મહાશયના કલકત્તેથી આવેલા કાગળમાં એમ લખ્યું છે કે વિનોદબાબુ જો ખુશીથી આવવા કબુલ ન હોય તો તેને જબરજસ્તીથી લઇ આવશો. આ વાત તેમનાજ હિતની છે.

અનંગ—મેં જો વિનોદને ત્યાં નહિ જવા દિધો ? તો તમે શું કરી શકવાના છો ?

સનાતન—અમ્હે શું કરવાના છીએ ? આ વાત કલકતે જઈ મહાશયને કહેવાના, અને તે કહેશે તેમ કરવાના?

કેટલોક વખત વિચાર કરી પછી અનંગ બોલી. " ઠીક છે, તેમને તું એમ લખી મોકલ કે કનકનગરમાં મારો પિત્રાઇ ભાઈ છે, તેને હું તે સંબંધી કાગળ લખું

છું તે તરફ કોઇપણ પોષમાં નાંખો. કનકનગર કાંઈ હાંથી ઘણું દુર નથી. બે ત્રણ દિવસમાં કાગળનો ઉત્તર રહેજ આવશે તે અમારું મોકલવાનું કે નહિ તે કહીશ. ત્યાં સુધી વિનોદને મારી આગળથી કોઇએ પણ દુર કરવો નહિ.

વૃદ્ધ સનાતનનું શરીર થરથર કંપવા લાગ્યું. તે હાથ જોડી બોલ્યો " બાઈ સાહેબ આ દેહ નાનપણથી આજ સુધી આપનાજ અન્ન ઉપર પોસાયો છે, ત્યારે આપની આજ્ઞા માનવી મારે શીરસા વંદ્ય છે; એ હું જાણું છું; પરંતુ—પરંતુ "

અનંગમોહિની ક્રોધ યુક્ત સ્વરથી બોલી " શું ? પરંતુ, પરંતુ શું ? છે શું ચાલ સ્પષ્ટ બોલ ? "

સનાતનઃ—આપની આજ્ઞા પાળેથી મારો બધો નાશ થશે.

અનંગમોહિનીઃ—તે કેવી રીતે ?

સનાતન થોડો વખત સુધી સ્તબ્ધ રહ્યો અને શું બોલવું એ તેને કાંઇજ સુઝતું નહોતું; તે મનમાંને મનમાં ઘણો ગભરાવા લાગ્યો અને કંપિત સ્વરથી બોલ્યો " તે હું આપને કયા મ્હોઢાથી કહું ? અને આ આપની નજીવી કામગીરી પણ કેવી રીતે અમાન્ય કરૂં ? મ્હને આપની સ્હામે આવો બોલવાનો પ્રસંગ આવ્યો એજ મારૂં દુર્દૈવ હું સ્હમજું છું ? બીજું શું ? બાઈ સાહેબ આ બુઢ્ઢા ઉપર આટલી દયા તમે કરશોજ.

અનંગમોહિનીઃ—શાની દયા કરૂં ? નિષ્કારણ ભય રાખવાનું કાંઇ કારણ નથી; ખરૂં જે હોય તે બેલાશક બોલ.

સનાતન પાછો કેટલોક વખત સ્તબ્ધ રહ્યો. તેના ચહેરા ઉપર આ વખતે નિશ્ચયની છટા દેખાવા લાગી તે એક વખત ચો તરફ સશંક દ્રષ્ટિ ફેરવી બોલ્યો. " ત્યારે હવે મ્હારા નશીબમાં જે કાંઇ થવાનું હોય તે થાવ, હું આપને ખરૂં હવે કહું છુંજ. પણ બાઈ સાહેબ હું જે

કાંઇ કહીશ તે બરાબર ધ્યાનમાં રાખજો. માત્ર દાસ ઉપર દયા કરશો; નાયબ મહાશયે ઘરના તમામને આપને વિશે કેટલીક ગુપ્ત આજ્ઞાઓ કરી છે. પહેલી, આપને અંતઃપુરની બહાર કોઇ પણ ઠેકાણે જવા નહિ દેવાની, બીજી આપની ભેટ લેવા કોઇ પણ આવે તો પણ તે મને તેની વરદી પહેલી પહોંચવીજ જોઇએ, એ શીવાય ઘરમાં તમારા ઉપર નજર રાખવા સારૂ તેમણે પોતાના ગુપ્ત માણસો રાખેલાં છે ? તેમની હમેશાં તમારા વર્તન ઉપર બારીક નજર હોય છે તમારો લખેલો કાગળ ઘરની બહાર સમુળગો ન જાય એવો બંદોબસ્ત તેમણે કર્યો છે ? તમોએ આ પહેલાં કલકતે અથવા તમારા ભાઇને જેટલા કાગળ મોકલ્યા તે બધા તેમણે પોતાના ચાકર પાસે ફાડી નખાવ્યા છે ? આ ત્રણે આજ્ઞા પૈકી કોઇ પણ આજ્ઞાનો ભંગ કરશે તો તેનો હું સર્વ રીતે નાશ કરીશ એવું ત્હેમણે બધાને સખત તાકીદ દઈ ફરમાવ્યું છે.

અનંગમોહિનીએ આ બધું સાભળ્યું તે વખતે તેના મનની શી સ્થિતિ થઈ હશે તેનો વાંચક વર્ગેજ વિચાર કરવો. તેની આંખો ક્રોધથી આરક્ત થઇ તે વિચાર અને દુઃખથી યુક્ત થઇ કંપિત સ્વરથી બોલી, " એટલે ઘરનાં દાસ દાસી પણ આવી આટલી અજ્ઞાઓ પાળવા માટે નીચ અંતઃકરણનાં છે શું ? તેમના પૈકી કોઇના પણ અંગમાં આટલું સરખું સાહસ નથી ? તેઓ માત્ર ધર્મ જ્ઞાન પણ નથી ? પરમેશ્વરની પણ તેમને બ્હીક નથી ? "

સનાતનઃ—બાઇ સાહેબ, ક્ષમા કરો; હું પાપી ચો દુષ્ટ છું, વિશ્વાસ ઘાતકી છું, મને એકવાર ક્ષમા કરો.

અનંગમોહિની થોડો વખત સ્તબ્ધ રહી પછી બોલી, " વારૂં, તું એક કામ કરશે ? હું તને એક કાગળ આપું છું, તેટલો પોસ્ટ ઓફીસમાં જઈ રજીષ્ટર કરી આવ"

સનાતનઃ—રજીષ્ટર કર્યો એટલે તે ખાત્રી પુર્વક પહો

ચશે એમ આપને લાગે છે કે ? ને તેમ તમને લાગતું હોય તો તે તમારી સમજ ભુલ ભરેલી છે ?

અનંગમેહિની:—એટલે, એમ કેમ થશે ? રજીષ્ટર કરેલો કાગળ કેવી રીતે તેમનાથી છાનો રખાશે ?

સનાતન:-તમારે સારૂ તેણે ક્યાં, ક્યાં અને કેવી કેવી રીતનો બંદોબસ્ત કરી મુક્યો છે, તે હજુ સુધી તમને બરાબર રીતે સમજાયો નથી. પૈસાથી શું નહિ થાય બાઇ સાહેબ ? પોષ્ટ ઓફીસમાંના પણ બે ત્રણ જણને તેણે જોઇએ તેટલો પૈસો આપી પૂર્ણ પણે વશ કરી લીધા છે ? અને તેમનીજ તરફથી તમારા કાગળો નાશ કરાવ્યા છે.

ઉપરની બધી હકીકત સાંભળી ' અનંગમોહિનીને ઘણું દુઃખ થયું; તે ગદગદિત કંઠે બોલી, "જા હવે તુ જા."

સનાતન ઘોષ ત્યાંથી ખિન્ન અંતઃકરણથી નીકળી ગયો; અનંગમોહિનેને કાંઈ કર્યે પોતાનું રડવું થોભેના, તેની આંખમાંથી એક સરખાં અશ્રુ વહેવા લાગ્યાં, અને તો સકાં ખાતી રોવા લાગી.

સુમતી:—આશું બાઈ ? આમના કરશો ? માણુસે કાંઇ પણ હીમત પકડવી જોઇએ.

અનંગમોહીની—હે દીન દયાળુ પ્રભુ ! ભગવાન ! તુ કયાં છે ? નાથ. એકવાર આ પાપણીને દર્શન દયો ? આ દાસીને આ દુઃખ સાગરમાંથી મુક્ત કરો, ? મને અને મ્હારા વિનોદને નીરર્થક પીડા કરનારા આ નીચ સર્પના મસ્તકનુ ચુર્ણ કરી નાખવા એકવાર આવો ! હાય ? ભાભા મેં કયે જન્મે કે આ જન્મે એવુ કયું કામ કર્યુ હતું કે હું સર્વસ્વને વંચીત થઇ, શીવાય આવા ભયંકર સંકટમાં પડી. ?

અનંગમોહીની વધારે બાવાજ પ્રકારનો શોક કરવા લાગી. તે જોઈ સુમતીનુ હૃદય પાણી પાણી થઇ ગયું. તે બોલી, બાઇ આમ નીરાશ થશો નહિ, હ્યાં લોકો અમે તેટ-

સા અન્યાયથી વર્તશે તોપણ ઉપર ધર્મરાજ બેઠા છેને? તે તમારી સાથે અન્યાયથી વર્તશે નહિને, ? હવે જલદી ઘેર આવવુ થશે, આવશે એટલે તેમની મારફતેજ હુ બધી વ્યવસ્થા કરીશ, તેમને તો કોઈ અડાવી શકતુ નથીને ? અને મને તો મારૂ મન સાફ એમજ કહે છે કે તમારા પતી ખાસ કરીને જીવતા છે.

અનંગ મોહીની સુમતીના ગળામાં હાથ નાંખી બોલી " ભાભી ! તારા મ્હોંમાં ગોળ, તુ કહે છે તેમજ થાવ. " પછી થોડો વખત વાત ચીત કરી સુમતી પોતાને ઘેર નીકળી ગઈ, તે રાત્રે અનંગ મોહીનીને સ્વસ્થતાથી ઉંઘ જરા પણ આવી નહિ.

પ્રકરણ ૧૫ મું.

સુમતીનો કપાળ મોક્ષ.

टारे दिवाकर योग्रहिपीडनम्
गज भुजंगमयोरपि बंधनम् ।
मतिमतां च विलोक्य दरिद्रताम्
विधिरहो बलवानिति मे मतिः ॥१॥

नितिशतक.

બીજુ એક અઠવાડીઉં ગયું, હજુ સુધી વિનયકૃષ્ણ આવ્યો ન હોતો. અથવા તેના સંબંધમાં કાંઈ પણ માહીતી મળી ન હોતી સુમતી ઘણીજ ચીંતાગ્રસ્ત થઈ હતી, તેણે ગોવર્ધનને ત્યાં પોતાના પતીનો તપાસ કરવા માટે એક માણસ મોકલ્યો, તેને ગોવર્ધન બોલ્યો, " શુ ? વિનયકૃષ્ણ હજુ ઘેર આવ્યા નથી ? તે તો મ્હારી પાસેથી આઠ હજાર રૂપીઆ લઈ કયારના કલકત્તે ગયા છે. ? હજુ

સુધી ત્યાં શુ કરે છે ? કાંઇ ખબર પડતી નથી. ? "

દુર્લભચંદ્રને ઘેર પણ સુમતિએ ખબર કઢાવી, પરંતુ ત્યાંથી પણ તેવીજ રીતનો જવાબ મળ્યો. સુમતી અને નિર્મળા એ બંન્નેની ઉંઘ ચિંતાને લીધે નાશ પામી હતી. વાચાળ ક્ષેમીના મુખમાંથી ગોવર્ધનનો વખતો વખત દિવસમાં ઉદ્ધાર થતો છેવટે તેમણે વિનયકૃષ્ણના શોધ સારૂ કલકતે માણુસ મોકલવાનું નકકી કર્યું. પરંતુ તેવો માણુસ મેળવવો કયાંથી ! એજ એમને પ્રશ્ન થયો. વિશેષ કરીને વિનયકૃષ્ણ કયાં ઉતર્યા છે તેનીજ કોઇને ખબર નહોતી ! ગોવર્ધન પાસે અથવા દુર્લભચંદ્ર પાસે તેની પુછપરછ કરવા સારૂ ફરી કોઇ ગયુંજ નહિ; કારણ ત્યાંથી સંતોષ જનક જવાબ મળશે એવી આશાજ નહોતી; છેવટે ઘણી તપાસ દરમીઆન ક્ષેમીની ખટપટથી એક માણુસ ત્યાં જવા તૈયાર થયો. તેનુ નામ ગીરીશ હતુ. તે ઘણો ચતુર અને દીર્ઘ દ્રષ્ટિ વાળો છે એમ તેની સર્વ ઠેકાણે ખ્યાતીહતી. તે પ્રથમ તો કલકત્તે જવાના કબુલ થયો, પરંતુ ક્ષેમી આટલાથીજ સંતોશી રહે તેવી ભોળી ન હોતી, તે બોલી; " તુ જો આટલુ કામ નહિ કરશે તો પછી જોજે ત્હારે માથે સ્ત્રી હત્યાનુ પાતક લાગશે, ! અમારા જેવા નીરાધાર થઇ બેઠેલા માણુસનાં જો તમે ચતુર પુરૂષ ખરી અણીએ કામ નહિ કરો તો તમ્હારા જેવા ચતુર આ જગતમાં જન્મ્યાં અને નજન્મ્યા સરખાજ છે ? કારણ તમારાથી જગતને શો ફાયદો. ?

ઘણી આના કાની કર્યા પછી મોટી મુશીબતે ગીરીશ એકવાર તો કબુલ થયો, અને ક્ષેમી સાથે ઘરમાં આવી વાટ ખર્ચી માટે પૈસા માગવા લાગ્યો, સુમતીએ તેને પૈસા આપ્યા અને બોલી, " જો ભાઈ સંભાળીને જા અને તુ પણ હવે જલદીથી પાછો આવ, અને અમારી આટલી કાળજી દુર કર, હું ચાતક પ્રમાણે તારા રસ્તાર હામે આંખ લગાડી વાટ જોતી બેઠી છુ એમ સમજજે, જરા પણ

વાર કરીશ નહિ હો.

ગીરીશ—બાઇ સાહેબ, મેં એકવાર કામ હાથમાં લીધું એટલે તે પુરૂં કર્યા વગર કદી પણ રહેવાનો નથી, એટલું નક્કી સમજજો; મને તમે જેવો તેવો સમજશો નહિ તદ્દન બે ફીકર રહો, આઠ દિવસમાં ધણી સાહેબને લઇ આપના ચરણ પાસે હાજર થઇશ. જુઓ !

ઉપર લખ્યા પ્રમાણે સુમતીને અશ્વાસન આપી ગીરીશ પોતાને ઘેર ગયો જતાં સંભાળી મુકેલો બાપદાદાનો ઝભ્ભો તથા જુનોપુનો જોડો સાફસુફ કરી તેણે તે પગમાં ઘાલ્યો. અને તેટલીજ જુની અને હજારો છિદ્રોવાળી એક ગરમ બંડી પહેરી, ખભા ઉપર એક ખાદીની ચાદર નાંખી અને હાથમાં ઝાલવાની વાંસની લાકડી ફેરવતા ફેરવતા સ્વારી કલકત્તે જવા નીકળી.

ગિરીશની ચર્ચા ઉપરથી તથા બોલવાચાલવા ઉપરથી ઘણું કરી તે કામ ફતે કરી આવશે એવું લાગ્યું. પરંતુ આઠ દિવસને ઠેકાણે ચાર અઠવાડિયાં વીતીગયાં ત્યા સુધી ગિરીશનો પણ પતો નહોતો ! તેમજ વિનય કૃષ્ણના સંબંધમાં કાંઇ પણ ખબર મળી નહિ એવું. થયું ત્યારે એ બેન્ને ત્રણે જણની હિંમત પાછી હઠી સુમતિની અને નિર્મળાની આંખનું પાણી અટકતુંજ નહોતું.

એક દહાડો રાત્રે આઠના સુમારે સુમતી, ક્ષેમી અને નીર્મળા ઘરનાં બારણાં બંદ કરી અંદર બેઠાં હતાં, ઓરડીમાં દીવી ઉપર દીવો મંદમંદ બળતો હતો. નિર્મળા પોતાની મા પાસે ચટાઇ ઉપર પડી હતી રડવાથી અને હમેશની પોતાની બાપની ચિંતાને લીધે તેનો ચહેરો ફિક્કો દેખાતો હતો. ઓરડીમાં પણ સર્વત્ર ઉદાસીનતા પ્રસરી સુમતી બોલી, "ક્ષેમી હવે કેમ કરવું અને શું કરવું ?" માણસ મોકલ્યો તેનો પણ પતો નથી ? હું પોતેજ જાઉંછું કલકત્તે અને જોઉછું કંઇ તપાસ લાગે તો"

ક્ષેમી:—મુઓ ગિરીશ, આઠ દિવસમાં આવું છું કહીને ગયો, તેનો હજુ સુધી પત્તો નથી?

મુઆએ એક કાગળ સરખો તો લખી મોકલ્યો હતો?

એટલામાં બહારના દરવાજે એકા એક કોઇએ થાપ માર્યાનો અવાજ થયો. ક્ષેમી અંદરથીજ બોલી, "કોણ છે બહાર?"

બહારથી ઉત્તર સમુળગો આવ્યો નહિ. પરંતુ બારણા ઉપર પહેલાં કરતા વધારે જોરથી ધક્કો બેઠો. ક્ષેમીએ પાછું પુછ્યું, "કોણ છે બહાર? બોલતું કેમ નથી!"

બાહારથી વ્યક્તિએ "ઊ—હું—" આટલો જ ઉત્તર આપ્યો.

ક્ષેમી:—કોણ મુઓ લુચ્ચો આવ્યો છે બહાર! શરૂ બોલતાં શું નથી આવડતું?

બહારથી પાછું ફરીથી 'ઊ—હું' એવો જ ઉત્તર આવ્યો; ક્ષેમી આ સાંભળી ઘણી ચીડાઈ ગઈ, અને બોલી, "બળ્યું રે મુઆ તારૂં 'ઊ-હું-' મોઢું કયાં ચરવા ગયું છે ડફોરૂ? ઉભો રહે? મુઆ તારૂં 'ઊ-હું' કાઢું છું.

ક્ષેમીએ ગુસ્સામાને ગુસ્સામાં જઈ બહારનો દરવાજો ઝટ દઈ ઉઘાડયો; તો બહાર ગિરીશને ઉભો રહેલો જોઇ તેને આશ્ચર્ય લાગ્યું, તે બોલી. "કોણ ગિરીશ? તું આવ્યો અને વિનયબાબુ કયાં છે?"

ગિરીશ ધીમેથી બોલ્યો "ધીમે બોલ; જરા ધીમે, તેથીજ કાંઈ ગુપ્ત વાત છે બાબુ સાહેબ કયાં છે?"

ક્ષેમી:—ઘરમાં છે.

ગિરીશ,—બારણું બંધ કરી લે અને બહાર આવ.

ક્ષેમી બહાર આવી બોલી " શું હકીકત છે ભાઈ? આમ શું કરે છે? વહેલો કહે એકવાર

ક્ષેમી હઠી દરવાજા પાસે ગઈ, ત્યારે રહેજરીતે સુ-

મતિનું લક્ષ તે તરફ લાગ્યું. દરવાજો ઉઘાડયા પછી ક્ષેમીએ આશ્ચર્યથી ગિરીશ એમ હાંક મારી હતી, અને ગીરીશે તેને ધીમે બોલવા વિશે સુચવેલું તે પણ તેણે સાંભળ્યું હતું. આગળ તેનાથી બીલકુલ કહેવાયું નહિ; ગિરીશનું એકદમ આવુંવર્તન જોઇ તેના હૃદયમાં ચરકો પડયો હતો, અને અંગ થર થર કંપવા લાગ્યું હતું. તે બેઠી હતી ત્યાંથી ઉઠી દરવાજા પાસે આવી સાંભળવા લાગી,

ગિરીશઃ—હજુ જરા આ બાજુએ આવ એટલે તને હકીકત કહું છું

ક્ષેમી તેની સાથે જરા દુર જઇ બોલી, "ગિરીશ! ભાઇ કહે એકવાર જલદી, વિનયબાબુ કયાં છે ? તેમનું શું થયું કે !

સુમતીને તે બન્ને શું બોલે છે તે સાધારણ રીતે આ વખતે સંભળાતું નહોતું ત્યારે તે બારણાની બહાર આવી આંગણાના એક પથ્થરને પકડી ઉંચી ડોક કરી સાંભળવા લાગી,

ગિરીશઃ—હું શું કહું છું તે તું હમણાં બાઇ સાહેબને આટલામાં કહીશ નહિ. ઘણીજ ખરાબ ખબર છે. વિનયબાબુ ઉપર એક ખોટો આરોપ આપી તેમને સાત વર્ષ સુધીની કાળા પાણીની સજા.

ગિરીશ આગળ કાંઇ બોલે છે એટલામાં, આંગણામાં 'ઓ મારે ! છેવટે મ્હારે કપાળે આ આવુંજ હતું ?' એવા રડતા સ્વરમાં શબ્દ સંભળાયો, અને બીજીજ પળે નીચેના પથ્થરા ઉપર ધડ દઇ કોઇ પડવાનો અવાજ સંભળાયો. ગિરીશ અને ક્ષેમી દોડતાં અંદર જઇ જુએ છે, તો સુમતી પથરાઓમાં અચેત અને મૂર્છિત અવસ્થામાં પડેલી હોઇ ત્હેના માથામાં એક ભયંકર જખમ પડી તેમાંથી એક સરખું ખળખળ લોહી વહેતું હતું ? તે અવાજ સાંભળી અર્ધ નિદ્રાવસ્થામાં સુતેલી બાળા-

(નિર્મળા) દીવો લઈ બહાર દોડતી આવી. અને પોતાની માની આવી ભયંકર સ્થિતિ જોઇ તેનાજ પગ આગળ તે પણ મૂર્છીત થઇ પડી. ક્ષેમી અતીશય ઘભરાઇ ગઇ. અને રડતાં રડતાં ઘરમાંથી પાણી લાવી બંન્નેના મસ્તક ઉપર તે છાંટવા લાગી, ગિરીશે ડાક્ટરને બોલાવી લાવવા સારૂ દોડ મારી; અને થોડાજ વખતમાં પાસેના ડાક્તરને દોડતો જઇ બોલાવી લાવ્યો. તેણે આવતાની સાથેજ સુમતિની નાડી હાથમાં લઇ જોયું; મસ્તક તપાશી જોયું: નાક ઉપર હાથ મુકી જોયું; અને સાથે લાવેલી નળી પણ છાતીએ લગાડી જોઇ ખેદે ભીન્ન મુખથી ક્ષેમી તરફ જોઇને બોલ્યો. “હવે શું વખત આ છોકરી તરફ હવે તમો લક્ષ આપો.”

તરતજ ડાકતરે તેમની મદદથી નિર્મળાને શુદ્ધી ઉપર લાવવા સારૂ પ્રયત્ન શરૂ કીધા.

પ્રકરણ ૧૬ મુ.

હવે આની પણ વ્યવસ્થા કરવી જોઇએ.

સનાતનઃ—મહાશય હજુ સુધી કલકત્તેથી આવ્યા નથી: એવી ખબર મળી છે.

ગોવર્ધનઃ—શું કહે છે? દુર્લભરાય હજી સુધી આવ્યા નથી? કહે તું પોતેજ તેમને ઘેર ગયો હતો ને? સારૂ, જરા હમણાં ફરી એકવાર જઈ ખબર કાઢ જોઉં? અને આવ્યાજ હોય તો તેમને અહીં લેતોજ આવજે.

ઉપરનું ભાશણ ગોવર્ધન પોશાક્ષ અને સનાતનની વચ્ચે ઉદ્યાનની પાછળ આવેલા તળાવના કાંઠા ઉપર ચાલ્યું હતું. ગોવર્ધનની આજ્ઞા ઉપરથી સનાતન દુર્લભચંદ્રની તપાસ કરવા સારૂ તેમને ઘેર ગયો; અને ગોવર્ધન વિણુ

મંદિરમાં તેની માર્ગ ઉપેક્ષા કરતો બેઠો. થોડા વખતમાં રાય મહાશય સનાતનની સાથે પોતેજ આવ્યા. તેમને જોતાંજ ગોવર્ધન આનંદથી બોલ્યો, " આવો દુર્લભરાય આવો. આપને આવવાને આટલો વિલંબ કેમ થયો ? હું તો ત-મારી ચિંતામાંજ હતો ? "

દુર્લભઃ—આપનો કાગળ મળતાંની સાથેજ હું નીકળ્યો. વારૂ શી નવીન ખબર છે ? વિનોદ સંબંધી નક્કી શું ઠરાવ્યું

ગોવર્ધન અભિમાન પુર્વક હશીને બોલ્યો, " વા ? અરે તે કામ તો એવું કાંઇ પક્કુ કરી દીધું છે કે તમે સુદ્ધાં તે સાંભળી મ્હોંમાં આંગળી ઘાલશો ? પરમ દિવસે મ્હારા મગજમાં જે પેલી સાધારણ કલ્પના આવેલી, તેજ મેં અમલમાં આણી. અને તે પણ એવી રીતે કે તે હજુ સુધી બીજા કાને પહોંચી નથી ! "

દુર્લભઃ— અરે વાહ ! રંગ રાખ્યો કહેવાનો ત્યારે ત્હમે એક ! પણ તે વાત હજુ તેની ભોજાઇને કાને ગઇ નથી કે ?

ગોવર્ધનઃ—નહિ રે, બીલકુલ નહિ. અને હવે તે સમજાઇને તે શું કરવાની છે ! તેની પણ યોગ્ય વ્યવસ્થા લગાડવામાં મ્હેં કાંપ કસુર રાખી નથી ! મારો તો પકકો આશરો છે કે આ આગલા એક બે અઠવાડીઆમાં આપણા માર્ગમાં નડતો આ કાંટો સમુળગો ઉપડી જવો જોઇએ.

દુર્લભઃ—તેની વળી ત્હમે શી વ્યવસ્થા લગાડી છે ! ખબરતો પડવા દો ! એકંદર રીતે જોતાં આ ચાર છ દિવસમાં તમે સાધારણ ઘણું કામ કર્યું ?

ગોવર્ધન હશીને બોલ્યો, " અમારા ફળ ફુપ મા-થામાં કલ્પનાનો કાંઇ થોડોજ તોટો છે. સ્હેજ પરમ દિવસે તેને વિષે તે યુક્તિ સુઝી, જરા આ બાજુ આવો એટલે તે તમારા કાનમાં કહું છું. "

દુર્લભરાય પાસે જતાંજ ત્હેણે તે તેના કાનમાં કીધી, તે સાંભળતાંજ દુર્લભચંદ્રના નેત્ર આશ્ચર્યથી વિસ્તાર પામ્યાં, અને તે આ ક્રુરો ગોવર્ધન સ્હામું જોવા લાગ્યે તેના રોમાંચ ક્ષણ ભર ઉભાં થયાં ! દુર્લભરાય જાતે થોડો પણ બીરૂ હતો, એવું કહીએ તો પણ ચાલશે, પરંતુ સર્વ પ્રાણી માત્ર ઉપર પોતાનો તાબો ચલાવનારા ષડરિપુ પૈકી લોભનો તેના મન ઉપર વિલક્ષણ રીતે તાબો ચાલતો હતો. અને તેથીજ તે ગોવર્ધન જેવા નીચ, અધમ, નરરાક્ષસન રૂપેરી જાળામાં સપડાઈ; તેની સાથે જે નહિ કરવાનાં તેવાં દુષ્કૃત્ય કરવા તે પ્રવૃત થનો હતો. ગોવર્ધનની અનુપમ ક્રૂરત્વની યુક્તિ સાભળતાંજ તેના રોમાંચ ઉભાં થઈ ગયાં; અને ક્ષણભર તેને કાંઈ સુઝતુ નહોતું. પરંતુ તે લાગણી ફકત એક ક્ષણ સુધીજ હતી. ન્હેનઃ મનમાં પૈસા સંબંધીનો વિચાર આવતાંજ તેનું મન પાછું ફર્યું. તે ગોવર્ધનની યુક્તિનું વિવેચન કરી બોલ્યો, “ઓ હોહો આ કામ આવી રીતે બે માલુમપણાથી થશે એમ મને લાગ્યું નહોતું ? કયારથી તે શરૂ કર્યું છે ?

દુર્લભચંદ્રના મુખ ઉપરનો ફરક થોડા વખત માટે હતો, તો પણ ગોવર્ધન જેવા ચાલાક કપટ પટુના ધ્યાનમાં આવ્યા વગર રહયો નહોતો. પોતાના હરેક કારસ્થાનમાં દુષ્કૃત્યમાં તેણે આજ સુધી જેની સલાહ લીધી હતી, અને આગળ પણ લેવાની ઈચ્છા હતી, તે દુર્લભચંદ્રનો તેને કિંચિત વહેમ આવ્યો ? તેણે તેની તરફ સશંક દ્રષ્ટિથી ક્ષણભર જોયું; પરંતુ તેણે પોતાની યુક્તિ બકલ સાબાશી આપ્યાથી તેના બદલનો વહેમ જરા કમતી થયો, ને બોલ્યો ‘ થયા બે ત્રણ દિવસ. ’.

દુર્લભ;—હાં ત્યારે આપણુ યુક્તિમાં તમે એકંદર ફાવવાનાજ ? વારૂં આ કહેવા માટેજ મને જલદીથી બોલાવ્યો હતો કે ?

ગોવર્ધનઃ—નહિ. જે કામ માટે તમને અહીં બોલાવ્યા છે, તે કામતો હજુ કહેવાનુંજ છે. ઘણી ખરી વ્યુવસ્થા સાચી કરીને મુકવામાં આવી છે; પરંતુ હવે એક નવીજ ઉપાધિ પેદા થઇ છે? પરમ દિવસે તમે મારી વતીથી દિનાજપુર જઇ વિનય કૃષ્ણ ઉપર દસ હજારની ડીક્રી મેળવી હતી; તેની તમને યાદ હશેજ? તે પ્રમાણે તેનું ગામ, જમીન વગેરે દાખલ થઇ તેની હરાજી પણ થઇ ગઈ. પરંતુ હજુ તેનું રહેવાનું ઘર તાબામાં આવ્યું નથી. ત્યાં આગળ હવે તેની પેલી ઘરડીદાસી અને પેલી છોકરી એ બે જણાજ છે. તે ડોસીએ—ક્ષેમી પરમ દિવસે એક માણુસ સાથે નિર્મળાને મોસાળ એટલે વિનય કૃષ્ણના સસરાને ત્યાં એક કાગળ લખી મોકલ્યો હતો. તે જો તેમજ આગળ ગયો હોત. તો ત્યાંથી કોઈ પણ મંડળી ત્યાં આવી હોત, અને કાંઇ પણ ચોટાળો થયો હોત. પરંતુ ત્યાંનો પોષ્ટ માસ્તર આપણુને વશ છે તેથી કાગળ વગેરે રજીષ્ટર નકરતાં તે હમારા આગાઉ ઠરાવ પ્રમાણે મ્હારા હાથમાં આવ્યો, અને મેં તેની બરાબર વ્યવસ્થા પણ કરી નાંખી; મેં કાલે નારકારી બેલીફ સાથે બે નોકર આપી તે ઘર ખાલી કરવા કહેવરાવ્યું હતું. તે ત્યાં જાય છે, તો એટલામાં તે ડોશી હાથમાં ઝાડુ લઇ ઘરના કંપાઉન્ડ્ની બ્હાર આવી અને મ્હોટે મ્હોટેથી ગાળો દેવા લાગી? જોઈએં, હવે કેવી રીતે ઘર ખાલી કરાવે છે? તો તેના તેવા ઉકરડા જેવા મ્હોંડા સામે લાગવાની કોની હીંમત છે? બેલીફે તેને સીધીરીતે સ્હમજાવી દીધું. તો પણ તે સાંભળેના! ત્યારે તેણે મ્હારી પાસે એક ચાકરને મોકલી પુછાવ્યું કે, ' કાયદા પ્રમાણે હમણાં ને હમણાં એને બરાબર કરૂં કે! પણ મેં વિચાર કર્યો કે, તેમ કરીશ તો ગામના લોક આપણુને શું કહેશે? પછી તેને સંદેશો મોકલ્યો કે. રહેવાદો હમણાં તેને ત્યાંજ; તમે પાછા જાઓ

અમ્હે આગળ પાછળ જોઈ લઈશું. તેણે તે દિવસે ગાળો કાઢી મ્હારૂંપણ ખુબ અપમાન કર્યું; પરંતુ હું જાણી બુઝીને તે મન ઉપર લેતો નથી તેના બાર વગાડવાને આપણને શી વાર લાગવાની છે? પરંતુ છેવટે એમતો કહેવાશે કે આહે ત્હારા ઉપર આખર સુધી દયા કરી? તે બીજું લોકને પણ એક કહેતી હતી કે, આ ડીક્રી મેં કાંઈ પણ ખોટું ખત વગેરે કરી મેળવી છે; અને વિજય કૃષ્ણને શીક્ષા થવામાં પણ હુંજ કારણ છું. ત્યારે હું કહું છું કે આ તેણે ફક્ત પોતાના ધોરણથી કીધેલું કે તેને કોઈતરફથી આ હકીકત ખરીજ મળી આવી, તે કાંઈ સમજાતું નથી. તે હવે કલકત્તાના ગવર્નર સાહેબના પગ પકડી તેની મુક્તતા કરાવવાની છે?

એવું બોલી ગોવર્ધન તીરસ્કાર પુર્વક થોડો હસ્યો અને આગળ બોલ્યો, "તે ગમે તેમ હો પણ હવે તેને આગળ વધવા દેવી એ ઠીકનહિ. હવે એની પણ વ્યવસ્થા લગાડવીજ જોઇએ. તે શું કરવાની છે કહો; પરંતુ ત્હેનો બંદોબસ્ત થવોજ જાઇએ, અને તેજ સારૂ મેં તમને બોલાવ્યા. મને લાગે છે તમો પોતેજ આજ સ્હાંજે તેને ત્યાં જાવ; તેને કહીએ થએલી વાતને તું શા સારૂ નકામી ગમપછાડા કરી નકામા સરકાર દરબાર કરે છે, સીધી રીતે જો ઘર છોડીશ તો તેમાં તારૂં હિત સમાયલું છે, નહિતો પછી અમને જે યોગ્ય દેખાશે તે વ્યવસ્થા કરીશું! કેમ! તમારો વિચાર આ ઉપર કેમ છે? કેમ કાંઇ બોલતા નથી?"

દુર્લભ;—થોડી ઘણી અડચણ છે ખરી. વારૂ ઠીક છે. તમારા કહેવા પ્રમાણે આજ સાંજે હુંકત્યાં જઈ જરા અનુમાન કાઢી આવું છું, અને તે પછી તમોને આવી ખબર આપીશ. જઉં છું ત્યારે હવે હું મને વાર થઇ.

એવું બોલી દુર્લભરાય ત્યાંથી નીકળી ગયો, અને ગોર્વધન પણ પોતાનું નિત્ય કર્મ કરવા લાગ્યો.

પ્રકરણ ૧૭.

રંગ બદલાયો.

શીખરણી.

અહાહો ! આ મીઠી કુદરત તણી કેવી મૃદુતા !
અરે ? તેમાં ક્યાંથી હૃદય તમ શીખ્યાં અજડતા ?
ત્હમારે માટે કો હૃદય ભગવું જે કરી રહે,
અરે ? તેને ચીરો ? તમ હૃદય તો ચીરીશ હવે !

(કલાપીનો કેકારવ)

આજે ગોવર્ધન ને દુર્લભચંદ્રની વૃત્તિમાં કિંચિત ફરક પડેલો દેખાતો હતો. સવારે દુર્લભચંદ્રને પોતાની યુક્તિ કહેતાં ત્હેનો ચમત્કારી થએલો ચહેરો જોઇ, અને તેણે ત્યારથી ઘણીવાર સુધી પકડેલું મૌન જોઈ ગોવર્ધનને તેના સંબંધમાં થોડો વ્હેમ આવ્યો એવું કહેતાં ઠીક જ છે. ગોવર્ધન જેમ જેમ તેને વિશે વધારે ચોકશી કરવા લાગ્યો તેમ તેમ તેને ગમણો વહેમ આવવા લાગ્યો. અને તે કારણથી તેનુ મન અસ્વસ્થ થયું.

આ તરફ દુરલભચંદ્રની સ્થિતિ પણ લગભગ તેવી જ થઇ હતી, એવુ કહીએ તોપણ ચાલશે.

ગોવર્ધન તરફથી ઘેર ગયા પછી તેના મનને સ્વસ્થતા સમુળગી નહોતી. તેણે આજ સુધી ગોવર્ધનને તેના અનેક દુસ્કૃતમાં મદત કરી હતી. પરંત આજનું ભયંકર કૃત્ય સાંભળી તેનું કાળજું તદન ગભરાઈ ગયા જેવું થયુ હતું. આ પહેલાં કેક વખત દુર્લભચંદ્રને ગોવર્ધનના કારસ્થાન સાંભળી અને જોઇ :પાપ કર્મમાં વિચરવું નહિ એમ તેને થતું હતું. પરંતુ તે વખતે ત્હેની સ્થિતિ આજના જેવી ચમત્કારી થઇ નહોતી ? દરેક વખતે લક્ષ્મી

નો લોભ તેને તેના દુષ્કૃત્યમાં મદદ કરવા પુનઃ પુનઃ પ્રવૃત કરતો હતો. પરંતુ આજનો પ્રકાર કાંઇ જુદોજ હતો. ગોવર્ધનનો સ્વભાવત નીચજ હતો; પરંતુ દુર્લભચંદ્ર જેવા વાસ્તવિક રીતે જોતાં તેમાંનો નહિ છતાં માણસના મન ઉપર આજ સુધી જે દ્રવ્ય લોભે પોતાનો તાબો બેસાડયો હતો; તેની આજે તેની પાસે કાંઇ પણ માત્રા ચાલતી નહોતી ? દુર્લભચંદ્રના મનમાં સદસદ્વિવેક બુદ્ધિ અને લોભ આ બન્નેની ચાલતી ઝટાપટમાં સદસદ્વિવેક બુદ્ધિનોજ જય મળવાનાં ચિન્હ દેખવા લાગ્યાં ? પોતે હવે આગળ ગોવર્ધનને કોઇ પણ કામમાં મદદ કરવી નહિ; એવા તેણે ઘણી વખત નિશ્ચય પણ કર્યો હતા. તોપણ યદ્યપિ દ્રવ્ય લોભથી તેના તે વિચાર ડગમગવા લાગ્યા ? તેનું મન આજના પ્રકારથી તેવાં કૃત્યથી પરાવૃત થયું હતું. તેમાં જરા પણ સંદેહ નહોતો, તો પણ દ્રવ્ય લાલસા સમુળગી નાશ પામી નહોતી ? છેવટે તેણે એવો નિશ્ચય કીધો કે આજ આપણે કબુલ કીધા પ્રમાણે વીનય કૃષ્ણને ઘેર જવું અને પછી બને તેમ કરી ગોવર્ધનના કારસ્થાનમાંથી આપણું અંગ કાઢી લેવું.

આ તરફ દતના ઘરમાં બે દિવસે સ્હાંજના સુમારે નિર્મળા ક્ષેમીના ખોળામાં મસ્તક મુકી સુતી હતી; તેની આંખમાંથી અવિરલ અશ્રુ વરસાદ થતો હતો. ક્ષેમી તેને વખતો વખત સ્હમજાવતી હતી. તે બોલી "બેટા નિર્મળા ? તું હવે પોતાના શરીરને આવી રીતે આખો દહાડો રડી રડીને હાલ હવાલ કરી નાંખવા લાગી તો ત્હેનાથી શું થવાનું છે ? રડવાથી કાંઇ શું ગએલાં માણસ પાછાં આવે છે ?" આ ઉપર નિર્મળા ખુલ્લા અંતઃકરણથી બોલી જીવવાનું પણ શા સારૂ, અને કોને સારૂ ? મને હવે મરણ સારૂં લાગે છે ? હું આજ સુધી મ્હારી માને મુકી, દુર રહી નહોતી, તો ત્હેને હું શી રીતે આટલામાં વિસરી,

જાઇશ ? મા; અરે મા, તું ક્યાં છે ? આ અભાગણીને એકવાર દર્શન આપ ? ”

એવું બોલી નિર્મળા મ્હોટેથી ભુમ પાડી રડવા લાગી. ક્ષેમીએ તેની આંખો પોતાના લુગડાના છેડાએ લુછી અને તેને પેટ સાથે દાબી પ્રેમથી પંપાળી બોલી; “આમ શું કરે છે બેટા છાની રહે. હવે તારા પિતા જલદી પાછા આવે એવી ખટપટમાં લાગવું જોઇએ ? ” પોતાના બાપની વાત નીકળતાં નિર્મળા ઉઠીને બેઠી થઇ, અને ઉત્સુકતાથી ક્ષેમીને બોલી; આટલા જલદી મારા પિતા પાછા આવશે કે ? મારી શું કર્યું હોય તો તેઓ જલદી પાછા આવે તને કાંઇ ખબર છે કે ?

ક્ષેમી—વરિષ્ઠ કોર્ટમાં જો તે સંબંધી આપણે એકાદ અરજી કરીશું, તો કદાચિત તેની જલદી મુક્તતા થવાનો સંભવ છે.

નિર્મળા—ત્યારે તેની અરજ આપણે ગિરીશ સાથે લખી મોકલીએ તો તે લઇ જશે કે નહિ ? કે હુ પોતેજ

એટલામાં બહારથી કોઇએ હાંક મારી કહ્યું “ કોણ છે રે ઘરમાં ? ”

ક્ષેમીએ તાબડતોબ બહાર આવી દરવાજો ઉઘાડયો. તો સ્થુળ કાયાવાળો દુર્લભચંદ્ર તેની નજરે પડયો ક્ષેમીએ આગળ આવી તેને પુછ્યું, “ કોણ છો તમે ? કોનું કામ છે તમને ? ”

દુર્લભચંદ્ર—ક્ષેમકરી તમારૂંજ નામ કે ?

ક્ષેમી—હા મારૂંજ નામ શું કામ છે મારી પાસે તમારૂં ?

દુર્લભચંદ્ર—હું ગોવર્ધનને ત્યાંથી આવ્યો છું, કહેવું એટલુંજ છે કે, કોરટનો હુકમ કાંઈ હવે રદ થતો નથી. સૌ તમે જાણતાંજ હશોઃ ત્યારે આ ઘર હરરાજ કરવા માટે પરમ દિવસે જે ગૃહસ્થ પરવાનો લઈ આવ્યા

ઉપરના શબ્દ સાંભળતાંજ ક્ષેમીના પગની ઝાળ મસ્તકે ચઢી ! તે મ્હોટેથી બુમો પાડી તથા તેની સ્હામે નાના તહેના હાથના ચાળા કરી કહેવા લાગી. “ આગ લાગો તારા બોલવાને મુઆ ! આવ્યો છે હાં શિખામણ કરવા સારૂં ? પેલા મુઆ ગોવર્ધનનાજ ને તમે કુત્રાઓ ? ચાલ નીકળ બહાર. બાપનીજ પુંજી લાગી રહી હાલની, તેમ આવ્યા ઘર ખાલી કરાવવા.

દુર્લભચંદ્ર—બાઈ આમ ખીજાશો નહિ. હું શું કહું છું તે જરા સાંભળી તો લ્યો.

ક્ષેમી– હા, હા ? ઘણું સાંભળી લીધુ. અમે કાંઈ ઘર ખાલી કરતાં નથી, રસ્તો પકડ તું હારો સીધી રીતે?

ક્ષેમીનું બડબડવું બીજુ પણ ચાલુ થયું.

દુર્લભચંદ્ર સ્હાંજના વખતનો દતના ઘર તરફ આવ્યો દરવાજા આગળ આવતાંજ નિર્મળાએ પોતાની માની યાદ કરી જે મ્હોટેથી બુમો પાડી રડતી હતી તે બુમ સાંભળી ત્હેનુ અંતઃકરણ પીગળી ગયું ? તે ક્ષણ ભર ત્યાંજ સ્તબ્ધ થઈ ઉભો રહયો, અને થોડા વખત પછી ઉપર લખ્યા પ્રમાણે તેણે બારણાને થાપ મારી અને ક્ષેમી બહાર આવતાંજ તેને મનમાં કિંચિત કચરાતા દીલથી પહેલાનો મુક્તિવાદ કહેવા લાગ્યો, તેની સાથે તેના મુખેથી તેની યથા સ્થિતિ પુજા થવા લાગી. તે સાંભળી નિર્મળા આંખો લુછતી સ્હામેની ઓસરીમાં આવીને તેને બડબડવાનું કારણ પુછવા લાગી, પરંતુ ક્ષેમીની ગર્જના આગળ તેનો બારીક મંજુલ અવાજ તદન ફીક્કો પડયો, તે ક્ષેમીને સમુળગો સંભળાયો નહિ, ત્યારે નિર્મળા તેની સામે આવી તેને અકળાવી બોલી, “ માશી, શું છે !” થયું શું તે ?

નિર્મળા બહાર આવતાંજ દુર્લભચંદ્રનું લક્ષ તેની તરફ ગયું; આજ સુધી દતના ઘરમાં આવવાનો તેને સમુળગો પ્રસંગ આવ્યો નહોતો, અર્થાત તેણે આજ સુધી નિ

મળાને કદિ જોઇ નહોતી. પરંતુ આજ નિર્મળાને પ્રત્યક્ષ જોતાંજ તેની ખાત્રી થઇ કે, પોતે સાંભળી હતી તે કરતાં તે ઘણીજ સુંદર છે. પરંતુ ગયા થોડા દિવસમાં તેના ઉપર અસહ્ય દુઃખના ડુંગર પડવાથી તેની શરીર પણ ઘણી સુકાઇ ફીકી પડી હતી; અને ચહેરો શોકપૂર્ણ હોઈ મ્લાન દેખાતો હતો. તેણે એક સાદી સાડી પહેરી હતી. તેના શરીર ઉપર આ વખતે એક :પણ દાગીનો નહોતો. તેનો તે સુંદર તદ્દન ઉદાસ અને શોકપુર્ણ ચહેરો જોતાંજ, અને તેના આ સર્વ દુઃખનું કારણ ગોવર્દ્ધન અને પોતેજ હોવાનું મનમાં આવ્યું, અને તેજ વખતે દુર્લભચંદ્રનું મન પુણ્ય પણે ફરી ગયું ! દુર્લભચંદ્ર તેની સ્હામે એક સરખી ટક લગાડી ઘણા દીવસનું કાંઈ સ્મરણ કરતો હોય તેમ દેખાયો, શુમારે છ સાત વર્ષ ઉપર તે એકમાં દગીનો અત્યાગ્યસ્થ થઇ ગયો હતો ઘણા ઓસડો આપીને પણ રોગ હઠતો નહોતો. ત્યારે તેની મા તેને દિવાનપુરથી અશોકપુરમાં લઇ આવી હતી; ત્યાં આવતાંજ તેણે તેને માટે દેવ ધર્મ, વ્રત, ઉપોષણ વિગેરે કરવા માટે આરંભ કર્યો હતો; ત્યાંની દેવીનું સ્થાન જાગૃત હોવાનું તેણે ઘણી વખત સાંભળ્યું હતું. ત્યારે તેની પ્રાર્થના કરવા નો પહેલેથી આરંભ કર્યો હતો. કેટલાક દિવસ પછી દેવીએ તેને સ્વપ્ન દ્રષ્ટાંત આપ્યો, અને એવું કહ્યું કે ' આજ ત્હારી તરફ એક છોકરી ભુલીને આવશે, તેની સાથે તું તારા છોકરાનો હસ્ત સ્પર્શ કરાવ, એટલે તે સારો થશે; ત્હારૂં કામ થયાથી તું તેને તાબડતોબ પાછી મોકલી આપ. તે' દ્રષ્ટાંત પ્રમાણે બીજે દિવસે એક છોકરી એટલે વિનયકૃષ્ણની છોકરી રમતાં ભુલથી ત્યાં ગઇ. રાત્રે દેવીએ કીધેલી છોકરી આજ હોવી જોઇએ, એમ સમજી દુર્લભચંદ્રની માએ તેને ઘરમાં આણી, અને તેનો હસ્તસ્પર્શ દુર્લભચંદ્રની સાથે કરાવ્યો, તેની સાથેજ તેનો રોગ નાશ પામ્યો.

તે યાદ તેને આજ થઇ આવ્યાનું દેખાતું હતું; તે ઉપરથી તે પછી કેટલાક લોકોએ માંદા માણસને હસ્તસ્પર્શ કરાવ્યો હતો, પરંતુ ફરી કોઇને પહેલાં જેવો અનુભવ આવ્યો નહોતો. તે યુક્તિ ફક્ત તેટલા કામ માટેજ તેના શરીરમાં દેવીએ મુકી હશે એમ બધા લોક માનવા લાગ્યા આગળ તે વાત વિચારે પડી, ને વખતે દુર્લભચંદ્ર અને તેની મા નવીન હોવાના કારણથી તે છોકરી કોણ તે દુર્લભચંદ્રના લક્ષમાં રહ્યું નહિ. ફક્ત તેનો ચહેરો તેના મનમાં પૂર્ણ પણે ઠસી રહ્યો હતો. તેની માને નિર્મળાની માનું નામ ખબર હતું, તેણે પણ આગળ કિંમત તપાસ કરી નહોતી તે કારણથી દુર્લભચંદ્રને પૂર્ણ પણે તેની વિસ્મૃતિ પડી, હતી તથાપિ તેના ચહેરા સામે ઘણા વખત જોયા પછી તેને તે વાત યાદ આવી. અને આવી આ પ્રાણ દાતા કન્યાનો વિના કારણ પેલા દુષ્ટ ગોવર્ધનના નાદે લાગે છળ કીધો તે બહુ તેને ઘણું લાગી આવ્યું અને કરેલા કામનો પશ્ચાતાપ થયો; પહેલાંજ તેના ચોકા ઘોટાળેલા મનને, આ વાતથી તેને બરાબર ફેરવ્યું હવે માત્ર તેણે નિશ્ચય કીધો કે આ આગળ ફરી ગોવર્ધનના દુષ્કૃત્યમાં ભાગીદાર થઇશ નહિ; હવે તો માત્ર બંન્ને કુટુંબનું બનશે તેવી રીતે હું તેમને મદદ કરીશ

આ તરફ દુર્લભચંદ્રના મનમાં ઉપર લખ્યા પ્રમાણે વિચારની ઘટમાળ ચાલતી હતી, પ્રેમી પણ કાંઇ સ્તબ્ધ રહી નહોતી. તેનું બડબડવું એક સરખું ચાલ્યું હતું તે બોલી "બહાર થા કહું છું ને? નિર્લજ જેવો મુઓ જુએ છે કેવો ટકટક મ્હોં સ્હામે?

દુર્લભરાયે તેનું બોલવું છાના માના સહન કરી લીધું, અને અશ્રુપુર્ણ નેત્રથી બોલ્યો. "અરેરે? બાઇ આ પહેલાં જો કોઇ વખત હું તમારે ત્યાં આવ્યો હોત અથવા આ છોકરી મ્હારી દ્રષ્ટિએ પડી હોત, તો આજના

જેવો દુર્ધર પ્રસંગ તમારા ઉપર ખચિત આવ્યો નહોત? અરેરે ? દૈવ યોગે જે કન્યાથી એક વાર હું બચ્યો, તેનોજ સર્વ રીતે નાશ કરવામાં હું ઉધ્યુક્ત થયો, એ કેટલી દુઃખની વાત છે, કેટલી શરમની વાત ? ધીકક હો એવા જન્મને ? ”

એવું બોલી દુર્લભરાય ઘણું દુઃખ કરવા લાગ્યો. તે જોઈ નિર્મળાને ઘણું ખોટું લાગ્યું; તે બોલી “ તમે કોણ છો ? તમે શું કહો છો તે મને સ્હમજાતું નથી ? ”

ક્ષેમી—અરે તેનું શું સાંભળે છે નીરંગા તું? એતો મુઆ માયાવી રાક્ષસ છે ? અરે ઓ નીચ ? અધમ, તું હવે સીધો સીધો મુંગે મ્હોઢે ચાલ્યો જા ? તારૂં માયાવી પણું તેમજ તારી નીચ ચાલાકી મ્હારી આગળ ચાલવાની નથી, સાંભળ્યું કે ? તારા ગોવર્ધનને જઈને કહે કે હવે રહેજમાં ફસાવાને કાંઇ વિનય બાખુ નથી; તેની જલ્યાઓ હું ક્ષેમંકરી છું ક્ષેમંકરી ને સ્હમજ્યો, કેવું ઘર લીધો છે તે જોઉ છું ? ”

દુર્લભઃ—બાઈ, હું હવે ઇશ્વરને સ્મરીને ખરૂં કહું છું હું શું કહું છું તે તો એક વખત સાંભળી લો.

વચમાંજ ક્ષેમી બોલી ઉઠી, “ અરે ઓ કાળા મોંઢાના, કાળા કૃત્યવાળા? ત્હારી શિખામણ મેં ઘણી સાંભળી જા હવે જા ! સીધો સીધો ઘેર જા ? ”

નિર્મળાઃ—માશી, અરે તું આમ શું કરે છે ? તે આગળ શું કહે છે તે તો સાંભળીજો

દુર્લભે તે પાંછળના થએલા દ્રષ્ટાંત સંબંધી બધી હકીકત કહી, અને આંખોમાં પાણી લાવી બોલ્યો, “ અરેરે ? જે નિરપરાધિ કન્યા તરફથી એક વખત આ દુષ્ટનું પ્રાણ રક્ષણ થયું; તેનોજ વ્યર્થ છળ મ્હારા તરફથી થયો એ કેટલી ધીકકારની વાત છે ? નિર્મળાબાઇ હું અંતઃકરણ પુર્વક હાથ જોડી તમારી ક્ષમા માગું છું !

થઇ ગયેલી વાતો હવે તમે મનમાં લાવશો નહિ. તમે મને માફ નહિ કરવો કે ? "

નિર્મળાએ શાંત પણાથી તેનું બોલવું સાંભળી લીધું. તેને પણ નાનપણના તેવા પ્રસંગની થોડી થોડી યાદ આવી. આ વખતે ક્ષેમીનું મન જરા ઘોટાળામાં પડેલું લાગ્યું. તે ઘણા વખત સુધી વિચાર કરતી સ્તબ્ધ બની ઉભી હતી. એટલામાં દુર્લભચંદ્ર બોલ્યો, " બની ગઇ ગુજરી વાતો હવે મનમાં લાવશો નહિ; મને હવે મ્હારા દુષ્ટ કર્મનો પુર્ણ રીતે પશ્ચાતાપ થાય છે. મ્હારા હાથે હવે આની આગળ કદી પણ આવું આચરણ થશે નહિ. એ બદ્દલ તમે હવે ખાત્રી રાખજો. ઉલટુ મ્હારાથી બનશે તેટલું કરી હું તમારૂં ભલું કરવાનો પ્રયત્ન કરીશ, એજ મારો નિશ્ચય ? અને હજુ પણ મ્હારા ઉપર જો તમારો વિશ્વાસ ન હોય તો પેલા સ્હામેના સ્મશાન કાલીના દેવળમાં મ્હારી સાથે ચાલો. ત્યાં હું દેવીના પગ ઉપર હાથ મુકી પ્રતિજ્ઞા લઉં છું, અને પછી બધી હકીકત કહું છું; પણ તે ઠેકાણે હું કહીશ તે પૈકી એક અક્ષર સરખો બહાર ન કાઢવા બદ્દલ તમને પણ પ્રતિજ્ઞા લેવી પડશે. "

દુર્લભચંદ્ર ઉપરનું સર્વ બોલવું એટલી નરમાશથી તથા અંતઃકરણપુર્વક બોલતો હતો કે, ક્ષેમીને એક અક્ષર સરખો પણ ખોટો લાગ્યો નહિ પરંતુ વહેમ આવ્યા વગર રહેતો નહોતો. તે બોલી " તમને જે કાંઇ કહેવાનું તે થાંજ કહોને ? મ્હારો તમારા ઉપર વિશ્વાસ બેસશે. ક્ષેમી મનમાં બોલી કોણ જાણે આપણને ત્યાં લઇ જઇ વાળી કાંઇ ફસાવે અને એવુંજ કાંઇ અરિષ્ટ લાવે તો અમારા તો બુરા હાલ થાય ? "

દુર્લભ—નહિ, નહિ, હું હવે ઇશ્વરને સ્મરીને કહુ છું કે તમને હવે મારી તરફથી લેશ માત્ર બીક લાવવાનું

કારણ નથી. હું આજ સુધી દ્રવ્ય લોભથી પેલા નીચ અધમ દુરાત્મા ગોવર્ધનના સર્વ દુષ્કૃત્યમાં સાથીદાર હતો ખરો, પણ આ આગળ તેમ થવું ઘણું મુશ્કેલ છે ? ઇશ્વર કૃપાથી મ્હારો ભ્રમ હવે દુર થયો છે, અને આજથી હું તેનો પરમ શત્રુ થયો છું.

ક્ષેમી આટલું થયા પછી તેની વાતને કબુલ થઇ, વારૂ ત્યારે તમે ચાલો આગળ હું પાછળથી આવું છું.

પ્રકરણ ૧૮ મું.

ગુઢ ઉકેલાયું.

હશે ? ભાઇ ? કિન્તુ હૃદય ત્યજવું તે સુખથી શે ?
ઉછેર્યું મ્હેં ત્હારૂં હૃદય કુમળું દુઃખી ગણીને.
હવે કાંટા લાગે ? અમર તુજ એ કંટક હજો ?
પરન્તુ બીજાથી જરી વધુ હવે કોમલ થજો !

(કલાપિ)

વિનય કૃષ્ણના ઘેરથી થોડે છેટે સ્મશાન કાલીનું દેવાલય હતું, તે લોક વસતીથી જરા દુર હતું, કહેવાની કાંઈ અડચણ નથી. દેવલ કાંઇ ઘણું મોટું નહોતું, અંદર પેસતાંજ એક ન્હાનો ચોતરો અને આગળ ગભારો હતો તે જુના કાળમાં જુની બાંધણીથી બંધાએલું હતું તેથી ચોતરા આગળ અને ગભારા આગળ તો સમુળગો પ્રકાશ નહોતો. અંદર દેવી પાસે એક ઘીનો દીવો મંદમંદ બળતો હતો; પરંતુ તેને લીધે તે ગભારો અંધકાર પુર્ણ ભયપ્રદ દેખાતો હતો. ત્યાં સ્હામેજ ભીમવદના પ્રચંડધારણી કાલી. કાદેવીની મુર્તી હતી. તેના મુખની લબકતી જીભ બોલાજ

પાવી દુષ્ટ લોકના શરીરમાં ધ્રાસકો પડયા વિના રહેતો નહોતો.

આગળ કહેલા દિવ્ય કારણ સારૂં દુર્લભચંદ્ર અને ક્ષેમી ત્યાં આવ્યાં. બન્ને જણાંએ દેવીના પગ ઉપર હાથ મુકી સોગન લીધા. પછી ક્ષેમી બોલી, "દેવીના પગ ઉપર આપણે બંન્ને જણાએ હાથ મુકી સોગન લીધા; ત્યારે હવે કહો જોઉં આપણા વિનય કૃષ્ણ બાબુ પાછા ક્યારે આવશે.

દુર્લભ— પહેલાં પ્રથમ મારૂં તમને એક કહેવું છે. એકે, મેં અત્યાર સુધી જે કાંઇ કીધું, અથવા કહીશ તે પૈકી બહાર એક અક્ષર પણ બહાર ફુટવો ન જોઇએ વિનય કૃષ્ણના સંબંધમાં હું બનશે તેટલી મહેનત કરી તેમની જલદી મુક્ત તા થશે એવો પ્રયત્ન કરીશ."

ક્ષેમી—હું બીજું કાંઇ ?

દુર્લભ—વિશેષ વાત એ છે કે, નીલાંબર બાબુ હજી જીવતા છે ? ક્ષેમી અતિ વિસ્મય ચકિત થઇ બોલી, "હેં ? શું કહો છો ? નીલાંબર શું હજી જીવતા છે ? ત્યારે અનંગમોહિની વિધવા કેવી રીતે થઇ ? તે તો ગયાં ચાર વર્ષથી વિધવાજ છે ?"

દુર્લભઃ—પાપી ગોવર્ધને તે વાત ખોટીજ ઉડાડી હતી. હું પાછળથી તે વાત સવિસ્તર કહીશ, તે સર્વ હકીકત ઘણી મ્હોટી તે હવે તમને.—

આટલું સાંભળી ક્ષેમીને ગોવર્ધન ઉપર ઘણો ક્રોધ ચઢયો; તેનું વાચળ મોઢું કાંઇ બોલ્યા વગર રહ્યું નહિં. તે બોલી; "મોટી આશ્ચર્યની વાત ? મુઓ ? આટલો કેમ મસ્તાન થયો છે? મુઓએ આપને લાવી આ દેવીના પગ આગળ વળી આપવો જોઇએ ?"

દુર્લભઃ—દેવી સ્મશાન કાલી તે દુષ્ટને શાસન કર-

વાને સમર્થ છે. ને હુથે પરંતુ તમારે એક જરૂરીનુ કામ પહેલા કરવું પડશે. અનંગમોહિનીની દાસી વામાની અને તમારી ઓળખાણ હશેજ ?

ક્ષેમી:—હા, છેજ; શિવાય ને મ્હારી દુરની ભત્રીજી છે ? તે ઘણું કરી રોજ મને મળે છે. વારૂ પણ તેને માટે તમે શું કહો છો ?

દુર્લભ:—તેની પાસે ઘરમાં જેમ બને તેમ એક વાતનો તપાસ કરી ગોવર્ધન એક વિષારી [illegible]ધ લઇ આવ્યો છે. તે ચાર પાંચ દિવસ જો માણસ ખાય, તો તે ગાંડુ થાય છે; અને બીજા આઠ દસ દિવસ જો ખાય, તો તે મરી જાય છે. આજ લગભગ ચાર પાચ દિવસથી દુધ વાળી પાસેથી તે દુધમાં મેળવી બારોબર અનંગમોહિનીને આપે છે ? ત્યારે વામાંને મળી, તેની પાસેથી પહેલાં સોગન દેવરાવી પછી કહે કે ગમે તેમ કરી તે દુધવાળીનું દુધ તું અનંગમોહિનીના પેટમાં જવા દઇશ નહિ.

ક્ષેમી:—બાપરે ? જુઓ કેટલા ભયંકર [illegible] છે ? ચાર [illegible] દિવસથી તેના પેટમાં તે ઓસડ જાય છે એ ? ત્યારે તે ઘણું કરીને ગાંડાં થયાંજ હશે ? હે,મા કાલિકા ! જગદંબા ! મ્હારી ડોશીની લક્ષ વેળા નમસ્કાર કરી એટલીજ વિનવણી છે કે, આ મુઆ વાઘના મુખમાંથી અનંગમોહિનીનું રક્ષણ કર ?

દુર્લભ:—નીલાંબરની સ્ત્રી જો ગાંડી થઇ નહોય. તો તેને વામાને એટલુંજ કહેવાનું કહેજો કે, તેને (વામાને) સ્મશાન કાલી દેવીએ સ્વપ્નમાં આવી એવું કહ્યું છે કે ' નીલાંબર બાબુ હજુ જીવતા છે, અને તે જલદી થી પાછા આવશે. તમને તો હવે ઘણી ખરી હકીકત સમજાઇ ચુકી છે, માત્ર તે પૈકી વામાને વધારે કાંઇ કહેશો નહિ. ફક્ત તેને સ્વપ્ન સંબંધી કહેવાનું કહો પરંતુ હવે વિનયકૃષ્ણ બાબુને હું પાછા લાવતાં સુધી અથવા

નિલાંબર બાબુ પાછા આવતા સુધી તમારે બન્ને એ હા: રહેવું ઠીક નથી, કારણ ગોવર્ધન કઇ વખતે શું કરશે તેનો કાંઇ નિયમ નથી ?

ક્ષેમી:—નીલાંબરબાબુ કેટલા દિવસે પાછા આવશે હાલમાં તે ક્યાં છે ? તમ્હે તેમને સાથે ક્યારે લઇ આવશો ? અને અમારા વિનય કૃષ્ણ બાબુ ક્યારે છુટશે ?

દુર્લભઃ—ઘણું કરી બીજા બે ચાર મહિનાની અંદર આ સર્વ વાતો ઘડી આવશે, એવો અંદાજ છે. પરંતુ આ ત્રણચાર મહિના નિર્મળાને લઇ રહેવાય એવું કોઈ તમરા સગાવાલાનું ઠેકાણું નથી કે ?

ક્ષેમી:—કાશીમાં નિમળાની એક દુરની કાકી રહે છે. નિર્મળાને પુછી તે સબંધી શું કરવાનું તે હું જલદીથીજ કહેવરાવીશ પણ હાલ અમને હાથ ખર્ચે ”

‘ ઉ ? પેશાની તમે બીલકુલ કાળજી કરશો નહિ. દુર્લભચંદ્ર થોડી વખત થોભી ખેદ પુર્વક બોલ્યો, આ દુષ્ટે, આજ સુધી નિલાંબરબાબુ અને વિનયબાબુનો સર્વ રીતે નાશ કરી તેમની સંપત્તિ ઉપર યથેચ્છ હાથ માર્યો છે ? પરંતુ હવે તે કૃત્ય બદ્દલ મને પુર્ણ પણે પશ્ચાતાપ થાય છે ? મ્હારી સર્વ સંપત્તિ એ તમારીજ છે એવું સમજો; અને મારી પાસેથી જોઇએ તે વખતે જે મદદ જોઇએ તે માંગી લેવામાં અનુમાન કરશો નહિ, એટલી મ્હારી વિનંતિ છે. હવે હાંથી જઇ તમે પહેલાં વામાની ભેટદયો, અને મેં કહ્યા પ્રમાણે તેની પાસે પહેલાં બંદોબસ્ત કરવો.તેને જેમ બને તેમ બીજી વાતો સંબધી વિશેષ માહિતી નહિ આપશો તેટ સારૂ. કારણ કોઇ પણ વાત ચટકર્ણો જવાથી તે ગુપ્ત રહી શકતી નથી ”

આટલું બોલવું થયા પછી દુર્લભચંદ્ર ત્યાંથી નીકળી ગયો, અને ક્ષેમી પણ પોતાને ઘેર ગઇ.

બીજે દિવસે દુર્લભચંદ્ર ગોવર્ધન તરફ ગયો. ગો.

વર્ધને હમેશ મુજબ તેને આદર સત્કાર કરી કહ્યું, "પધા-
રો દુર્લભભાઈ, કેમ થયું કેસી બાતનું ? "

દુર્લભઃ—તે બધું કાલને કાલ ઠીક કર્યું છે. આપ તે સંબંધિ તદન બેફિકર રહો. તે બન્ને જણ પાછું કરીને એક બે દિવસમાંજ ગામ છોડી જશે.

ગોવર્ધનઃ— હું ? વા ? આ કામ આટલું જલદી અને સહેજમાં થઇ આવશે એમ મને લાગતું નહોતું ? વારૂ તે હશે પણ તમારો ચહેરો જરા ઉતરેલો દેખાય છે. અને સ્વર પણ જરા બદલાયો છે ? કાંઇ પ્રકૃતી વગેરે બગડી છે કે શું ?

દુર્લભઃ— નહિ, નહિ, વિશેષ કાંઈ નથી- કાલ રાત્રે જરા જાગરણ થયું હતું, તેને લીધે કદાચ તેમ દેખાતો હોઇશ. વારૂ પણ નીલાંબર સંબંધી કાંઇ હકીકત મળી કે ? તે હજુ સુધી ગુરૂ દેવમેતોધરે પહોચાડેલા પર્વત ઉપરજ છે કે ? અને ગુરૂદેવ વિશે પણ કાંઇ હકીકત મળી કે ?

ગોવર્ધનઃ—નક્કી એમ હજુ કાંઈજ [illegible] સાંપડી નથી પરંતુ ચાર પાંચ દિવસમાં સઘળુ [illegible] આવશે એમ અનુમાન છે. મેતોદ્ધાર સુરજી પાસે પરન્તુ [illegible] એક ચાલુરા ગોકળીઓ હતો. તેની સાથે તેણે [illegible] કહેવરાવ્યો છે કે હું ચાર પાંચ દિવસમાં [illegible] સઘળી કાંઈ હકીકત કહીશ. જોઈએ હવે શું [illegible] ત્યાં મોકલવા સારૂ બે માણસોને મ્હેં હમણાંજ [illegible] તૈયાર કર્યા છે, પેલો એક અણુ, અને પેલો બીજો [illegible]. માત્ર તમારે તેમની સાથે ત્યાં સુધી જવું પડશે. ત્યાં સુધી આપણું મન કાંઈ નિશ્ચિન્ત થાવનું નથી.

દુર્લભચંદ્રને પણ તેટલુંજ જોઇતું હતું. તેણે પહેલાં તો ઉપર ઉપરથી નાખુશી દર્શાવી. પરંતુ તે જલદીથી ત્યાં જવા સારૂ કબુલ થયો.

પ્રકરણ ૧૯

પ્રયાણ.

તેજ દિવસે સ્હાંજે દુર્લભરાય વિનયકૃષ્ણને ઘેર ગયો જતાજ તેણે ક્ષેમીને પુછ્યું, "કેમ છે? ઘરની શી ખબર છે? તમે વામાને મળ્યા હતા કે?"

ક્ષેમી દુઃખ કરી બોલી "શું કહું? સત્યાનાશ થયો છે? જે વાતને આપણે બીતા હતા, તે વાત તો થઇ ચુકી? તે ઓસડથી ગયા ત્રણ દિવસ......

દુર્લભ—શું નીલાંબરની સ્ત્રી ગાંડી થઇ? અરેરે!

ક્ષેમી—હજુ સમુળગી ગાંડી થઈ નથી, તો પણ ઘણી ખરી તે ગાંડી થઇ છે: આજે બપોરે હું વામાને મળી હતી; તેને તમારા કહ્યા પ્રમાણે સોગન આપી પછી ઓસડ સંબંધી હકીકત કહી. તે મને પોતાનેજ અનંગ મોહિની આગળ લઇ ગઈ. તે હમણા ઘણુ કરી કોઇની ભેટ લેતી નથી. હું ગઇ તેવીજ તે મ્હારી સ્હામે હાથ જોડી ઉભી રહી, અને મ્હોંમાંને મ્હોંમાં કાંઇ બબડી. તેણે મને ઓળખી પણ નહિ? પછી વામા તેને બોલી, 'બાઈ સાહેબ આને તમે ઓળખતાં નથી કે? આ આપણા પેલા દત્તના ઘરની ક્ષેમી છે!" તે સાંભળી અનંગ મોહિની મ્હારા સ્હામે જોઇ એક દમ હસવા લાગી. અને બોલી 'કોણ કહે છે કે હું એને ઓળખતી નથી? આતો પેલા ચુનીલાલ ઝવેરીની બહેન! અરે એણે તો મને કેટલી વાર ભારે ચોળીઓ તથા લુગડાં લાવી આપ્યા છે? તે તું માગે છે શું? શું? હવે મારે માટે તું નવીન લઇ આવી છે? હું તો વિધવા? મ્હારા બોલવા ઉપર ત્હારો વિશ્વાસ

ન હોય, તો પેલા બુઢા નાયબને પુછી જો. તેનું તેવું બોલવું સાંભળીને ભાઇ મ્હારી તો છાતી ફાટી ગઇ, અને આંખમાં પાણી આવ્યું ? તે હજુ આગળ બોલી, 'કેમ અલી તું કેમ રડે છે ? તે આણેલાં કપડાં હું પહેરીશ એટલે થયું ના ? હું જ્યારે મ્હારા સ્વામી પાસે જઇશ, ત્યારે આના કરતાં પણ મૈત્યવાન કપડાં મને ત્યાં મળશે. પછી હું કેટલા બધા દાગીના, હિરાનો મુક્તાહાર અને માથામાં માણેક મોતી વગેરેના અલંકાર પહેરીશ. અને હુ જ્યારે ત્યાં જઇશ ત્યારે તને પણ સાથે લઇ જઇશ હો ? ત્યાં જેવી હતી તેવીજ હું ત્યાં ગયા પછી પણ રાજરાજેશ્વરી થઇશ' વામા તેને છાતી કરી બોલી, 'સાંભળો બાઇ સાહેબ કાલેજ સ્મશાનકાલી દેવીએ મને રાત્રે સ્વપ્નામાં આવી કીધું કે નિલાંબર બાબુ હજુ જીવતા છે, અને જલદી પાછા આવી તમને તે મળશે? અનંગ મોહિનીએ વામાનું તે બોલવું સાંભળ્યું, અને પોતે એક સરખી હસવાજ લાગી અને બોલી, 'દુરથા અભાગી છું તું ગમે તેવું કાંઇ પણ બોલે છે ? તે હ્યાંથી કેટલા દુર ? આટલા દુર જો તે છે તો તે કદી પણ જીવશે કે ?' મ્હારાથી તો ભાઇ ત્યાં રહેવાયુ નહી. તેનું એકંદર તેવું બોલવું ચાલવું જોઇ મ્હારૂ હૃદય તો પાણી પાણી થઇ ગયું ? પછી હું ત્યાંથી પાછી આવી ને નાયબ તો મને એવો તો ગુસ્સો આવ્યો હતો કે, કે મુઆના ટુકડા કરી કુતરા પાસે ખવરાવવા ? પણ હજી મને લાગે છે, જલદી કાંઇ ઉપાય કરવામાં આવે તો અનંગમોહિની સુધરે તેમ છે. કાંઇ પણ ઉપાય કરવા જેવા છે કે ?

દુર્લભ—ઉપાય તો છે. પણ હાલનાં મ્હોં બાંધી ઉપર બુકીનો માર, એ પૈકીની હાલ મ્હારી સ્થિતિ થઇ છે ? આ આગળ ગંપ તેમ કરી તે ઝેર પેટમા ન જાય તેવી તજવીજ કરો. પછી કાંઇ વિશેષ બીક નથી. આ વાત

જો બહાર પ્રસિદ્ધ કરીએ છીએ તો પણ ગોવર્ધન બીજું કાંઈ વિઘ્ન વચમાં ઉપસ્થિત કરશે અને જો ન કરીએ તો પણ પંચાત થાય છે? હશે પ્રભુ તારનારો છે. હું ગુપ્ત પણે કાંઇ પણ ઓસડ આપવાની વ્યવસ્થા કરીશ. મારી પાસે એક ઉત્કૃષ્ઠ પ્રકારનું તેલ છે. તે જો મસ્તકને ચોળ્યું હોય તો મગજ ઘણું શાન્ત થાય છે, હું તે તેલની બાટલી તમારી પાસે લાવી આપું છું. તે વામાને દરરોજ અનંગ મોહિનીના મસ્તકને ચોળવાની કહેજો એટલે ઝેરનું જોર વધારે નહિ થતાં દરરોજ ઓછું કમતી થતું જશે. તે હશે. પણ તમે આ ઠેકાણું બદલી ક્યાં આગળ જવાનું નક્કી કર્યું છે?

ક્ષેમી—મ્હેં તે બદલ નિર્મળાને પુછેલું. ત્યારે તે બોલી કે બાપા પાછા આવતા સુધી આપણે ત્યાં રહેવું એવું જો ત્હારૂ કહેવું હોય તો મ્હારી કાંઈ તેમાં હરકત નથી.

દુર્લભ—ત્યારે હવે ત્યાં વધારે વધારે વખત રહેવામાં કાંઈ સાર નથી, જેમ બને તેમ હવે તાકીદ કરવી જોઇએ. ત્યાં સુધી તમને પહોંચાડવા સારૂ હું એક મ્હારો વિશ્વાસુ માણસ તમારી સાથે આપું છું. આજેજ નીકળવાની તૈયારી કરો. તમને વાટ ખર્ચી સારૂ તથા બીજા ખર્ચ સારૂ આ હું પઇસા લઇ આવ્યો છું, તે લ્યો.

એવું બોલી દુર્લભચંદ્ર બે પૈસાની થેલીઓ તેની તરફ નાંખી અને બોલ્યો." મેં આજ સુધી કરેલા અગણીત પાપમાંથી અશત મુક્ત થયા સારૂ મને આ એકજ ઉપાય દેખાય છે. એને તમે ના કહશો નહિ."

પૈસાની તેમની પાસે ખરેખરી ભીડ હોવાથી ક્ષેમાંથી એકદમ ના બોલાતી નહોતી, તે બોલી, "થોભો હા જરા હું નિર્મળાને પુછુ છું, નિર્મળા અરે નિર્મળા જરા આમ આવી જા."

નિર્મળા આવતાંની સાથેજ તેને ઉદ્દેશી બોલી. "ને આ કહે છે કે તમે કાશીએજ જાવ. અને વિનય બાણુ છુટીને પાછા આવે ત્યારે તેમની સાથેજ પાછા આવજો, અને તેમણે વાટ ખર્ચ સારૂ તથા બીજા કામ સારૂ આ પઇસા આપ્યા છે."

નિર્મળા—આપણાથી એમના પૈસા કેમ લેવાય ? બાપા એમ કોઇના કોઇ દિવસ લેતા નહોતા,

દુર્લભ—નિર્મળા બાઇ, દૈવયોગે કહો અથવા ગમે તેમ કહો, પણ તમારા હાથે મને એક વખત જીવતદાન મળ્યું છે. હું તમને મારી મા પ્રમાણે સમજુ છુ, તમે ના કહેશો નહિ. તેને સારૂ મને ઘણું દુખ થાય છે ? ગને મારા પાપનું થોડું પ્રાયશ્ચિત લેવા દો ?

ક્ષેમી—તે કહે છે વ પણ એક અર્થે બરોબર છે, અને હવે આપણી પાસે પણ ખર્ચવા શું છે ? જગદંબા કાલિકામાતા આપણને ક્યારે સારા દિવસ દેખાડશે અને આપણા વિનયકૃષ્ણ બાબુ પાછા આવશે; ત્યારે તેમના પૈસા આપણે પાછા આપીશું.

નિર્મળા—પણ તેવું શા સારૂ જોઇએ ગાશી ? મહારા હાથમાં આ સોનાની બંગડીઓ છે, એજ વેચવાને શી હરકત છે ?

દુર્લભ– નહિ, નહિ, આમ બીજું ત્રીજું કશું મનમાં લાવશો નહિ, મારી તમને હાથ જોડી એટલીજ વિનંતી છે કે તમે મને હવે પારકો સમજશો નહિ. અને મારા તરફથી આ થનારૂં અલ્પ સહાય નાકારશો નહિ.

આ ઉપર બંને જણાંથી કાંઈ બોલાયુ નહિ, નિર્મળાએ પોતાની બંગડીઓ લેવા ઘણો આગ્રહ કર્યો પરન્તુ દુર્લભચન્દ્ર તે નહિ સ્વીકારતાં આણેલાં પૈસા તેમને બળજબરીએ સોપ્યા તેજ રાત્રે તે બન્ને-જણાએ નીકળવાની

તૈયારી કરી દુર્લભચંદ્ર પોતાના એક મિત્ર સુરેન્દ્રને તેમની સાથે મોકલવાને નક્કી કર્યો ઉપર કહી ગયા તેમ દુર્લભચન્દ્ર પોતાની તરફથી ગુપ્ત રીતે મદદ આપતો હતો. તોપણ ગોવર્ધન જેવા મહાકારસ્થાની અને કપટ પટુ નીવડેલ તેનો થોડો ઘણો પત્તો લાગ્યા વગર રહ્યો નહોતો.

ક્ષેમી અને નિર્મળા તેજ રાતે સુરેન્દ્ર સાથે ગાડીમાં રવાના થયા.



પ્રકરણ ૨૦ મું.

ગંગાનદીના કીનારા ઉપર.

પાછળ લખ્યા પ્રમાણે નિર્મળા ક્ષેમી સુરેંદ્ર સાથે કાશીમાં નીકળી ગયાને આજ બે મહિના થયા એક દહાડો પ્રાતઃ કાળના સમયમાં મીરજાપુર પાસે આવેલી ગંગાનદિના પવિત્ર કાંઠા ઉપર ત્રણ માણસો બેઠા હતા. તે પૈકી એકજણ બોલ્યો, રાયમહાશય પેલી જગ્યા હવે ત્યાંથી કેટલે દુર છે ?

રાયમહાશય બોલ્યા, ' કઇ જગ્યા પુછોછો ?'

" જેઠેકાણે તમો અમને લઇ ચાલ્યા છો તે?"

" હું તમને લઇ જાઉંછું એમ કાં બોલો છો? ઉલટુ હુંજ તમારી સાથે આવુંછું. "

" વારૂ તેમ સ્હમજોને. પણ તે ઠેકાણું ખરેખર ત્યાંથી કેટલે દુર છે ?"

" પણ તે ઠેકાણું હું શું કહું ? તમને જવાનું ક્યાં એનીજો મને ખબર નથી, તો તે ઠેકાણું કેટલે દુરછે એ હું શીરીતે કહીશકું ? "

વાહ! રાયમહાશય તમને પણ વાત ઉડાડતાં ઠીક આવડે છે? કોઇને લાગશે કે ખરેખર આમને તો કાંઇ ખબરજ નથી, મશકરી જાવાદો, હવે અહીયાં ખરૂં કહો,

તે ઠેકાણું કેટલે દુર છે? આપણે તો ભાઇ ચાલી ચાલીને તદન થાકી ગયા." પહેલો માણુસ હશીને બોલ્યો.

રાયમહાશય જરાકપાળે આંટીઓ નાખીને બોલ્યા, "અરે પણ તે ઠેકાણું કયું.? અમુક એક ઠેકાણું કહી શને? પછી તે કેટલુ દુરછે તે મ્હારાથી કહેવાશે?"

પહેલો માણુસ જરા આશ્ચર્ય ચકિત થઇ બોલ્યો એટલે તમે આજ આ શું પુછો છો! મશ્કરીમાં કહો છો કે ખરૂંજ બોલો છો? કે મ્હારા મ્હોડામાંથી બોલાવવાનો જ તમારો વિચાર છે?

તેવુંજ હશે તો તેમ કહેવાને શી હરકત છે? આપણને ઘનશ્યામ બોસનો છોકરો જેનિ લાંબર તે આજ બે ત્રણ વર્ષથી સંન્યાસી થઇ વિંધાચલ ઉપર ગયો છે. તેનો આ જગતમાંથી નાશ કરવા સારૂ તેના રહેવાને ઠેકાણે જવાનું છે. હવે તો થયુંને?

ઉપરના ત્રણ માણસસો કોણ હતા, એ હવે વાંચકના સ્હમજવામાં આવ્યુંજ હશે. તે પૈકી એક દુર્લચંદ્ર રાય અને બીજા બે જણા ગોવર્ધને નિલાંબરનું ખુન કરવા મોકલેલા મારા, ગણુ અને રૂસ્તમ હતા.

દુર્લભઃ-શું કહે છે ગણું? તમે ત્યાં જઇ નિલાંબરનું ખુન કરવાના કે?

ગણુ અને રૂસ્તમ એ બંન્ને જણા સાથેજ બોલી ઉઠયા, 'હા ત્યારે શું?'

દુર્લભઃ—કેમ ભાઇ એણે તમારો શો અપરાધ કર્યો છે? કે તમો તેનું ખુન કરો છો?

કેમ છના કેમ રહ્યા? બોલો શું તે?

રૂસ્તમઃ—તેણે અપરાધ કર્યો હોય કે ન કર્યો હોય તેની સાથે અમારે શું કામ છે? નાયગ મહાશયે અમને

તે સારૂ પૈસા આપ્યા છે, અને હજુ પણ આપશે, અને તેથીજ અમે તેનું ખુન કરવાના સમજ્યા ?

દુર્લભ:–અરે નાયબ મહાશયે કદાચ તમને પૈસા આપ્યા હશે, તો પણ તમારા હાથથી આ કેટલું ખરાબ કૃત્ય થાય છે એનો તમે કાંઇ પણ વિચાર કર્યો છે કે ? નિરપરાધી નીલાંબરનું તમે ખુન કરવાના ! ? ગરીબ દીન દુબળાનો કેવળ માબાપ એવા ધનશ્યામ બોસના છોકરાને તમે મારવાના ! કાંઇ વિચાર કરો ? આ બાબતનો તમે પરમેશ્વર આગળ શું જવાબ આપશો !

રૂસ્તમ:–અરે આવી વાતોમાં, પેટનો પ્રશ્ન આવ્યો કે, પરમેશ્વરને ટોલ્લા ઉપર મુકવો પડે છે ? પરમેશ્વરજો હોત તો અમારી આજે આવી દશા કેમ થઇ હોત ! હું પણ એક વખત જમીદારનોજ પુત્ર હતો. અમારી પાસે ધનદોલત, દાસ દાસી વગેરે સર્વ કાંઇ હતાં.
તે વખતે બધા લોકો પણ અમારી ખુશામત કરતા હતા. પરંતુ દુર્દૈવથી અમારી બધી દોલત નાશ પામી, હાથમાં એક પૈસો સરખો રહ્યો નહિ, ત્યારે પહેલા અમારી ખુશામત કરવાવાળા લોકોની મેં જઇ કેટલી વિનંતિ કરી તથા ખુશામત પણ કરી તો પણ તે પૈકી એક પણ હરામખોરને મારી દયા આવી નહિ ? તે વખતે પરમેશ્વર ક્યાં હતો ! છેવટે આ પેટ બાળવાસારૂ એક શ્રીમંત વિધવાબાઇને ઘેર પ્રથમ ચોરી કરી, અને તે ચોરી નહિ છુટતાં મેં તેનો નિશ્ચિન્ત પણે ઘણા દિવસ સુધિ ઉપભોગ પણ લીધો. ત્યારથી હું આજ ધંધો કરૂં છું. આ તરફ આવતા પહેલાં ગોવર્ધન મહાશયે અમને ઘણા પૈસા આપ્યા અને આ કામ કરી પાછા ગયા પછી પણ બીજા પૈસા મળશે. આ કામ ખરાબ છે તે અમ્હે જાણીએ છીએ, પરંતુ અમારી પાછળ આ કદિ નહિ ભરાવાનું પેટ વળગ્યું છે ના ? તમારી કોઇની ઇચ્છા ન હોય તો હું એકલો જઇ

તે કામ કરી આવું છું.

દુર્લભ:—નહિ નહિ, [illegible] નહિ? કમનસીબનો હોયતું ઇશ્વરને આપીશ નહિ! તું ફક્ત પૈસા સારૂજ નીલાંબર બાબુનું ખુન કરવાનો [illegible] એમ તને કેટલા પૈસા આપવાનો છે! [illegible] નસો આપ્યા હશે, અને બીજા ચાર [illegible], એટલુંજ ને! એટલે તમારા બન્નેને ભાગમાં દર બબ્બેને અઢીસેં અઢીસેં આવશે? પણ હું એમ કહું છું કે, [illegible] તમને દરેકને હમણાંજ પાનસો પાનસો આપું તો! પછી તમે આ કામ મુકી દેશો કે?

રૂસ્તમ:—હા ન છોડાતો શું થયું? પણ પૈસા પહેલાં પછી બીજી વાતો.

ગણુ—પણ કેમ ગો? આમને આ કામ સારૂ જે વખતે [illegible] ત્યારે [illegible]

દુર્લભ—[illegible] હતો કે! [illegible] તો [illegible]

રૂસ્તમ—[illegible] રંતું કેમ [illegible]?

દુર્લભ—અરે [illegible] સાથે તારે શું [illegible] છે? [illegible] આ [illegible] સારૂ છે કે? [illegible] એટલે [illegible]? [illegible] સાથે તમારે શું [illegible] છે?

આટલું બોલવું થયા પછી બન્ને જણા કેટલો વખત સુધી સ્તબ્ધ બેઠા. દુર્લભચંદ્રના શબ્દો સાંભળી તેમના મનની ચલવિચલ થયેલી તેમના મ્હોંહા ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવતી હતી. તે બન્ને જણા વિચાર સાગરમાં ડુબી ગયા હતા. થોડા વખત પછી રૂસ્તમ બોલ્યો, 'હું જરા નિમાજ પઢી આવું છું. પછી જોઇશું શું કરવાનું તે

એવું બોલી થોડે દુરજઈ જમીન ઉપર પોતાના ઢીંચણ ટેકી હાથ પસારી, 'અલ્લાહો અકબર' એમ મોઢેથી બોલી નિમાજ પઢવા લાગ્યો.

દુર્લભઃ—ગણુ હવે તું પણ ત્હારો વિચાર કરી મને કહે શું તે, બન્ને બાજુએથી તમારે નુકશાન તલમાત્ર થવાનું નથી. ઉલટ હું કહું છું તેમ કરવાથી તમારો ફાયદોજ છે.

ગણુ—પણ તમે અમને પૈસા ક્યારે આપશો!

દુર્લભઃ—મીરજાપુરમાં મારો એક આડતીઓ છે, તેની પાસેથી લઈ હું તમને આજને આજ આપું છું, ફક્ત ત્યાં જવાનીજ ખોટી છે; કે રકમ તમારા હાથમાં? તમને શું! ફક્ત પૈસા મળ્યાનું કારણ. ત્યારે શું તમે ચાલો છો ને ત્યાં!

કેટલોક વખત વિચાર કરી ગણુ બોલ્યો, 'વારૂ અમને પૈસા આપી પછી તમે કઈ તરફ જવાના?

દુર્લભ;—તમને પૈસા આપ્યા પછી, પ્રત્યક્ષ નીલાંબરબાબુ પાસે જઈ તેમને બધી હકીકત કહેવાનો મારો વિચાર છે. અને બને તેમ કરીને તેમને પાછા ઘેર લઈ જવાના. તમને પૈસા મળ્યા પછી જોઇએ તો તમે પાછા તમારે ગામ જાઓ. અથવા મ્હારી સાથે ચાલો. તમને લાગે તેમ કરો.

ગણુઃ—વારૂ મિરજા પુરતો પહેલાં ચાલો. આગળનું આગળ જોઇ લેવાશે.

એટલામાં રૂસ્તમ નીમાઝ પઢી આવ્યો. તે બોલ્યો "ઠીક છે, રાવ સાહેબ, તમારા કહેવા પ્રમાણે થાય ને! હાલ તમારા આડતીઆને ત્યાં ચાલો, અને અમારા પેટની વ્યવસ્થા પહેલાં લગાડી આપો. પછી આગળ ખુદા છે."

દુર્લભઃ—હા, હા, ચાલો મારી તરફથી થોડીજ ના છે! તમને જેમ ઠીક લાગે તેમ.

પ્રકરણ ૨૧ મું.

યુવકનું સ્વપ્ન

અહો ! કેવું મીઠું મમ જીવિત વ્હેતું વહીજતું ?
અરે? તેમાં કેવું વિષ ભળી ગયું ક્યાંથી કડવું ?
અહો? એ રાત્રિથી સમજણ પડી આ જગતની.
અને એ ગાહેલી મધુર સઘળી એ ઉડી ગઇ !
પ્રિયાની વાણી શું ઝરણધ્વનિમાં કાંઇ સુણતાં
ફરી મ્હારો આત્મા ચુપ થઇ રહ્યો શાન્ત સ્થિર ત્યાં;
હર્યો મ્હારો આત્મા રૂદન કરતી સાંભળી પ્રિયા,
અને ચોખ્ખા આવા મમ શ્રવણમાં અક્ષર પડ્યાઃ—

(કલાપિ)

વિંધ્યાચલના અનેક ભયાનક પહાડોમાંના એકઉપર એક નિર્જન દેખાતું એક પર્ણકુટી સ્થાને એક યુવક સુતો હતો. રજનીનાથ શશાંક સુનીલ સ્વચ્છ આકાશમાં ઘણો ઉંચે આવેલો હોઇ યુવકના સુકુમાર વદન ઉપર સુધાધારા વર્ષણ કરતો હતો. વાયુ તેના પ્રશાંત લલાટને અને જટા ભારને સ્પર્શ કરી મંદ ગતિથી વહેતો હતો. માતાના મૃદુ શરીર ઉપર બાળક જે પ્રમાણે તેના મુખમાંથી ની-

કળવા અસ્ફુટ ગાન સ્વનેથી થોડાજ વખતમાં સુઇ જાયછે, તેજ પ્રમાણે તે યુવક પોતાની ધરણી માતાના નિસર્ગ સિદ્ધ મૃદુત્રણુશપારૂપ અંગ ઉપર, પાસે આવેલા એક ન્હાના જલ પ્રવાહના અસ્ફુટ સ્વથીર નિદ્રિસ્ત થયો હતો. તેની ઉમ્મર પચીશની અંદર દેખાતી હતી. ઓઠ ઉપર હમણાંજ મુછો ફુટતી હતી. તેનુ કપાળ પ્રશસ્ત દેખાતું હતું. તેણે પોતનો સર્વ કેશભાર મસ્તક ઉપર મુકુટાકૃતિમાં બાંધ્યો હતો એકંદર રીતે તેનું મુખ તેજઃપુંજ દેખાતુ હતુ, તેણે એક સાદી ભગવારંગની કફની ઓઢી હતી, અને પોતાનો જમણો હાથ ઉસીકા નીચે મુકયો હતો. અનાવૃત એવા હસ્ત પાદાદિ અવયવ ઉપરથી તેની સુદ્રઢ અને સતેજ અવયવ ઉપરથી તેની સુદ્રઢ અને સતેજ અંગકાંતિ સ્પષ્ટ પણે દેખાઇ આવતી હતી. . યુવકગાઢ નિદ્રામાં પડેલો હતો તે વખતે તેને કાંઇ સ્વપ્ન પડતું હોય, એમ તેની મુદ્રા ઉપર જુદાજુદા દેખાતા વિકાર ઉપરથી સ્પષ્ટપણે જણાતું હતું. તેને સ્વપ્નમાં એમ દેખાયું કે, શુભચંદ્ર પ્રકાશથી સિકત થતી આ ભૂમિ; એકાએક ગાઢ અંધકારથી વ્યાપ્ત થઇ છે; નીલ આકાશમાંથી આપણી તરફ પ્રેમથી જોઇ હાસ્ય કરતો શશાંક પણ તેમાં વિલીન થયો છે, આ વખત સુધી મંદ ગતિથી વહેનારો વાયુ સુસવાટાથી ગર્જના કરવા લાગ્યો છે, અને તેણે ચોતરફ હલકલ્લોસ ઉડાવી દીધો છે, મત હાથીનાં ટોળાં પ્રમાણે આકાશમાં ચોતરફ પ્રતિસ્તન. ભ્રમણ કરનારમેઘ ભિશણ ધ્વની કરી દિગમંડળ કંપાવ્યા માન કરી મ્હેલે છે એટલામાં એકક્ષણભરમાં તે સર્વ અંધકારને વિછિન્ન કરી સૌદામિનીએ પોતાના ઉજ્વળ પ્રકાશથી આંખો દિપવી નાંખી. ક્ષણાર્ધમાં તેના ઉજ્વળ રેશામાંથી એક તેજઃપુંજ દૈદિપ્ય માન પુરૂષ મુર્તિ પ્રગટ થઇ ? તેના તે પ્રશાન્ત અને વાત્સલ્યપૂર્ણ મુખસામે અવલોકન કરતાંજ, સંન્યાસી યુવકને અત્યંત થયા સંતોષ

જેવું દેખાયું. તે વ્યક્તિ ધીમે ધીમે અંતરિક્ષમાંથી નીચે આવવા લાગી; અને તેની તદ્દન પાસે આવી બોલી " વત્સા. તું આવીરીતે એકા એકી આ નિર્જન પ્રદેશમાં આવી શુ કામ વાસ્તવ્ય કર્યું ? વિધાતા એ પોતાનુ પૂર્ણ કોશલ્ય ખર્ચ કરી અને આનંદમય એવા માનવી નિકેતનનો ત્યાગ કરી તું આહિંસ્ત્ર પશુના સન્નિધ આવી કેમવાસ રહયો છે? "

નિલાંબરે તે તેજ પુંજ પ્રિતીમય સુખાકૃતી અને વાત્સલ્યપુર્ણ પરંતુ ગંભીર એવો કંઠારવ તત્કાળ ઓળખ્યો તે ગંભીર સ્વરનો તેનામન ઉપર પરિણામ થયા વગર રહયો નહિ. તે હાથ જોડી તે વ્યક્તિને ઉદ્દેશી બોલ્યો, " બાપા ! બાપા ! હું ઘોર અન્ધકારમાં પતિત થયો છું ? મને ઉપર કાઢો ! મારો, ઉદ્ધાર કરો. અને મને તમારા પગ આગળ તે દિવ્ય ધામમાં લેઇ ચાલો ! "

" વત્સા, તારા મનમાં શુ છે તે મે જાણ્યું પરંતુ ત્હારૂં મન અદ્યાપ સ્થિર થયું નથી; તારૂં અદ્યાપિ સ્થિર થયું નથી; તે તું કર તું સુખેથી સંસારકર ત્હેમાં તને અમિત સુખ પ્રાપ્તિ થઇ તારૂ આયુષ્ય અને મન સ્થિર થશે, પછી તું ચિરસુખ પ્રાપ્તિસારૂ પ્રયત્નકર, એટલે તે તને સેહજ પ્રાપ્ત થશે. તારા મનની અસ્વસ્થતા કાંચળી તું સંસારમાં પેશી દુર કરીનાંખ; અને આલોકની તથા પરલોકની સુખ પ્રાપ્તિ કરી લે " ઉપરની અધિકાર યુકત વાણીથી ઉચ્ચારેલા શબ્દ સાંભળી નીલાંબરને અત્યંત આશ્ચર્ય લાગ્યું તે બોલ્યો. નહિ, નહિ, બાપા એમ કેમ થશે? હું શું હવે સંસાર કરૂં ? તેમાંનો દિપતો ક્યારનો હોલવાઇ ગયો. મારિ દ્રષ્ટિથી તે હવે કેવલ અંધકારમય છે ? તેમાં રહી મને શાન્તિ કેવીરીતે મળશે?

તે વ્યક્તિએ પુર્વવત સ્નેહાર્દ્ર સ્વરથી અને કિંચિત

હાસ્યમુખ કરી ઉત્તર આપ્યો “ વાત્સા તને ભ્રમ થયો છે ? તું મ્હારા શબ્દો ઉપર વિશ્વાસ મુક. સંસારમાં જઈ તું જો આજે આકાશસ્થ ઉજ્વળાતા પાછો પ્રકાશ માન થયો એવોજ તારો સંસારમાંનો દીપતને પાછો મળશે ? વત્સ તને મારો પુર્ણ આશીર વાદ છે, ”

એકાએક તે વ્યકિત નાશ પામી. તેણે જતાં પહેલાં ઉપર દેખાડવા પ્રમાણે આકાશસ્થ દીપચંદ્ર–પાછો દેખાવા લાગ્યો. સન્યાસી યુવક એકદમ ઝબકીને જાગૃત થઇ બેઠો. વસુધા પુર્વવત ચંદ્ર પ્રકાશથી સિકત થએલી અને ગંભીર રૂપ ધારણ કરેલી એવી દેખાવા લાગી. તેણે વચમાં ધારણ કરેલું ભિષણ સ્વરૂપ છેક નાશ પામ્યું હતું ? યુવક મોટા વિચારમાં પડયો. પોતે જે હમણાં કાંઇ દીઠું તે શું સ્વપ્ન કે ખરીવાત ? તેને હરિહરિ પાછો ભ્રમ થવા લાગ્યો. તે મનમાં બોલ્યો, ‘શું ? ત્હારોદિપ તને પાછો મળશે? એનો અર્થ શું ? મારિ પ્રિયા હજુ જીવતી છે ? ’’ તે વ્યક્તિએ જતાં વખતે ઉચ્ચારેલા શબ્દ, તેના કાનમાં એક સરખા અદ્યાપિ ભણભણતા હતા. ઉંઘ ઉઠી ગઇ ને પુર્વવત પોતાની તૃણશય્યા ઉપર પડયો પરંતુ તેના મસ્તકમાં સેંકડો પરસ્પર વિરોધી વિચારે ધામધુમ મચાવી મુકી હતી!

તેને કેટલાક વખત પછી, કોઇએ “ હે પ્રભો ! નાથ ! આપ કયાં છો ? એક વખત આદીન દાસીને દર્શન આપો હો ? ” એવા કરૂણા જનક સ્વરથી હાંક મારેલી સંભળાઈ. યુવક મનમાં બોલવા લાગ્યો “ અરે આ શું ? આ કંઠારવ કોનો ? મારિ પ્રિયા અનંગમોહિનીનો આ અમૃતો પમ કંઠરવ આ ઠેકાણે કયાંથી વારૂ સંભળાય છે ?” એટલુ બોલી તે ચો તરફ જોવા લાગ્યો.

ક્ષણમાં તેનો સ્વર વિલીન થઈ ગયો; તે પાછો તેને ફરિ સંભળાયો નહિ. પરંતુ કિંચિત્કાળ પછી, પૂર્વના જેવો પ્રિય એવો પોતાના ન્હાના ભાઇનો સ્વર તેને સંભ

ળાયો ? યુવક એકદમ રોમાંચિત થઇ ઉઠી ઉભો રહયો અને બોલ્યો, ' આવ, આવ ભાઇ આ જો હું હાં છું.'

તે ઉઠીને ઉભો રહેતાંજ તેનો ભ્રમ નાશ પામ્યો. તેનોજ અવાજ પ્રતિધ્વનિમાં તેને સંભળાયો. તેણે બરાબર આંખો ઉઘાડી જોયું: રત્ન ખચિત પટ પ્રમાણે શોભનારા નીલ આકાશમાં, ચંદ્ર બરાબર મધ્ય ઉપર આવ્યો હતો વાયરો પણ પહેલા કરતાં કિંચિત થઇ વહેવા લાગ્યો હતો. પાસે આવેલા વહેળાનો ખળખળાટ પૂર્વવત સંભળાતો હતો યુવક મનમાં કહેવા લાગ્યો, " આ ? હમણાં મ્હેં જે જોયું, તે સર્વ જ એકંદર સ્વપ્નજ ? મ્હારા પરમ પુજ્ય પિતાની દેવવાણી તેમજ પ્રિય બંધુનો અને પત્નિનો કંઠસ્વર મેં જે થોડા વખત ઉપર સાંભળ્યો તે પણ સ્વપ્ન ? મ્હારિ પ્રિય ભાર્યા હજુ જીવતી છે ? નહિરે ? તે પણ કેવળ સ્વપ્નજ ! તેતો આજ ચાર વર્ષ થયાં આ પાપ લોકનો ત્યાગ કરી સ્વર્ગ લોકમાં ચિકળી ગઈ. પણ મ્હારા પ્રાણ કરતાં વહાલા વિનોદની શી સ્થિતિ હશે ? પણ મેં દુષ્ટે આજ સુધી તેની કાંઇજ સંભાળ લીધી નહિ. પણ બાપાએ મને આટલા આગ્રહથી સંસારમાં જવાનું કીધું તેનું શું કારણ હશે ? તેમની દેવવાણી મિથ્યા કેમ હશે ? "

યુવક એક સરખો વિચાર કરવા લાગ્યો તેની પ્રિયભાર્યા અનંગમોહિનીની પવિત્ર પુર્ણ, સ્નેહ પુર્ણ મુર્તી અને પ્રાણથી પણ પ્રિય એવા પોતાના કનિષ્ટ બંધુની અસહાય દીન મુદ્રા તેને વારંવાર નજર સ્હામે દેખાવા લાગી તેથીજ સ્થિતિમાં તે પાછો ભુમીપર પડીરહ્યો; ઘણો વખત આવી સ્થિતિમાં ગયા પછી મંદશીતળ વાયુનાં મોજાથી તેને ઉંઘ આવી ને કેટલાક વખત પછી તેના પગને કોઇએ સ્પર્શ કર્યો એમ તેને લાગ્યું, તે તત્કાળ ઉઠીને બેઠો થયો;

એટલામાં તેની નજરે પાદવંદન કરતી એક વ્યકિ દેખાઇ યુવકે વિસ્મયતાથી પુછયું તમે કોણ છો ! અહીં આઠેકાણે શાસારૂ આવ્યાં છો ? મારા પગવંદન કેમ કરો છો ? અજાણ્યુક વ્યક્તિ કાંઇજ ઉત્તર ન આપતાં હાથ જોડી નીચું જોઈ ઉભી રહી.

પ્રકરણ ૨૨ મુ.

નિલાંબર અને વિનોદ.

વાંચક વર્ગે પાછલા પ્રકરણમાં આવેલી વ્યક્તિ કોણ એ જાણ્યુંજ હશે. તે વ્યક્તિ તે આપણા દુર્લભચંદ્ર હતા. તેમના અંતઃકરણની ઇચ્છાઓહવે પુર્ણ રીતે પશ્ચાતાપથી શુદ્ધ થઈ હતી, તેણે પાછળ કીધા પ્રમાણે તે સંન્યાસી યુવકના ઉર્ફે નીલાંબરના પગ ઉપર મસ્તક મુકી અથથી ઇતિ પર્યંતની સર્વ હકીકત તેની પાસે કહી નમ્રતા પુર્વક ક્ષમા માગી. નીલાંબરે તે આપી.

આગળ દુર્લભરાયે તેની ઘણી વિનવણી કરી આગ્રહ પુર્વક અશોકપુરમાં પાછા આવવા કહ્યું નીલાંબરે તે માન્ય કીધું, પરંતુ પહેલ વહેલાં અશોકપુર નહિ જતાં કલકતે જઇ ત્યાંની સર્વ કાંઇ વ્યવસ્થા કરી પછી કૈલાસ ભવનમાં જવાનું ઠરાવ્યું.

ઉપરની હકીકત બન્યા પછી ત્રીજે દીવસે કલકતે ભાડે લીધેલા એક ન્હાના બંગલામાં નીલાંબર અને દુર્લભરાય બન્નેનું નીચે લખ્યા પ્રમાણે સંભાષણ ચાલ્યું હતું,

દુર્લભરાયઃ—પોલીસ કમીશનર સાહેબે તમને જોતાંની સાથે ઓળખ્યા ખરા ?

નીલાંબરઃ—મ્હારા સંન્યાશી વેશને જોઇ તે પહેલાં

પ્રથમ ચકિત થયા, પરંતુ તાબડતોબ તેમણે મને ઓળખ્યો ખરો. બાપા ગુજરી ગયા પછી ચાર પાંચ વખત મારી હેમની સાથે મુલાકાત થઇ હતી. તે પછી તે બીજા ડીસ્ટીકટમાં બદલાઇ ગયા હતા, ને હાલમાં તરતનાંજ ત્યાં આવ્યાં છે.

દુર્લભરાયઃ-વારૂં પણ તે દિવસના તેમના સંભાષણમા વિશેષ શું નિષ્પન્ન થયું ?

નીલાંબર—મ્હેં તેમને તમારી તરફથી મળેલી જેવી ને તેવી હકીકત બધી કહી. તમારે માટે પણ કીધું પણ પહેલાં તેમને તે ખરૂં લાગ્યું નહિ; પણ થોડો વખત વિચાર કરી પછી તે બોલ્યા કે, ' દુર્લભરાયને મ્હારી સમક્ષ ભેટ લેવા કહે શું કહે છે તે પહેલાં પુછી જોઇશ અને પછી તેમને કાયદા પ્રમાણે સરકારના પ્રધાનસાક્ષી કરીશ; માત્ર તે હકીકત તેમણે કોર્ટમાં સોગન ઉપર ખરી કહેવી પડશે. ગવર્નર સાહેબ પાસે હું તે બદલ રદ બાતલી કરાવીશ. ગાંડાની હાસ્પીટલમાંથી તમારા બાપુનો છુટકારો થવામાં હવે તમને હરકત પડશે નહિ. તમે હવે બેફિકર રહો. વિનયકૃષ્ણની મુકતતા સારૂ આજજ હું ગવર્નર સાહેબનો લેખીહુકુમ મેળવું છું. સાહેબનો એ બદલ હવે પુસ્કળ ઉપકાર માન્યો ત્યારે તે આગળ બોલ્યા, ' તમારા વડીલનો ને મારો પુસ્કળ સ્નેહ હતો. અનેક વખત તમો મ્હારા પુસ્કળ ઉપયોગમાં પડ્યા છે. વચમાં મ્હારી દૂર બદલી થવાથી તમારા વિશે કાંઇજ હકીકત મળી હોતી. હવે તમારૂં આ કામ કરવું એ હું મ્હારૂં કર્તવ્યજ સમજું છું. '

દુર્લભરાય—મને ત્યારે તેમને પ્રત્યક્ષ મળવુંજ જોઇશે કેમ ? વિનયબાપુ ત્યારે ઘણું કરીને આજેજ છુટશે કેમ ?

નિલાંબર—હા આજેજ. કમિશનર પોતે ગયા પછી ત્યાં વાર શાની ?

દુર્લભરાય—ત્યારે હું હમણાંજ જાઉ છું. તેમની ભેટ લેવા માટે તમે ઘાંજ બેસો વિનોદબાબુ જો તેટલામ છુટયા તો તેમને હું અહીં લઈ આવું છું આપણા વિચાર પૈકી ગોવર્ધનને એક અક્ષર પણ ખબર ન પડતાં બાઈ સાહેબને પણ અશોકપુરથી ત્યાં જલદી લાવી શું.

તેજ દિવશે ર્‌હાંજે વિનોદને છોડાવવા સારૂ લેખી પરવાનો લઈ દુર્લભચંદ ગદાનીહોર સ્પીટલમાં ગયો, તેની સાથે કમિશનર સાહેબે એક ઓફીસર પણ આપ્યો હતો તે ઠેકાણે જઈ હોસ્પીટલ ઉપરના અધિકારીને તે પરવાનો દેખાડતાંજ તેણે પોતાનો એક સાજે તેમની સાથે આવી અંદર મોકલ્યા. અંદર પેસતાંજ બાજુની ઓરડીયો માંના કેટલાક ગાંડા તેમની દ્રષ્ટીએ પડયા તે પૈકી એકજણ દુર્લભરાય અને પેલા ઓફીસરને જોઇ મ્હોઢેથી હશીને બોલ્યો Good morning. Sur. તેનો મોટો સાંટો અને હાસ્ય ધ્વનિ સાંભળી કેટલાક ગાંડા બહાર આવ્યા અને આ બન્નેના સાંમું જોઇ મ્હોઢેથી. Good Morning Sur. Mr Good Morning. એમ બોલવા લાગ્યા. બીજા એકે એમને જોઈ મ્હોટેથી તાળીઓ પાંડી હસવાલાગ્યો. એ અનુકરણ બધાએ કર્યું, અને ચારે બાજુથી એવી ટાળીના ગડબડાઇ તથા હસવું સંભળાતું હતુ. ત્યા એકજણે તે ગોરા સ્હામે જોયુ, અને પોતાના ડાબાહાથ ની આંગળા પાડળ ઊપર મૂકી અને અંગુઠાથી નાક ઉંચુંકરી મ્હોંડુ કાઢી તેના ચાળા પાડવા લાગ્યો. એક દુર્લભરાયની સ્હામે જોઈ પકડયો પકડ મારમાર, એમ બોલ્યો; તેની સાથેજ બાકીના બધાએ પકડ માર એમ બોલવા શરૂઆત કરી અને હાથ પગની બેડીનો એક સરખો અવાજ થવા લાગ્યો માત્ર તેમના ઉપ-

ર દેશ રેખ રાખનરા એક અમલદારે આવી જ્યારે તેમને ધમકાવ્યા ત્યારેજ બધા છાના રહ્યા. ફેવટે સાથે આવેલો સારજંટ તેમને એક બાજુની ઓરડી તરફ લઈ ગયો, તે કે કાણુ તે મજની એરડીમાં એક છોકરો ગાલ ઉપર હાથ મુકી ખિન્ન મુદ્રા થી બેઠો હતો. તેની આંખોમાંથી અશ્રુ વહેતાં હતાં એક હિંદુ અને તેની સાથેના બેગોરા આવેલા જોઇતે ઉભો થયો દુર્લભરાયે. તેને ઉદ્દેશી કીધું વિનોદ બાબુ મને ઓળખો છો કે ?

વિનોદ—હા ઓળખું છું હવે તમે મને કઇ તરફ લઈ જવા આવ્યા છો ? વધભુમી તરફ ? ચાલો આવું આવવા નો માટે એક પગે તૈયાર છું. તેટલુંજ બાકી રહ્યું છે હવે આના પહેલાંજ મને કેમ મારી નાખ્યો નહિ ? આ દુઃખ મને ઘણું અસહ્યથઇ પડયું છે.

દુર્લભરાયે આગળ આવી તેને છાતી સરસો રાખી બોલ્યો “ નહિ નહિ ! વિનોદ બાબુ. હવે તું મનમાં તેવું કશું લાવીશ નહિ. આજથી તું હાથી મુક્ત થયો સાંભળ્યું ભારે રે, આ કોમલ દેહને આજ સુધી કેટલાં કષ્ટ સહન કરવા લાગ્યાં હશે ? ચાલ ભાઈ હવે આપણું તારે ઘેર જઈશું ? ”

વિનોદ—કઇ તરફ લઇ જવાછો મને ?

દુર્લભ:—તમારે પોતાનેજ ઘેર, તમારા ભાઇ તથા ભાભી આવ્યા ને તેમની પાસે.

વિનોદ:—અદ્યાપ સુધી પણ તમે મને ખાડામાં નાખવા ઇચ્છો છો એ ? મારા બાપતો મને મુકી સ્વર્ગવાસી થએ આજ ઘણા દિવસ થઇ ગયા, અને તમે મને તેની સાથે મેળવવાના ! ઠાર મારીને કે શું ?

દુર્લભ:—નહિ નહિ વિનોદ બાબુ, હવે તમે મનમાં એવું કશું લાવશોન હિ, હું તદન ખરૂં કહું છું. તમારા ભાઈ જીવતા છે. તે આટલા દિવસ દુરદેશ ગયા હતા. હવે પાછા આવ્યા છે. ચાલો.

એક કવિએ કહ્યું છે કે—

॥ बाळ पायसदग्ध दाधअपि कृत्य भक्षयति ॥

"ગરમ દુધથી ઓઠ દાઝવાથી બાળક દહિં સુદ્ધાં ફુકીને ખાય છે" વિનોદે ઘણાં દુ:ખ વેઠયાં હતાં, અને દુર્લભચંદ્રના પાછલા કૃત્યની તેને ખબર હતી તે હજુ કાંઇ ભુલી ગયો નહોતો, તેને લીધે વિનોદનો તેના બોલવા ઉપર વિશ્વાસ બેસતો નહોતો,

પણ દુર્લભરાયે કાલી માતાના સોગન લીધા પછી વિનોદની થોડી ખાત્રી થઇ; તે તેમની સાથે બહાર પડયો. સાથે આવેલા બન્ને ગોરા અમલદારો પોતપોતાને ઠેકાણે નીકળી ગયા, અને દુર્લભરાય વીનોદને સાથે ગઇ નીલાંબર તરફ જલદીથી નીકળી આવ્યો. નીલાંબરની અને વિનોદનાં દ્રષ્ટા દ્રષ્ઠ થતાં વિનોદ દોડતાં જઇ તેની કમરે બાઝી પડયો. તેનું રડવું તેનાથી કેમે કર્યે બંધ થાય નહિ? નીલાંબરે તેને પોતાની છાતી સરસો દાબ્યો. તેની આંખમાંથી પણ પ્રેમ અશ્રુ પડવા લાગ્યાં પ્રેમ પુર્વક વિનોદનોદના મુખ ઉપર હાથ ફેરવી નીલાંબર બોલ્યો, ભાઇ વિનોદ, હું આવ્યો છું ના. હવે શા માટે તું રડે છે!"

વિનોદ બોલ્યો, "ભાઇ આટલા દિવસ મને મુકી તમે કયાં ગયા હતા? અમારા ઉપર રીસાવાને અમારો એવો કયો અપરાધ થયો હતો? મ્હારી ભાભીને અને સહુને કેટલું દુ:ખ સહન કરવું પડયું? ભાઇ ભાભી કયાં છે? કેમ છે? ચાલો હમણાં તેની તરફ."

નીલાંબર બોલ્યો, "તે ખુશી આનંદમાં છે હાં. હુ આજ અશોકપુર જઇ તેને દાજ લઇ આવુ છુ."

પ્રકરણ ૨૩ મુ.

પુનર્મીલન

મને વ્હાલાં લાગે ચપલ દગથી શાંત નયનો,
પતી હુને નાના, ઘણુ હ્રદયનો ગીત્ર ગણુલો.
મને બંન્ધુ વ્હાલો પીયુ તુજ પીના; પુત્ર ગણજે,
અને એ ભાવોથી મમ હ્રદયનો આ રસ પીજે.

(કલાપિ)

ભાદરવા મહીનામાં એક રાત હતી, બધુ આકાશ અભ્રાચ્છાદીત થયુ હતુ. ચોતરફ આંખમાં આંગળી ઘાલી હોય તો દેખાય નહિ એવુ અંધારૂ પડયું હતું, વચમાંજ વીજળીના ઝગઝગાટથી આંખો દીપતી હતી, પરંતુ તેનાથી પહેલાં કરતાં વધારે અંધકાર ભાસતો હતો. થંડો સુસવાટો કરતો વાયરો વાતો હતો, અને વચમાં ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. અશોક પુરમાં આ વખતે સર્વ ઠેકાણે સામસુમ થઇ ગયુ હતું બધા લોકો ગાઢ નીદ્રામાં હતાં. આ વખતે જોસના ઘરમાં અનંગ મોહીનીની ઓરડીમાં દીવાનો મંદ પ્રકાશ પડયો હતો, અનંગમોહીની પોતાના પાસે જમીન ઉપરજ સુતી હતી. તે સુતી હતી કહેવા કરતાં તે પડી હતી, એમ કહેવુ હાં વધારે શોભશે દુષ્ટ ગોવર્ધનના ઔષધથી તેની સ્થિતી ગાંડા જેવી થઇ હતી, વાચા તરફથી હુલ્લાસરાયે તે ઔષધ અનંગમોહીનીના પેટમાં વધારે નજવા દેવા પહેલેથીજ બંદોબસ્ત કીધો હતો, અને તેનો ઉતાર કરવાની દવા પણ તેને આપેલી હતી. જે પહેલાં પેટમાં ગયુ હતુ તેટલાથીજ તેની આવી સ્થિતી થઇ હતી, ? તે વચમાં વચમાં પોતાની સાથેજ કાંઇ બડબડતી હતી, તેની પાછળ તેની વામા ભીંતને ટેકી ઉઘનાં ઝોકાં ખાતી હતી. તે એકદમ જાગૃત થઇ તો દરવાજા ઉપર કોઇ

હાંક મારી થાપ મારતુ તેને કાને સભળાયુ. તે મધુર અને ગંભીર અવાજ આટલા બધા દીવશે વામાએ તરત ઓળખી કાઢયો. તેણે તાગડતોબ ઉઠી દીવો મ્હોટો કર્યો, અને બારણુ ઉઘાડયુ, બહાર નીલાંબરને જોતાજ તેણે તેને ઓળખ્યો, પરંતુ તેને જોઇ તે ઘણુ આશ્ચર્ય પામી, નીલાંબરે ગંભીર સ્વરથી વામાને પુછયું. "વામા, અનંગ કયાંછે?"

વમાએ કાંઇ પણ ઉતર આપ્યો નહિ, તેણે એકદમ દોડતાં અગંગ મોહીની પાસે જઈ કહ્યું, "ઉઠો ઉઠો, બાઈ સાહેબ જલદી? પરમ દિવશે દેવીએ આપેલા સ્વપન નો દ્રષ્ટાંત ખરો ઠર્યો? આ જુઓ ધણી સાહેબ આવ્યા છે?"

અનંગ મોહિની કાંઇ પણુ ઉત્તર નહિ દેતાં ફકત વામા તરફ આંખો ઉઘાડી જોવા લાગી. તે કાંઈજ બોલતી નથી એમ જોઇ વામા એ તેના બન્ને હાથ પકડી તેને ઉઠાડી પલંગ ઉપર બેસાડી બોલી, "તમે કેમ બોલતાં નથી! સ્હામે જુઓ તો ખરા કોણુ આવ્યું છે તે!"

આ ઉપર અનંગ મોહિની ત્રાસથી બોલી "કોણુ છે તું! મને હાંકો મારી નકામો ત્રાસ કેમ આપે છે? કોણ, વામા? બળ્યું તારૂ મ્હો; મન્ને પણ બહાર જઇ? નીલાંબર એટલામાં આગળ આવ્યો. વામા ઓરડી બહાર નીકળી ગઇ, નીલાંબરે અનગ મોહિનાને ધીરેથી કહ્યું. અનંગ

અનંગ મોહિની બેલી "અનંગ? કોને? મને કહો છો? મને અનંગ કહેનાર તમે કોણુ? હુ કોણ છુ તમને ખબર નથી? હું કોની વહુ છું? મારા સસરાજી સ્વર્ગના રાજા છે? મારા પતિ સ્વર્ગમાં મહેન્દ્રના સિંહાસન ઉપર વિરાજમાન થયાછે? અને તમે મને અનંગ કહી હાંક મારો છો? હાય! કેટલી આ શરમની વાત? કેવળ એકાદ સાધારણુ માણુસ મને અનંગ કહી બોલાવે? તેમ

બીજ ફક્ત તેવું કીધું હોય તો તેમને ગમતું; મને આ નામથી હાંક મારવાની તમારી હિંમત પણ કેમ થઇ ?"

નીલાંબર—અનંગ પ્રિયા, તું મને હજી ઓળખતી નથી કે ?

અનંગ (કિંચીત ત્રાસ કરી):— કોણ તમે ? મ્હારે તમને ઓળખવાની જરૂર શી ? મ્હારી તરફ તમને મોકલ્યા કોણે ? અને આ તેમના જેવું મીઠુ અનંગ કહી બોલતાં કોની પાસેથી શીખ્યા? હું ગાંડીતો થઇ છુંજ, પણ હજુ વધારે ગાંડી કરવા તમને હ્યાં કોણે મોકલ્યા ?

નીલાંબર:— અરેરે, અનંગ મારી હજુપણ તને ઓળખાણ પડતી નથી ? હું, નીલાંબર છું ? હુંજ તારો પતિ નીલાંબર ?

અનંગ મોહિની:—કોણ મારા પતિતો સ્વર્ગમાં છે ? તે તો હ્યાંથી કેટલે ગાઉ દુર છે ? સ્વર્ગમાં ગયેલું માણસ કયાં કોઇ દિવસ પૃથ્વી ઉપર પાછુ આવ્યું છે. જોઉ?

અનંગ મોહિની ઉઠી નિલાંબરનું મ્હોં નીરખી બોલી, " મ્હારા પતી ! નહિ ખોટું ! તમે જો મ્હારા પતી હોત તો આટલી વાર આમ દુર રહયા ન હોત. અને જો તેમ હોત તો તમે તે તમારા કોમલ હસ્તથી કયારના એ મને આ લીંગન આપ્યુ હોત ? નહિ તદ્દન ખોટી વાત ?"

નીલાંબર ધીમે ધીમે આગળ આવ્યો અને શાંત્ત ચીત્તથી પરમેશ્વરનું સ્મરણ કરી અનંગ મોહિનીના મસ્તકને તેણે સ્પર્શ કર્યો, વિજળીનો સ્પર્શ થતાંજ જેમ સર્વ અંગમાં એક પ્રકારની ચેતના ઉત્પન્ન થાય છે, અને ધકકો બેસે છે, તેમજ અનંગમોહીનીને થયુ. તેણે ફરી એકવાર તેની સ્હામુ નીરખી જોયુ, " શુ ? હું આ સ્વપ્નમાં તો જોતી નથી. ?"

નીલાંબરે પોતાના બન્ને હાથ તેની કોકમાં નાંખ્યા અને તેને પાસે લઇ પ્રેમ પુર્વક આલીંગન આપી તેનુ

મુખ ચુંબન કર્યું, અનંગમોહીની રોમાંચીત થઇ પોતાના પતીના પવિત્ર હસ્ત સ્પર્શથી તેની બુદ્ધિ ફરી ઠેકાણે આવી. તેને હવે સમજાયુ કે પોતાનો પતી ખરેખર પાછો આવ્યો છે, અને આ વખતે તેમનાજ બાહુમાં પોતે પ્રેમ પુરઃસરબદ્ધ છીએ. ! તેના શરીરમાં નવીન ચૈતન્યતાનો પ્રાદુર્ભાવ થયો. ?

અનંગમોહીનીએ પુનઃ એકવાર નીલાંબર તરફ પ્રેમ પુર્ણ દ્રષ્ટિથી જોયુ, અને પછી તેણે તેમના બાહુમાંથી પોતાનુ શરીર જાણી બુઝીને કાઢી લઇ દુર ઉભી રહી. કીંચીત રોશથી બોલી “ તમે કેટલા બધા નીષ્ઠુર ? મ્હેં એવો આપનો કયો અપરાધ કર્યો હતો ? આ હૃદયમાં મેં આજ સુધી, રક્તથી તમારી પુજા કરી ! તેનોજ કે આ મો બદલો ? તમે જીવતા હોઇ આજગતમાં અમારાં ચાર વર્શમાં યાદ સરખી કરી નહિ એ ? હુવે મને સ્પર્શ સરખો કરશો નહિ. અને મને અનંગ કહી બોલાવશો પણ નહિ, ? હું આજ સુધી આપની પુજા એકાદા દેવ સરખી કરતી હતી, પણ મને ખબર નહોતી કે આપણ આટલા નીર્દય હશો ! મારી એક વાટી રહેવા દો. હુ તો એક અભાગીજ છુ. પરંતુ તમારા ભાઇની કાંઇ,—માબાપ વિરહિત ન્હાના છોકરા જેવા ભાઇની તો,—યાદ કાંઇ રાખની હતી, ? તેનો એવો કયો અપરાધ થયો હતો કે આજ તેને પેલા વાઘના જડબામાં છોડીને ચાલ્યા ગયા, આટલા ચારે વર્ષે હાં ભગવાં વસ્ત્ર પરીધાન કરીશુ કામ હાં આવ્યાં? ધિક તમારા સંસાર વઇરાગ્યને અને સંન્યાસ ધર્મને ”

નીલાંબર—વારૂ તેનુ શુ હવે. થયુ તે થયુ. તે બધી હકીકત તુ જયારે સાંભળીશ ત્યારે તને ખબર પડશે કે તે બધા અપરાધ મ્હારા નહોતા.

આટલુ બોલી નીલાંબર પોતાના બાહુ પસારી અનંગમોહિનીને આલિંગન આપવા સારૂ આગળ આવ્યો એ-

ટલામાં તે દૂર થઈ બોલી, " દૂર રહો, હવે મને સ્પર્શ કરવાનો તમને અધિકાર રહ્યો નથી, ! આપ સંન્યાસી. સંસાર ત્યાગી ભગવાં વસ્ત્ર પરીધાન કરવા વાળા અને હું રાજ રાજેશ્વરી, રાજકુંવર વધુ ? ખરૂંને ? ત્યારે હવે હું પણ તમારા જેવી તપસ્વીની થઉં કે ? નહિ તોય આટલા દિવસ તેરાજ કાઢ્યા તો. ? આપ જીવતા હોઇ મને આ ગયાં ચાર વર્ષ એકાકી વિધવા જેવા કાઢવાં લાગ્યાં, તેનું કાંઈ તો મનને જરા લાગવા દેવું હતું. ? "

હશે. આ પ્રમાણે ઘણો વખત ઘણું હદાડે ઘણેલી ભેટ વખતે સંભાષણ થયું, અને પછી નીલાંબરે અનંગમોહિનીને સવીસ્તર બધી હકીકત કહી કહ્યું; " હવે હું જાઉં છું; તે નિચ ગોવર્ધનની સર્વ વ્યવસ્થા કરી એકબે દિવસમાં જ હું તને કૈલાસ ભુવનમાં લઈ જઈશ, ત્યાં સુધી ત્હારે ધીરજ ધરવી જોઈએ, " પછી તેની પરવાનગી લઈ નીલાંબર પોતાને ઠેકાણે નીકળી ગયો.

પ્રકરણ ૨૪ મું.

વિનય કૃષ્ણની મુક્તતા.

સ્વચ્છન્દી છો સુખ સમજતાં શુષ્ક સ્વતંત્ર્ય માંહિ,

એશું જાણે પ્રણુયી હિલની વાત આધીનતાની !

(કલાપ)

દુર્લભચંદ્રનો સ્વભાવ પાપભીરૂ હતો એવું પાછળ કહ્યું છે. દુષ્ટ ગોવર્ધનની સંગતીથી અને ધનલોભથી તેની પાપતરફ થોડી ઘણી પ્રવૃત્તી થઈ હતી ખરી, પરંતુ પોતાને ઉપકાર કરનાર નીર્મળા વીશે તેના હાથથી થએલું પાતક તેને દેખાઈ આવતાંજ તેને ઘણું દુઃખ થયું, અને તેનું મન ખહલાયું એ વાત વાંચક વર્ગને ખબરજ છે. દુર્લભરાય

અને નીલાંબર કલકત્તે આવ્યા પછી બે દિવસમાંજ વિનોદ-ની મુક્તતા પુરી થઈ, વિનય કૃષ્ણની મુકતતા સારૂ તથા ગોવર્ધનની આગલી વ્યવસ્થા કરવાની ખટપટ ચાલુ હતી, અસત્કૃતી કરનારા માણસને મનમાં કેટલી લાગણી લાગેલી હોય છે, તે સત્કૃત્ય કરતી વખતે મનને શાંતી અને આનંદ નો લાભ કેમ થાય છે; એ વાત દુર્લભરાયના મનમાં બ-રાબર આ વખતે આવી હતી, હવે બધી વાતોનો સંજોગ મેળવી લાવવા સારૂ આપણે જ્યારે અવિશ્રાંત ખટપટ ક-રીશુ, ત્યારે આપણે પુર્વના પાપમાંથી થોડા ઘણા છુટીશુ એમ તે સમજતો હતો.

પાછલા પ્રકરણમાં કિધા પ્રમાણે નીલાંબર અશોકપુ-રમાં જઈ પાછો આવતાં સુધી દુર્લભરાયે ફરી એકવાર તે દયાળુ કમીશનરની ભેટ લીધી; વિનયકૃષ્ણની મુક્તતાનો પ રવાનો મળ્યો હતો, અને આજેજ તેનો છુટકો થવાનો હ તો. નીલાંબર બાબુ પાછા આવ્યા પછી દુર્લભરાયે બધી હકીકત તેને કહી સંભળાવી. દુરાત્મા ગોવર્ધન ઘોષાલ દી નાજપુરમાં કાંઇ કામ માટે ગયો હતો; તેનુ હવે આવી બન્યુ હતુ, તેથી જગીન સંબંધી એક પ્રકરણ ઉપસ્થિત થઈ તેમાં તેનુ ઘણુ નુકસાન થશે એમ દેખાવા લાગ્યુ; એ કેસનો ચુકાદો પોતાના લાભમાં થવા સારૂ દીનાજપુરના ન્યા યાધીકારી વગેરે લોકો પાસે કાંઇ દ્રવ્ય પ્રયોગ કરવાની ખ ટપટમાં તે રોકાયો હતો. ગોવર્ધન જેને ત્યાં ઉતર્યો હતો તે દુર્લભરાયનો પરમ મીત્ર હતો; તેની તરફથી દુર્લભરાય ને બધી હકીકતની ખબર પડતી. દુર્લભરાયે પોતાના મી ત્રને ગોવર્ધનની હાલ ચાલ ઉપર સખ્ત નજર રાખવા લ ખ્યુ હતું, અને પોલીસ કમીશનર તરફથી છુપી પોલીસને તે બાબત હુકુમ ફરમાવ્યો હતો, હવે ગોવર્ધનના સબંધ માં એમ નક્કી થયુ હતુ કે નીલાંબર વગેરે મંડળીએ પ હેલાં અશોકપુર જવુ, અને ત્યાંથી ગોવર્ધનને તાબડતોબ

પકડવાનો હુકમ મોકલવાની વ્યવસ્થા કરવી; ત્યાં સુધી ગોવર્ધનને કોઇપણ રીતની ખબર ન પડે એવી વ્યવસ્થા દુર્લભરાયે પહેલેથીજ કરી હતી; કૈલાસ ભવનમાં તથા અશોકપુરમાં ગોવર્ધને પોતાના ઘણા હાથ કરીરાખ્યા હતા, પણ તે બધા દ્રવ્યથી વશ કર્યા હતા, ગુણથી નહી સર્વ સંપત્તિનો માલિક નીલાંબર પાછો આવતાં અને ગોવર્ધનનો કાળ પાસે આવેલો જોઇ, ગોવર્ધનને સાહ્ય કરવા વાળો હવે કોઇ તેમાં નહોતો. ગોવર્ધનને અચાનક પકડી લાવ્યા પછી કૈલાસ ભુવનમાં સ્પેશીઅલ દરબારભરી પોલીસ કમીશનર હ્યાંબર્ટ સાહેબની સ્હામે તેની તપાસ થવાનું નક્કી કર્યું. નીલાંબરને તે પસંદ નહોતુ. પોલીસે ગોવર્ધનને પકડ્યા પછી સાક્ષી પુરાવા વગેરે લઇ કોર્ટમાં જે કાંઇ થવાનું હોય તે થાય એવોતેનો વિચાર હતો. પણ અશોકપુરમાં યોગીવર કહેવરાવી લેનારા ગોવર્ધન ઘોષાલનું સત્ય સ્વરૂપ લોકની સાફ દ્રષ્ટિએ આવે તેટલા સારૂ દુર્લભરાયે ઉપરની વ્યવસ્થા કરાવી હતી. અને દુર્લભરાયની મદદથીસર્વ વાતો થની હતી, તેથી નીલાંબરે પણ છેવટે તે વ્યવસ્થા માન્યરાખી.

આંજ વિનય કૃષ્ણ છુટીને આવવાનો હતો, તેને લાવવાસારૂ દુર્લભરાય બંદર ઉપરજવા નીકળ્યો; પણ એટલામાં તેને પાછળ હકીકત સાંભરી આવી, અને વિનયકૃષ્ણનો હવે આપણા ઉપર વિશ્વાસ બેસશે નહિ એમ સ્હમજી તેણે નરેંદ્રદત્ત નામના વિશ્વાસુ માણસ ને નીલાંબરની વતી તેણે બંદર ઉપર મોકલ્યો, ને તેની સાથે વિનયકૃષ્ણ સારૂ નવાં કપડાં વગેરે પણ આપ્યાં હતાં.

નીલાંબરબાબુ અને બીજી મંડળી વિનયકૃષ્ણ અને નરેંદ્રની આવવાની એક સરખી માર્ગ પ્રતિક્ષા કરતી હતી. કેટલાક વખતપછી નરેંદ્રદત એકલોજ પાછો આવ્યો, અને કહેવાલાગ્યો, કે વિનય કૃષ્ણ આજની આગબોટમાં આવ્યાજ; તેમને સારૂ તમોએ આપેલાં કપડાં મે તેમ

તે આવ્યાં, પરંતુ આતરફ આવવાને તે બીલકુલ કબુલ થયા નહિ, મેં તેમને ઘણી પ્રકારે સમજાવી કહ્યું ઘણી વિનંતિ કરી પરંતુ તેમણે તે પૈકી કાંઈએ સાંભળ્યું નહિ, તેમનું એમજ કહેવું હતું કે, 'પ્રથમહું અશોકપુરમાં ઘેર જાઉં છું' અને તે એજ્વાજ ત્યાંગયા ?!

નીલાંબર—અરેરે, ખરેખરજ તે ગયાકે ? હમણાં એકાદ માણસને મોકલ્યો હોય તો તેમની વચમાં કાંઇ ભેટ થશે કે ?

નરેંદ્ર—નહિ, મનેતો લાગતું નથી; તે પહેલાં ત્યાં જવા સારૂ ઘણા ઉતાવળા થઇ રહ્યા હતા.

નીલાંબર—ત્યારે હવે કેમ કરીશું?

દુર્લભરામ—મને એમ લાગે છે કે, આપણે હવે અશોકપુરમાં નહિ જતાં નિર્મળા બાઇને અનંગ મોહિની બાઈ પાસે કૈલાસભુવનમાંજ લાવવા. હું દિનાજપુરમાં જઇ ત્યાંની પોલીસ માર્ફતે સર્વ વ્યવસ્થા કરી એક બે દિવસ ની અંદર ત્યાં આવીશ કોઇ પણ વિશ્વાસુ માણસ સાથે સંદેશો મોકલાવીએ એટલે વિનયકૃષ્ણબાબુપણ બારોબાર ત્યાં આવશે. હશે. ઉપર ઠર્યા પ્રમાણે દુર્લભરામ દિનાજ પુરમાં અને નિલાંબર મંડળી સાથે લઇ કૈલાસ ભવનમાં તેજ દિવસેજવા નિકળી ગયા.

અહીં રહુંજના વખતે વિનય કૃષ્ણ અશોકપુરમાં પોતાના જુના ઘર પાસે આવી પહોંચ્યો, ત્યાં આવતાંની સાથેજ તેણે પોતાનું ઘર ખાલીખમ અને શબ્દ સૂન્ય એવું દેખ્યું સાયંકાળનો વખત વખતો હતો તેથી તે મ્હોટા ઘરમાં અંધકાર પસરી ગયો હતો, અને તેને લીધે તેજન સૂન્ય ઘર ભયાનક ભાસવા લાગ્યું. વિનયકૃષ્ણે ચારે તરફ ફરી તપાસ કર્યો, પરંતુ કાંઈ પત્તો લાગ્યો નહિ. તેણે 'નિર્મળાનિર્મળા' એમ હાંકો મારી જોઇ, પણપોતાના પ્રતિધ્વનિ શીવાય તેને બીજો એકે ઉત્તર મળ્યો નહિ. તેણે અંદરની

ઓરડીના કમાડને થાપ મારી તેથીતે એકદમ ઉઘડી ગયું. વિનયકૃષ્ણ મનમાં વિચાર કરવા લાગ્યો આ?આ શું? ઘરમાં કોઇજ કેમ કાંઇ દેખાતું નથી. તેણે ફરિ આગળ આવી મ્હોટેથી. ' નિર્મળા ' એમ હાંક મારી, પરંતુ ફક્ત તેનો પ્રતિધ્વનિ તેને ચારૂ દિશાએથી સંભળાયો. હવે વિનયકૃષ્ણ નું અંતઃકરણ ઉંચુ નીચું થવા લાગ્યું. તે સંશયીત મનથી તથા કંપિત હૃદયથી ગમે તેમ કરી રહામેના જીનાના પગથી આં ઝટઝટ ચઢી પોતાના સુવાના ઓરડામાં ગયો. તે ઓરડામાં પણ પૂર્ણ અંધકાર ફેલાઇ ગયો હતો ? તેણે બધી બારીઓ વગેરે ઉઘાડી નાંખી. અને એક ઠેકાણે એક દીવાસળીની પેટીહતી તે હાથમાં આવી. સળી સળગાવી તેણે એકવાર સર્વત્ર નજર ફેરી. તેની આગળ ફક્ત એક ખાટલો ચોપાટ તથા એક ગાદી બળેલી મીણબત્તી પડી હતી. ત્યાંથી ભારે અંતઃકરણે ફરી વિનયકૃષ્ણ બાહાર છજામાં ગયો. અને મનમાં બોલવા લાગ્યો ? ' આ શું, મ્હારી નિર્મળા સુખતી ક્યાં ગઇ ? અને આ ઘર આમ શુન્ય કેમ ? ફરી એકવાર નિરાશાપૂર્ણ સ્વરથી હાંક મારી " નિર્મળા, ક્યાં છે ? "

વિનયકૃષ્ણના ઘરની લાગીને બાજુએ એક નાનકડા ગૃહસ્થ રહેતા હતા. તેની સ્ત્રી આ વખતે બે વર્ષના એક બાળકને કેડે તેડી બાહાર ઓસરીમાં ઝુલતી બીક દેખાડતી છાનુ રાખતી હતી. તે બોલી " સાંભળ, સાંભળ તો પણે દત્તના છજામાં ભુત બોલે છે? "

તે છોકરૂં રડતું હતું તે બંધ થયું. અને બીકથી પોતાનું મ્હોં માની છાતીમાં ઘાલી દીધું. લલુભાઇ અંદર હતા. તેઓ હમણાંજ જમી ઉઠ્યા હતા, અને તંબાકુ ખાવાના વિચારમાં હતા; એટલામાં તેની સ્ત્રી અંદર આવી, અને બોલી, " સાંભળો છો કે ? દત્તના ઘરમાં કોઇ નિર્મળાના નામથી હાંક મારે છે. અવાજ ઉપરથી લાગે છે કે તે વિ-

નયકૃષ્ણ બાબુછે. જરા, બ્હાર આવી જુઓતો ખરા—"

અરે એવું કોણ આવ્યું છે ત્યાં ? ઘરમાં આવતું આપણા, તને ભ્રમથયો છે. વિનયકૃષ્ણ તો આજ સાત વર્ષની કેદમાં ગયા છે. તે હમણાં હાં ક્યાંથી આવે ?

સ્ત્રીઃ—નહિરે મ્હેં હમણાં ત્રણ વખત તેમનો સ્વર સાંભળ્યો. વિનયકૃષ્ણજ તે છે.

એટલામાં વિનયકૃષ્ણે ફરી એકવાર કરૂણ સ્વરથી હાંકમારી—" નર્મળા, અરે નર્મળા, અરેરે મને મુકી તમે બધાં ક્યાં ગયાં? "

સ્ત્રીઃ— આહ્યો સાંભળો હવે તો કાંઇ સંશય નથીને?

ભટ્ટાચાર્યઃ—કાંઇનહિ, આજ તું ગાંડી થઇ છે? આજ શનિવાર, તેમાં અમાસની રાત? એવી વખતે ભુત પીશાચાનો સંચાર બધી તરફ હોવાનો? તું તારી મેળે ઘરમાં આવ અને પેલો દરવાજો એકદમ બંધ કરી લે?

સ્ત્રીઃ—અહાહા? પુરૂષ માણસ થઇને આટલી બીક? આને આટલો જરા સંભાળો; હુંજ જઈને જોઇ આવુંછું.

સ્ત્રીના આવા તિરસ્કારના શબ્દો સાંભળી ભટ્ટાચાર્યને મનમાંને મનમાં ઘણી શરમ લાગી. તે બોલ્યા, " હાં ? વાઃ? મેંપણ ત્હારૂં મન જોવા વાસ્તે મશ્કરી કરી. એટલું પણ તને સ્હમજાયું નહિકે? વારૂ ચાલ, હુંજ જાઉંછું. લાકડીક્યાં છે મ્હારી ? "

ભટ્ટાચાર્ય હાથમાં લાકડી લઇ ધ્રુજતા ધ્રુજતા એકરામત છજા પાસે આવ્યા, અને ત્યાંથી હિંમત કરી કિંચિત ધ્રુજતા સ્વરે બોલ્યા—" કોણ છે ત્યાં ? વિનય બાબુ કે ?—"

વિનયકૃષ્ણે ત્યાંથી કીધું, " ઓ ભટ્ટાચાર્ય મહાશય ! અરે નિર્મળા વગેરે અમારાં માણસ ક્યાં છે? "

ભટ્ટાચાર્યઃ—તમારા ઘરમાં હાલ કોઇ નથી. આમ અમારે ત્યાં આવો.

વિનય:—ત્યારે એ બધાં માણુસો ક્યાં ગયાં ?

ભટ્ટાચાર્યઃ—તમે પહેલાં આમતો આવો, હું તમને બધું કાંઇ કહું છું આવો હું આમલો દરવાજો ઉઘાડું છું.

વિનયકૃષ્ણ મેડા ઉપરથી નીચે ઉતર્યો, અને બાહાર આવી ભટ્ટાચાર્યના ઘરમાં ગયો અને બોલ્યો, “ હાં; કહો કહો જલદી તે ક્યાં છે એ જણાં ?”

ભટ્ટાચાર્યઃ—ગોવર્ધન મહાશયે તમારી માલમતા ઉપર ડીક્રી મેળવી હતી, અને તે સુધી વસુલ કરી લીધી છે, તમારી છોકરી ક્ષેમંકરી સાથે કાશીમાં નીકળી ગઇ છે.

વિનયઃ અને મ્હારી સ્ત્રી ?

ભટ્ટાચાર્યઃ—શું કહું હવે બાબા સાહેબ ! તમારી શિક્ષાની વાત કાને પડતાંજ તેઓ એકદમ મૂર્છીત થઇ પડયાં તે આઘાતથી તેમનો—“ કાળથયો ?”

ભટ્ટાચાર્યઃ—ભગવંતની ઈચ્છા ? સમજ્યાકે નહિ ? હવે તમે તે વાત મનમાં લાવશો નહિ. જે વાત બનીતે બની. આજ હવે તમે આપણે ઘેરજ રહો. રસ્તાના શ્રમને લીધે થાકીગયા હશો. જરા જમી અને પછી વિશ્રાંતિલ્યો.

વિનયકૃષ્ણ—કાંઇજ બોલ્યો નહિ. તેણે એક વખત દુઃખ પુર્ણ દ્રષ્ટિથી આકાશ તરફ નજર નાંખી, અને પછી તે નીચું માથું ઘાલી બેઠો. ભાચટ્ટાર્યે તેને ઘણી વાતો સ્હમજાવી પછી તેણે અંદર જઇ સ્ત્રીને રસોઇ રાંધવાની સુચના આપી કેટલાક વખત પછી રસોઈ તૈયાર થઇ. ભટ્ટાચાર્યે વિનયકૃષ્ણને ઘણો આગ્રહ કરી થોડું જમાડયા પછી બધાં સુઇ ગયાં. બિચારા વિનયકૃષ્ણને ઉંઘ ક્યાંથી આવે ? થતાં થતાં મળસકાનો વખત થયો. વિનયકૃષ્ણ સવારે વહેલો ઉઠી ભટ્ટાચાર્ય ને નમસ્કાર કરી બોલ્યો,—“ બાબુ સાહેબ હવે રજા આપશો, હમણાં હું કાશીમાં નિર્મળા તરફ જાઉં છું. ”

ભટ્ટાચાર્યઃ—અરે આટલી સ્હવારમાં ? સ્નાન ફરાળ વગેરે કરીને જાઓ.

વિનયકૃષ્ણ: ફરાળની હમણાંકાંઇ જરૂર નથી.

એટલામાં ત્યાં કોઇ અપરિચિત માણસ આવી ચ-ઢ્યો તેણે પુછ્યું; ધ્યાં કોઇ વિનય કૃષ્ણ નામના ગૃહસ્થ આવ્યા છે કે ?

વિનયકૃષ્ણ:—કોણ છો તમે ? મારૂં જ નામ વિનયકૃષ્ણ

અપરિચિત:—તમે જ કે ? ચાલો ત્યારે મ્હારી સાથે ઘાટ ઉપર નોકા તૈયાર છે.

વિનય—કઇ તરફ જવાનું છે !

માણસ:—કૈલાસ ભવનમાં આપની છોકરી નિર્મળા અને બાકી ક્ષેમંકરીએ બધા ત્યાં છે, અને બીજા પણ કેટલાક માણસો તમારી ત્યાં વાટ જુએ છે. ત્યાં ગયા પછી તમને બધું કાંઇ સમજાશે.

વિનયકૃષ્ણ ભટ્ટાચાર્યનો આશીરવાદ લઇ તાબડતોબ ત્યાંથી નીકળ્યો. થોડામાંજ વિનયકૃષ્ણની નિર્મળા અને બીજી મંડળીની ભેટ કૈલાસ ભુવનમાં થઇ. ત્યાં આગળ વિનયકૃ-ષ્ણ સુસતીના ચિર વિયોગનું દુઃખ ક્ષણ માત્ર વિસરી ગયો.

પ્રકરણ ૨૫ મું.

ચોકશી.

(અનુષ્ટુપ)

यथा धेनु सहस्त्रेपु वत्सो विदति मातरम्
तथा पूर्वकृत पापं कर्तारमनुगच्छति ॥

सुभाषित.

બપોરના અગીઆર વાગ્યાનો શુમાર થયો હતો. અશોકપુરમાં આજ આ વખતે જરા વિશેષ ગરબડ દેખાઇ આવતી હતી. સર્વ અબાલ વૃદ્ધનાં ટોળેટોળાં બોસના ઘર તરફ ચાલ્યાં હતાં. આપણા જુના મિત્ર યોગી-

વર ગોવર્ધન ઘોષાલ, જેમને એક અઠવાડિયા પહેલાં પીળી પગડીવાળાએ દિનાજપુરમાં એકા એકી પકડયા હતા, તેમની આજે તપાસ થવાની હતી. બોસના ઘરના સ્હામેના ચોગાનમાં એક લાકડાનું મ્હોટું સ્ટેજ તૈયાર કર્યું હતું. તેના ઉપર હારબંધ ન્હાની મ્હોટી અનેક ખુરશીઓ મુકી હતી. મધ્ય ભાગમાં ત્રણ ખુરશીઓ મુકેલી હોઈ તેની સ્હામે એક મ્હોટું મેજ મુકયું હતું. તેના ઉપર ઉંચી જાતનું ટેબલ કલોથ પાથર્યું હતું, તથા ખડીઓ, કલમ, કાગળ વગેરે લખવાનાં સાધન પણ તૈયાર મુકયાં હતાં. ડાબીબાજુએ પાસે એક ટેબલ મુકયું હતું તથા બે ખુરશીઓ પણ રાખી હતી. તે પૈકી એક ઉપર એક વર્તમાનપત્રના ખબર પત્રી અને બીજા ઉપર સરકારના જબાની લખી લેનારા કારકુનને બેસવાની જગ્યા કરી હતી. ત્યાં પણ લખવાની સર્વ કાંઈ તૈયારી હતી. તેની પાછળ થોડા અંતર ઉપર કેદીને ઉભા રહેવા સારૂ પાંજરૂં મુકયું હતું. આ બધી તપાસ વગેરે ખરી રીતે દિનાજપુરની કોર્ટમાં થવાની, પરંતુ દુર્લભરાયના અવિશ્રાંત શ્રમથી અને નિલાંબરના: વજનથી. આ બધી વ્યવસ્થા થઇ આવી હતી. થોડાજ વખતમાં સ્ટેજ ઉપરની તમામ ખુરશીઓ ભરાઇ ગઈ ચોગાનમાં તો પહેલેથીજ ગર્દી થઇ હતી. થોડો વખત ગયો; એટલામાં પોલીસે ધાંધલ ઉરાડી દીધી અને કમીશનર સાહેબના આગમનની વર્દી આપી. પોલીસ કોમસનર મિસ્ટર Lambert લ્યાંબર્ટ સંન્યાસી વેશ ધારી નીલાંબરના હાથમાં હાથ ઘાલી વિનક કૃષ્ણ સાથે ત્યાં હાજર થયા. તેમની પાછળ દુર્લભરાય પણ ત્યાં આવ્યો. કમિશનર સાહેબે કેદીને ત્યાં લાવવાનો હુકમ કર્યો. અને વિનય કૃષ્ણ બાબુને સરકાર તરફથી તપાસ ચલાવવા ફર્માવ્યું, પોલીસે તત્કાલ સંખલા બદ્ધ ગોવર્ધન મહાશયને આણી પાંજરામાં ઉભા કર્યા. લ્યાંબર્ટ સાહેબને બંગાલી

ભાષાં બરાબર આવડતી નહોતી. તે તપાસ પહેલાં અર્પી હીંદી તથા બંગાલી ભાષામાં કહ્યું. હું ગવ્હર્મેંટના હુકુમ પ્રમાણે આરોપી ગોવર્ધન ગોપાલની તપાસ ચલાવું છું. તેનો અપરાધ તેવોજ જો પ્રમાણ સિદ્ધ ભયંકર ઠરશે તો આ કેસ સેશન કમીટ કરવામાં આવશે.

આટલામાં ગોવર્ધન ગોરચો, સાહેબ તમે જો તપાસ ચલાવો તો તો પછી આ વિનય કૃષ્ણનું વચમાં શું કામ છે?

સાહેબ:—Hold your tongue, you brute!

હમકુ તુમ ભાસા અચ્છી તરહસે નહિં આતી, વાસ્તે વોઈ સબ બંગાલીમેં પૂછેંગા ઔર લીખેંગા Go on Binay Krishna Badu. (કાગળ આગળ લઈ) The first witness is this old chap—Durladh Chandra Ray દુર્લભરાય વિનય કૃષ્ણના સ્હામે આવી ઉભો રહ્યો. સાધારણ પ્રશ્નો પુછયા પછી વિનય બાબુએ તેને પુછયું સ્વર્ગ વાસી બાબુ ઘનશ્યામ બોસે મરણના પહેલાં જે મૃત્યુ પત્ર કર્યું હતું તે કયાં છે?"

દુર્લભ ચંદ્રે પોતાના ગજવામાંથી પત્ર કાઢી વિનય કૃષ્ણ બાબુના હાથમાં આપી કહ્યું, આ જુઓ એજ તે મૃત્યુ પત્ર."

વિનય:—આ તમારી પાસે કયાંથી આવ્યું!

દુર્લભરાય:—ગોવર્ધને તે ચોરી કરી આણ્યું હતું. તેમની પાસેથી મેં લીધું,

વિનય:—ગોવર્ધને તે કયાંથી અને કેવી રીતે ચોરી કરી આણ્યું? અને તે તમે તેની પાસેથી શા માટે અને કેવા પ્રકારે મેળવ્યું?

દુર્લભ:—સ્વર્ગવાસી બાબુ ઘનશ્યામ બોસ એમણે મરણ પહેલાં કલકત્તાના એટર્ની હેરિસન સાહેબને બોલાવી. તેમની સલાહથી તે મૃત્યુ પત્ર કર્યું હતું, તેમાં ગોવ-

ર્ધન સાક્ષી તરીકે એક હતો. જુઓ, તે ઉપર ગોવર્ધનના હાથની સહી છે; અને તે જો ના કબુલ થતો હોય તો તેના કેટલાક હસ્ત લીખીત કાગળો મારી પાસે છે, તે જુઓ એટલે હું કહુ છું તે વિશે આપની સહેજ ખાત્રી થશે. મૃત્યુ પત્ર લખી રહેતાંજ ઘનશ્યામ બાબુએ તે એટર્ની હેરીસન સાહેબના સ્વાધિન કીધું. તે પછી ત્રીજે દિવશે બાબુ મહાસય મરણ પામ્યા, તે વખતે ગોવર્ધન તેમની પાસે હતો. હું તે વખતે દિનાજપુર માંવકિલાત કરતો હતો; મને જુદી જુદી તરેહ હસ્તાક્ષર સરસ કાઢતાં આવડે છે એ વાત ગોવર્ધનને ખબર હતી. તે એક દહાડો મ્હારા તરફ આવી કહેવા લાગ્યો કે, આપણે ગમે તેવી રીતે કરી ઘનશ્યામ બોસનાં અસલ મૃત્યુ પત્રનો નાશ કરી તેની જગ્યાએ ખોટું મૃત્યુ પત્ર મુકવાનું છે? હું પ્રથમ તેના કહેવાને ના કબુલ થયો; પરંતુ તેણે મને પૈસાનો ઘણો લોભ દેખાડી છેવટે વશ કરી લીધો મને તે વખતે તેણે ત્યાંજ નગદ રકમ ઘણી આપી. અને આગળ દરસાલપાંચ હજાર આપવાના કબુલ કર્યો. હુ પૈસાના લોભથી તેના કહેવા પ્રમાણે કબુલ થયો. પરંતુ મ્હેં તેની પાસેથી એક કબુલાત કરી લીધી કે એક જામીન તરીકે તે મૃત્યુપત્ર મ્હારી પાસે રહેશે. પછી અમ્હે બંન્ને જણા હેરિસન સાહેબના હેડકલાર્ક ઉદ્ધવ બાબુ પાસે ગયા. તે સુદ્ધાં મારી પેઠે પૈસાને લીધે તેનો ભોગ થઈ પડયો. ગોવર્દ્ધને તેની મુઠીમાં પાંચ હજાર રૂપીઆ દાબ્યા. ત્યારે તેણે હેરિસન સાહેબની પેટીમાંથી અસ્સલ મૃત્યુ પત્ર ચોરી આણી અમારે સ્વાધીન કર્યું, તે પછી અમે બંન્ને જણાએ તે ઉપર બર હુકુમ હસ્તાક્ષર કાઢી એક ખોટું મૃત્યુ પત્ર તૈયાર કર્યું તેની એક નકલ અમારી પાસે રાખી તે ઉદ્ધવ બાબુપાસે આપ્યું. તેણે સાહેબની પેટીમાં પહેલાં પ્રમાણે અસલને ઠેકાણે નકલ મુકી દીધી.

વિનયઃ—પરંતુ આટલો ઘોટાળો કરી અસ્સલ મૃત્યુ પત્ર ચોરી અને તેની જગ્યાએ નકકલ મુકી ગોવર્ધનને તે-માંથી શું મેળવ્યું ?

દુર્લભઃ—વા ? અસ્સલ મૃત્યુ પત્રમાં અને ખોટા મૃત્યુ પત્રમાં ઘણોજ ફેર છે. આ જુઓ ખોટા મૃત્યુ પ-ત્રની નકકલ. આ ખરા મૃત્યુ પત્રની સાથે સરખાવી જુઓ એટલે ફરક સ્હેજ રીતે લક્ષમાં આવશે.

વિનયઃ—શું ફરક છે ! તમેજ વાંચી બતાવો,

દુર્લભ—આ જુઓ, અસ્સલમાં એમ લખ્યું છે કે, " મ્હારા મૃત્યુ પછી મારો વિશ્વાસુ કારભારી વિનયકૃષ્ણ દત્ત એણેજ મ્હારો પુત્ર નીલાંબર વીસ વર્ષનો થાય ત્યાં સુધી સર્વ મ્હારી સંપત્તિની વ્યવસ્થા જોવી." ઇત્યાદિ, ખોટા મૃત્યુ પત્રમાં તે બધું છે; ફક્ત નામનોજ ફેર છે. વિનય કૃષ્ણ દત્તને ઠેકાણે 'ગોવર્ધન ઘોષાલ' એમ લખ્યુ છે. અને નીચે પણ જ્યાં જ્યાં ઉપરી નિર્દિષ્ટ ગોવર્ધન ઘોષાલ' એમ લખ્યું છે.

વિનયઃ—આ બંન્ને પૈકી ખરી કઇ કહી શકાશે અને ખોટી કઇ કહી શકાશે.

દુર્લભઃ—હેરીસન સાહેબે ઘનશ્યામ બોસના મૃત્યુ પછી બીજે દિવસે આ બધા કાગળ ઉપર ૧૮૨૧ ના માહ મહિનાની અષ્ટમીના દિવસો મૃત્યુ થયાનું લખ્યું છે. કલકત્તાના સબ રજીષ્ટરની આફીસમાં જઇ અસ્સલ મૃત્યુ પત્રની એકનકલઅને તેનોઇંગ્રેજીમાં તરજુમોકરી લઇ તે રજીષ્ટર કર્યું છે. આ વાતની મને અથવા ઉદ્ધવ બાબુને પણ કોઇને ખબર નહોતી. હેરિસન સાહેબના મૃત્યુ પછી તેના કાગળો ફેંદતાં એ વિશે સાહેબે લખી મુકેલું ઉદ્ધવ બાબુના જોવામાં આવ્યુ. અને તેમણે ગોવર્ધનને તેની જાણ કરી, કલકત્તાના સબ રજીષ્ટર આફીસમાંના કાગળ

પત્ર મંગાવેથી ખરૂં મૃત્યુપત્ર કયું છે તે સ્પષ્ટ દેખાઇ આવશે.

વિનયઃ—ઉદ્ધવ બાબુ હાલમાં ક્યાં છે?

દુર્લભઃ-તે હાલમાં તુરંગમાં છે. ગોવર્ધન મહારાયના ઇષ્ટગુરૂ પ્રેતોદ્ધાર પરમહંસને પકડવાનું વારંટ ગયું છે. (મ્હોં ફેરવી) બંન્ને ગુરૂશિષ્ય એકજ માળાના મણકા છે.

ગોવર્ધન આટલી વખત સુધી સ્તબ્ધ હતો. તે બોલ્યો,—"તમે પણ કાંઇ આ તપાસમાંથી છુટવાના નથી. ખોટું મૃત્યુપત્ર મુળ લખ્યું કોણે? લખનાર તો તમે પોતેજ?" દુર્લભરાય આ ઉપર બોલ્યો, "તે બદલ તમે ફીકર કરશો નહિ. મને સરકારમાંથી ક્યારની ક્ષમા થઇ સરકાર તરફનો સાક્ષીદાર નેમવામાં આવ્યો છે. હવે તમેજ તમારી તજવીજ જુઓ?"

કમિશનર સાહેબ હશીને બોલ્યા, now go on!

વિનયઃ-એટર્ની હેરીસન સાહેબના મૃત્યુને હાલ ઘણા દિવસ થયા. તેમણે મરણના પહેલાં તે મૃત્યુપત્ર વિનયકૃષ્ણને—એટલે મ્હારા-સ્વાધિન કેમ કર્યું નહિ!

દુર્લભ—તે એમ સમજતા હતા કે, મૃત્યુ પત્રની બધી હકીકત તમારા જાણવામાં છે. આ શીવાય મૃત્યુ પત્રની નકલ અને તે સંબંધી તેમણે આપના નામ ઉપર વખતો વખત મોકલેલા કાગળ પત્ર ગોવર્ધનની ચાલાકીથી આપને નહિ મળતાં અધવચ ગેપ થઇ જતા. મરણ પહેલાં આ બધી હકીકત હેરિસન સાહેબના જાણવામાં આવી અને તેમણે તમને ' મૃત્યુ પત્ર ચોરીએ ગયું છે, જલદી નીકળી આવો, " એવા મતલબનો તાર કર્યો હતો. તે તમારી પાસેથી ખોવાયો હતો, ને આ જુઓ, તમને યાદ હશે કે ગોવર્ધને થાપ આપીને તાર તમારી પાસેથી લીધો હતો. પછી ગોવર્ધન તમને કલકતે લઇ ગયો, ત્યાં જઇ ઉદ્ધવબાબુની ભેટ લીધી, અસલ મૃત્યુપત્રની કાપી તમારી

પાસે આવી, ખોટું મૃત્યુપત્રજ ખરૂં છે એ બદૃલ પૈસા ખવરાવી ખોટા સાક્ષી તૈયાર કર્યા, અને કોર્ટમાં તમારી વિરૂદ્ધ કામ ચલાવી તમને સાત વર્ષની કાળા પાંણીની સજા અપાવી. એજ કારણથી તમારી પત્નિ સુમતીનો આ-પઘાત મૃત્યુ થયો. તેની પહેલાં તમારી દિકરીનુ લગ્ન વિનોદલાલ સાથે કરવા ઇચ્છા દર્શાવી ગોવર્ધન તમને દીનાજપુરમાં પોતાની સાથે લઇ ગયો ત્યાં ગયા પછી તેણે વિવાહના ખરચ સારૂ આઠ હજાર રૂપીઆ તમને આપવા અને તમારી જમીદારીનું ગામ તથા રહેવાનું ઘર ગીરો મુકવું એમ ઠરાવી તે બદલ એક દસ્તાવેજ તૈયાર કર્યો, તેની ઉપર ગોવર્ધને વાસ્તવિક મુદૃતની પહેલાં ચા-ર વર્ષ આગળની તારીખ નાંખી ગોવર્ધનેતે રજીસ્ટરકરાવી લીધુ તમે તે બાબતમાં તેના ઉપર ઘણો ભરોંસો મુકેલો તથા આપણા જેવા શ્રીમંત ઘરંદાજ માણસને પોતાનુ ગા-મ તથા ઘરગીરોં મુકવુ પડે છે એમ જાણી મન ઉદાસ કર્યું હતુ અને તેથી તે તારીખ સામે તમે વીશેષ લક્ષ પ-હોંચાડયુ નહિ, તમને શીક્ષા થયા પછી અને તમારાં પ-ત્નિ પણ મૃત્યુ પામ્યા પછી; દસ્તાવેજમાં લખેલી તારીખ આવતાંજ ગીરો મુકેલા ઘર ઉપર તથા જમીન ઉપર ડી-કી બજાવી તમારી છોકરીને તદૃન અનાથ બનાવી મુકી.?

વિનય:—ગોવર્ધને નીલાંબર બાબુને કેમ અને શા સારૂ સંન્યાસ આપી દુર દેશ શોકલ્યા એ તમે જાણતા હો તો થોડામાં કહો.

દુર્લભ:—તેમાં મુખ્ય હેતુ તેનો પ્રાણનાશ કરવાનો હતો કલકત્તા જેવા શહેરમાં એવી વાત થવાથી તેનો ભુમ-ટો થયે, તેથી ગોવર્ધને પોતાના ઇષ્ટગુરૂ પ્રેતોધાર પરમહં-સની સંન્નિધમાં નીલાંબર બાબુને જઇ રહેવા કહ્યું, પ્રેતો-દ્ધાર પરમહંસ એ પણ પોતાના કામમાં શિષ્યના કરતાં સ-વાઇ હતા, તે ગોવર્ધનની સુચના પ્રમાણે સંસારની અસા-રતા વીશે ઉપદેશ કરતા, એવી સ્થિતીમાં કેટલાક દિવસ

પછી ગોવર્ધને અનંગ મોહિનીના મૃત્યુ સંબંધી એક મોટો કાગળ લખી વિરક્ત થઇ સંન્યાસ લેવાની ઇચ્છા દર્શાવી. પ્રેતોદ્ધાર તેને હિમાલય તરફથી એક ભયંકર જગ્યામાં લઇ ગયા. જે માણસ સાથે તેણે કાગળ મોકલ્યો હતો, તેણે ગોવર્ધનની સુચના પ્રમાણે તે કાગળ કોઇને પણ ન દેખાય તેવી રીતે ફક્ત બાબુ મહાશયને બતાવી યુક્તિથી પાછો લઇ આવ્યો. હશે આગળ ત્રણ વરસ પછી ગોવર્ધને તેના નીવાસસ્થાન ઉપર તેનુ ખુન કરવા માટે બે મારાઓ મોકલ્યા. તે બધા આજ આ ઠેકાણે હાજર છે, તેમની પણ સાક્ષી લેગ્રો.

વિનયઃ—ગોવર્ધને મોકલેલા મારાઓએ તેમનુ કામ કેમ કર્યું નહિ. ?

દુર્લભ—મેં તેમનાં મન ફેરવી નાંખ્યાં અને ગોવર્ધને આપવા કહેલી રકકમ પણ મેં આપી.

વિનયઃ—તમારીજ મદદથી ગોવર્ધને ઘણા કામ કર્યા પછી તમારૂ તથા તેનુ નબનવાને વચમાં શુ કારણ થયુ ?

દુર્લભઃ—મને પાપ કર્મનો ખરા મનથી તિરસ્કાર હતો, પણ પ્રથમથી દ્રવ્ય લોભે મ્હારા મન ઉપર કાબુ બેસાડયાથી હુ ગોવર્ધનને સાહ્ય કરતો ગયો, આગળ તેનાં વીલક્ષણ કર્મ જોઇ મારૂ મન ડગમગવા લાગ્યુ. એક વખત ગોવર્ધનની તરફથી આપના (વીનય કૃષ્ણના) ઘર ઉપર ડીકી બજાવવા સારૂ ગયો ત્યારે તેમની છોકરી નીર્મળા મારી દ્રષ્ટીએ પડી એજ છોકરીએ એક વખત મારો જીવ બચાવ્યો હતો આવા આપણા ઉપર ઉપકાર કર્તા માણસનો નાશ થવાના કારણને પાત્ર થયો, એ વાત ધ્યાનમાં આવતાં મારૂ મન ફર્યું, અને ત્યારથી ગોવર્ધનના પાપી પ્રયત્ન તોડી પાડવા પાછળ હુ મહેનત કરવા લાગ્યો.

વિનયઃ—ગોવર્ધન વિશે હજુ કાંઇ વધારે કહેવા તમે ઇચ્છો છો કે ?

દુર્લભ—હા હજુ બે મહત્વની વાતો છે. નીલાંબર બાબુ પ્રમાણે તેના નાનાભાઇની તથા અનંગ મોહિના સારૂ પણ તેણે પ્રયત્ન કર્યો, ઉચ્ચ શિક્ષણ આપવાના વીચારથી વિનોદને કલકત્તે લઇ ગયો, અને ત્યાં એક બે દાકતરને પૈસા ખવરાવી વિનોદને ગાંડો કરાવ્યો અને તેને ત્યાંની ગાંડાની હોસ્પીટલમાં નંખાવ્યો આ તરફ અનંગ મોહિની બાઇને પ્રકૃતી સારી નથી એમ ઠરાવી અનંગ મોહીનીના પીવાના દુધમાં દિવસે દિવસે શરીરને ક્ષીણ કરી નાંખનારી તથા છેવટે મૃત્યુ નિપજાવનારી તારી તીક્ષ્ણ દવાની પડીકી આપવાનો ઉપક્રમ ચલાવ્યો, એ દુધ અનંગ મોહિની બાઇને ન આપવા માટે મેં તજવીજ કરી; પરંતુ જે થોડો ભાગ તેના પેટમાં ગયો હતો, તેનાથી તે બીમાર થઇ ગયાં હતાં.

વિનય— તમે જે કહો છો તે સંબંધી કાંઇ પુરાવો છે કે !

દુર્લભ—પુરાવો ? વિનોદ બાબુ વીષે જોતાં તે જરા પણ ગાંડો ન હોતો, તે સહજ રીતે સીદ્ધ કરી શકાશે અનંગ મોહિની બાઇ વિશે જે કાંઇ કીધુ તેના સબંધમાં દુધ આપનાર દુધવાળીની સાક્ષી લઇ જુઓ એટલે ગોવર્ધને શુ કીધુ હતુ તે ખબર પડશે.

આ ઉપરની હકીકત દુર્લભચંદ્રના મોંઢામાંથી નીકળતી ક્ષણે ક્ષણે સાંભળી ગોવર્ધન અધિકાધિક કાળો ઠીકરા જેવા થતો જતો હતો તે હવે હાથ જોડી નીલાંબર તરફ ધ્રુજતા અને રડતા અવાજથી બોલવા લાગ્યો. “ નીલાંબર બાબુ આપને ખબર છે કે હુ યોગાભ્યાસ શીવાય બીજા કશામાં મન ઘાલતો નથી અને મ્હારી તરફથી જે કાંઇ અનેકાનેક અપરાધ થયાં છે તેમાં કારણ યોગાભ્યાસમાં મે વધારે લક્ષ રાખવાથી તથા સંસાર તરફ ઉપેક્ષા કરવાથીજ થયાં છે. ! મને એકવાર ક્ષમા કરો, હું હવે મ્હારી મેળે

આ પછી લોક વસ્તીનો ત્યાગ કરી જંગલમાં જઇ યોગ-સાધન કરતો બેશીશ. ”

નીલાંબરે કાંઈ એક નહિ બોલતાં તેની તરફ જોઇ કીંચીત હાસ્ય કર્યું અને કમીશનર તરફ જોયુ,

દુર્લભરાય હશીને બોલ્યો “ અહો ? યોગીવર ગોવર્ધન ઘોષાલ ખરેખર તમારી ઇચ્છા હજુ યોગાભ્યાસ કરવાની છે કે ? આપના સરખા યોગીરાજ માટે [illegible] આતો ઉલ્લાસ અને નીર્જન એવી યોગશાળાઓ મુકરર ઠેકાણે નીર્માણ કરી રાખી છે, તેને ઇંગ્રેજીમાં [illegible] કહે છે; તે ઠેકાણે તમે સાત [illegible] યોગાભ્યાસ કરજો. ”

એ પછી કમીશનર સાહેબે [illegible] મ, ક્ષેમંકરી વગેરે અનેક [illegible] ચીઠ્ઠીઓ લીધી, અને ટેલ સેશન્સ કમીટ કર્યા, જ્યારથી ગોવર્ધન ઘોષાલને દુર્લભરાયે વર્ણન કર્યા પ્રમાણે એક સરકારી યોગશાળામાં દશ વર્ષ સુધી યોગ સાધન કરવા માટે જવું પડયું.

પ્રકરણ ૨૬ મું

કથાનકની પરી સમાપ્તિ

દીઠા મ્હારા આવર નદીથી હસતાં ખેલતાં શું ?
દીઠા મ્હારી ચડતી પડતી પ્રેમ ! તેં આજે શું ?

* * * * *

રે ? વેળાથી ચડતી પડતી કાંઇ એવી ય આવી ?
કમ્પે છે આ, સ્થિર નવ રહે સર્વ બ્રહ્માંડ. બ્હાલી ?

* * * * *

ઓહો ! આવા નીરસ રસમાં વિશ્વને તું વહેતાં ?
ત્હારૂં મ્હારૂં જીવિત સરખાં. પ્રેમ ના સમ્ભવેકાં !
(કલાપિ)

પુનમની રાત હતી. પૂર્ણ શશાંક પૂર્ણ રીતે ઉલ્હાસથી હાસ્ય વદન કરી પૂર્વ દિશાએ પૂર્ણોદયને પામ્યો હતો. પૂર્ણાનંદમાં નિમગ્ન થએલા કૈલાસ ભવનના સામેના ઉદ્યાન ઉપરના એક એક પુષ્પ વાટિકા પૂર્ણ પણે ખીલી હતી, વિવિધ પુષ્પ ગુચ્છ ઉપ. મંદ ગતીથી વહેતો આવતો વાયુ મૃદુ દેહને પરિમલથી પૂર્ણ કરતો હતો. અને પૂર્ણ રજની નાથ પોતાના શુભ કિરણના દ્વારથી અખિલ સૃષ્ટિ ઉપર જાણે સુધા વર્ષાવ કરતો હતો. ચંચળ પ્રવાહી ત્રિસ્રોતા નદી પૌર્ણિમાના પૂર્ણ ચંદ્રને પોતાના હૃદયમાં ધારણ કરી પૂર્ણ વેગથી તરંગરંગ કરતી વહેતી હતી.

આવા આનંદ કારક સમયમાં કૈલાસ ભવનમાંની આપણા કથી નાયકાદિક મંડળી પણ શા સારૂં અસુખમાં હશે ? તેમના પણ દુર્દિનની આજ પરિસમાપ્તિ થઇ, અને તેમના હૃદય આકાશ ઉપરનું દુઃખ તિમીર લય પામી, ત્યાં પણ આજ આનંદરૂપી ચંદ્રનો પૂર્ણ ઉદય થયો હતો.

આ વખતે કૈલાસભવનમાં એક છજા ઉપર વિનોદ અને નિર્મળા હમણાંજ ઉદય પામેલા ચંદ્રબિંબ તરફ ઉલ્હાસથી જોતાં ઉભાં હતાં. વિનોદ શુભચંદ્ર કિરણ તરફ જોતો હાસ્ય મુખ કરી નિર્મળાનો કોમળ હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો, નિર્મળા, આટલા દિવસ સુધી ત્હારા મનમાં મ્હારા વિશે શું આવતું હતું ? મને કહે જોઉ ?"

નિર્મળા ધીમેથી બોલી, "અરે આટલે મ્હોટેથી શું બોલો છો તે ? કોઇ સાંભળશે તોય શું કહેશે ? પોતાના મનમાં.

પહેલાં તમે કહો, પછી હું કહીશ"

વિનોદઃ—હં; શું કહેવાના છે કોણ સાંભળશેતો? કહેશે હવે જલદી લગ્ન થવાનાં છે; બોલતા હશે કાંઈ પણ વારૂ, શું કહે છે? હુંજ પહેલાં કહું ઠીક છે. હું કલકત્તામાં ગાંડાની હોસ્પીટલમાં હતો. તે વખતે ત્યાંના અસંખ્ય ગાંડાઓનું મ્હોટે મ્હોટેથી બરાડવું, અથવા વગર કારણે હસવુ. મારામારી કરવી, વગેરે કેટલાક નાનાતરેહના ગાંડા કૃત્ય કરતા તે જોઇ મને એમજ લાગતું હતું કે હજુ વધારે દીવસ હ્યાં રહીશ તો ખાસ કરીને હું પણ તેમના જેવો ગાંડો થઈશ? પરંતુ એટલામાં ત્હારી યાદ આવતી એટલે એમ થતું કે.—નહિ; ગાંડો થવાનું કરીશ તો તેમ ગાડા થવાશે નહિ. અને એમ પણ મનમાં આવતું કે, હું જો ગાંડો થયો તો પછી નિર્મળા શું કરશે? અને તેથીજ હું આજ સુધી ગાંડો થયો નહિ! ખરેખર તને ગાંડો વર મલે તેટલામાટેજ હું ગાંડો થયો નહિ. વારૂ ચાલ હવે કહે જોઉં ત્હારા મનમાં શું આવતું તે?

નિર્મળાઃ—મ્હારા મનમાં કે? તમે કલકત્તે ગયા પછી થોડા દિવસ વિત્યાબાદ મ્હારા બાપાને શિક્ષા થવાની હકીકત અમે સાંભળી, ત્યારે તેતો એક અમને મુકીને ગયાજ; શિવાય તે હકીકત સાંભળતાંજ મ્હારી મા બેશુદ્ધ થઇ પડી અને તેવીજ તે અમને કાયમના ત્યાં મુકી ચાલી ગઇ? અને તેજ શુમારમાં પેલા મુઆ દુષ્ટે અમારા સર્વ ઘરબાર ઉપર ટકોકે, ફ્રીકી કાંઇ કહે છે તે લાગ્યો પછી માત્ર મને મ્હારા જીવનો કંટાળો, આવ્યો, અને લાગ્યું કે વિષ ખાઇ આયાતનામાંથી છુટવું એકવાર? પરંતુ એટલામાં આપની યાદ આવતી એટલે એમ લાગતું કે, નહિ; તેમ નહિ કરવું. જો હું મરી ગઇ હોત તો તમારૂં લગ્ન થવાનું રહ્યું નહોત. તે કોઇ બીજા સાથે થયુંજ હોત અને તેથીજ હું મરી નહિ! સમજ્યા કે?"

બંન્ને જણાં હસવા લાગ્યાં. એટલામાં પાછળથી

કોઈ બોલ્યું, "અને હવે પણ મ્હેં મારા વિનોદને બીજી કોઈ કરીતો ?"

બંને જણાંએ એકદમ પુઠે વળી જોયું તો અનંગમોહીની પાછળ ઉભી હતી ? અનંગમોહિનીએ ઝટદઈ નીર્મળાનો હાથ પકડયો અને હવે વિનોદનો પણ પકડવા જાય છે એટલામાં તે દુર છટકી ગયો. નિર્મળા અનંગમોહિનીની પુઠે ઉભી રહીહતી અનંગમોહિનીએ તેની તરફ મ્હોં ફેરવતાંજ તે ફરિ તેની પુઠે જઇ ઉભી રહી. અનંગમોહિનીએ વચમાં ચપળતા વાપરી નિર્મળાને પકડી મુખ ચુંબન કરી બોલી, "નિર્મળા, મ્હારી પાસે શું કામ આટલી બધી લાજે છે ? કહે જોઉં તું વિનોદ પાસે શું કહેતી હતી તે ? કહે ? કહે લાજીશ નહિ. હજુ નથી કહેતી ? લે જે હું પછી; નતો ના કહીશ. અમે અમારા વિનોદને બીજી એકાદ સુંદર છોકરી જોઇશું. અમારૂં નહિ સાંભળનારી એવી તારા જેવી છોકરી અમને નથીજ જોઈતી." અનંગમોહિનીએ તેનો હાથ મુકી દીધો. નિર્મળા ત્યાંથી તાબડતોબ બીજી તરફ 'હાસા ગઈ. છજાની નીચેની બાજુએ નીલાંબર પોતાની ઓરડીમાં પલંગપર કાંઇ પુસ્તક વાંચતો હતો. તેને ઉદેશી અનંગમોહિની બોલી "આમ જરા ઉપર આવો જોઉં"

નિલાંબર છજામાં આવી બોલ્યો, "શું કહે છે અનંગ ?"

અનંગમોહિનીઃ—હમણાં થોડા વખત પહેલાં હાં વિનોદલાલ તથા નિર્મળા કાંઇ ધીમે ધીમે બોલતાં હતાં; એટલામાં હું તેમની પાછળ ધીમે રહીને ઉભી રહી. નિર્મળા, વિનોદલાલને કહેતી હતી "તમારી સાથે કોઇનો વિવાહ થશે એ બીકથીજ હું આજ સુધી સુઈ નહિ." મને જોઇ વિનોદલાલ છટકી ગયા, અને નિર્મળા છુપાઈ

રહી- અને ત્યારે મ્હારૂં પણ એમ કહેવું છે કે, હવે એમનાં લગ્નને વાર લગાડશો નહિ.

નીલાંબર—ઠીક છે. જે દિવસે કરવાની ત્હારી ઇચ્છા હશે, તે દિવસે કરીશું. પછી થયું કે નહિ?

* * * * * *

ઉપસંહાર.

પ્રિય વાંચક હો? થયું. અમારા કથાનકની અહિં પરિ સમાપ્તિ થઇ.

યથાવકાશ સુમુહુર્ત ઉપર વિનોદલાલ અને નિમ એ બંન્નેનું મ્હોટા ઠાટમાટથી દબદબા ભરેલી રીતથી લગ્ન થઇ વિનય કૃષ્ણ તથા અનંગમોહિનીનો ઘણા દિવસનો હેતુ પાર પડયો. આ લગ્ન જોવામાં નિર્મળાની ગતથયેલી માતા સુમતિ નહોવાથી સર્વને ખેદ લાગ્યો, પરંતુ તેને ઠેકાણે માતા પ્રમાણે પાલન કરનારી ક્ષેમંકરીએ માત્ર વિનોદને સાસુનો અભાવ લાગવા દિધો નહિ.

આ આનંદે આનંદ થવામાં આપણે અંશતઃ કારણ રૂપ થયા એમ જોઇ દુર્લભચંદ્રનાયના મનનું સમાધાન થયું.

નિલાંબરે આગળ જમીદારીની સર્વ વ્યવસ્થા વિનયકૃષ્ણ દત્તને સોંપીદીધી અને પોતે ધર્મ ગ્રંથનું અવલોકન કરવામાં વિશેષકાળ ગાળવા લાગ્યો.

વિનોદ કોલેજમાં જઇ ઉચ્ચ શિક્ષણનો લાભ લેવા લાગ્યો.

અનંગમોહિની અને નિર્મળા બન્ને દેરાણીજેઠાણી થયાં હતાં, તો પણ તે એક બીજા સાથે એટલા પ્રેમથી વર્તતાં હતાં કે તે સગી બહેનોજ છે એમ લોકને લાગતું, પોતાના દીયર ઉપર પણ પહેલેથીજ અનંગમોહિનું પ્રેમ બંધુ પ્રમાણે વર્તન હતું એ પણ લક્ષમાં રાખવાનું છે,

યોગીવર ગોવરધન ઘોષાલના ઇષ્ટગુરૂ પ્રેતોદ્ધાર પરમ હંસને પણ દૈવ દુર્વિલાસથી 'કર્મનો પરિપાક ચાખવાના દિવસ આવ્યાથી કલકત્તાની સરકારી વગર ભાડાની કોટડી જોવાનો યોગ જલદીજ આવ્યો.

* * * *

પ્રિય વાચકહો ? આ કથાનક હ્યાં પુર્ણ થયું, ઇતર કથાનક પ્રમાણે નાયક નાયિકાને એકાદ સુંદર કન્યા અથવા પુત્રરત્ન થઇ તે તેમના મૃદુ શરિરપર રમવા લાગે એટલો આપણને અવકાશ નાંધવાને લીધે હવે હ્યાંજ વિરામ પામિશું;

સમાપ્ત.

જાહેર ખબર.

થોડા દીવસમાં છપાઇને બહાર પડશે.

નપુષક ચિકિત્સક

યાને.

કમતાકાતીનો કટ્ટો શત્રુ.

નપુષક ચિકિત્સક આ પુસ્તકમાં નપુષકતાનાં તથા કમતાકાતીનાં કારણો અને તેના રામબાણ ઇલાજો તથા સ્ત્રીઓના ગુહ્ય રોગો તથા તેના ચોકસ ઇલાજો આપેલા હોવાથી દરેક મહાશયોને ઘરમાં રાખવા જેવું અત્યુતમ પુસ્તક છે. આ પુસ્તકમાં દેશી વનસ્પતીના તથા જંગલની જડીબુટ્ટીઓનાં ઇલાજો દર્શાવેલા હોવાથી દેશી વનસ્પતીની દવાઓથી સહેજ કીમતમાં સારો ફાયદો મેળવવા શક્તિવાન થવાય છે. આ ઇલાજો ખાસ રાજ્યવૈદ જૈન ગોરજી મહાત્માના ઉત્તમ અખતરા હોવાથી ચોકસ રીતે ફાયદો મળેછે તેની સંદેહ છે. વિશેશમાં શીયાળાની ઋતુને માટે વાજીકરણ પાક ઘણી જાતના દરશાવેલા હોઇ અત્યુત્તમ પુસ્તક થશે. પુસ્તકનું કદ ડીમી બારપેજી ફોર્મ ગ્લેજ ઉંચા કાગળમાં બસો ચાળીસ પાનાનું પુસ્તક થશે મુલ્ય દોઢ રૂપીઓ.

મળવાનુ ઠે.

બુકસેલર દલાલ જેઠાલાલ વાડીલાલ

સારંગપુર તળીઆની પોળ—અમદાવાદ.